# મૃત્યુ પછી આત્માની સ્થિતિ

**મૂળ લેખક : ડૉ. માઈકલ ન્યુટન**
**સંકલનકર્તા : કરસન પટેલ**

• પ્રકાશક •
**વિચારવલોણું પરિવાર**



## નિવેદન

વાચન રસિયાઓએ પુસ્તકોના અનેક પ્રકારો ગણાવ્યા છે. કેટલાક એક સમય પૂરતા મહત્ત્વના હોય છે. તે ઘડીભરના આનંદ માટે સારા હોય પણ તેની લાંબા ગાળાની કોઈ અસરો ના હોય. કેટલાક પુસ્તકો અમુક ઉંમરે જ સારા લાગે. પછીથી એને હાથમાં લેવાનું મન ના થાય. જ્યારે કેટલાક એવા હોય જેને ઉંમરના જુદા જુદા તબક્કે વાંચતા તેમાંથી નવા નવા અર્થો સમજાતા જાય. તે વર્ષો પછી પણ પ્રાસંગિક લાગે.

કાફકા જેવા લેખકો એવું માનતા કે પુસ્તકો એવા હોવા જોઈએ જે તમને ઊંડા ઘા કરે. સતત ચચરે એવી પીડા આપે. તમને ધ્રૂજાવી દે. જો તમને સમગ્રપણે ખળભળાવે નહિ તો એવા પુસ્તકો વાંચવા માટે સમય કેમ બરબાદ કરવો?

આખરે પુસ્તકો વાંચવાનો મૂળ ઉદ્દેશ તો એ જ છે ને કે આપણે આપણી આસપાસની દુનિયા વિષે જાણીએ. સમગ્ર વિશ્વને સ્પર્શે એવી સંવેદનાઓને સમજીએ! આપણા પ્રદેશના, સંસ્કારના, આગ્રહોના ચોકઠાઓને સમજીને એને યોગ્ય રીતે મૂલવીએ. એ દ્વારા જ તો આપણે વધારે સારા માણસ બનવાની દિશામાં જઈએ છીએ!

કોઈ મિત્રને લખેલા પત્રમાં ઝવેરચંદ મેઘાણીએ જે વાત કરી છે તે આ દૃષ્ટિએ જાણવા જેવી છે : ‘‘તમે વાંચવા જેવા પુસ્તકોની યાદી મંગાવો છો. હું સૂચવું તે વાંચશો? અભ્યાસનિષ્ઠ બનશો? વાર્તારસથી વાચનરસ કેળવી શકાશે નહીં. રસેન્દ્રિય તેજસ્વી તેમજ તંદુરસ્ત બનાવ્યા વગર લેવાતો વાર્તારસ જ્ઞાનની હોજરીને બગાડે. થોડા કષ્ટસાધ્ય વાચનથી હોજરીની સાફસૂફી થવી જોઈએ. પહેલા વિવેચન વાંચો. કંટાળો લાવ્યા વગર ફરી વાંચો. રસને અંતરમાં સ્થિર કરો અને કવિતા પ્રત્યેની સૂગને કોરે મૂકી થોડાં થોડાં કાવ્યોનું સતત પરિશીલન કરો. રસેન્દ્રિયમાં અમી પેદા થશે.

લાગણીતંત્રને ઝણઝણાવી મૂકનાર પુસ્તક પહેલે દરજ્જે ત્યાજ્ય ગણજો. ઊર્મિસંવેદનનો સ્થિર દીપક દિલમાં બળ્યા કરે. જ્યોત ભડક-ભડક ન થાય, તે સ્થિતિ સાચા વાચનરસની છે.

લલિત સાહિત્યના મધપૂડામાં મધુના ઉત્પાદન અર્થે આપણે જ્ઞાનકોશોની અંદર લલિતેતર જ્ઞાનસામગ્રી ભર્યા વગર છૂટકો નથી. પશુઓ અને પક્ષીઓની દુનિયા, જ્યોતિર્મય ગગન, ઈતિહાસ-સૃષ્ટિ વગેરે અંતરને અજવાળનારાં તત્ત્વોનું અજ્ઞાન રસસાહિત્યમાં રમવાની આપણી શક્તિને હણી નાખે છે. વીનવું છું કે પ્રાણીઓની, ગ્રહોની, ભૂગોળ ને ઈતિહાસની ભવ્ય દુનિયામાં ઊતરો, પછી જોજો, તમને વાર્તા વાંચવીયે ગમશે નહીં. વાંચવાની જરૂર પણ નહીં રહે, એ એવો એક નિરોગી મુગ્ધભાવ આપશે કે તમને જીવવું મીઠું લાગશે.’’

અમારો પ્રયાસ રહે છે કે અમે આવા પુસ્તકો તમને આપીએ.

મકર સંક્રાત **મુનિ દવે**

પ્રમુખ - વિચારવલોણું પરિવાર, ફોન : ૦૭૯-૨૬૭૫૧૩૫૭

## મૃત્યુ પછી આત્માની સ્થિતિ

આપણે મૃત્યુ પામીએ પછી આપણું શું થાય છે એ જાણવાની ઉત્કંઠા દરેક મનુષ્યને હોય છે. આપણાં ધાર્મિક પુસ્તકોમાં એક પુસ્તક ગરુડ પુરાણ છે, જેમાં આ બાબત ચર્ચવામાં આવી છે. એમાં મૃત્યુ પછી જીવને કાળા બિહામણા યમદૂતો યમલોકમાં લઈ જાય છે ને ચિત્રગુપ્તના ચોપડામાં નોંધાયેલાં એનાં દુષ્કૃત્યો બદલ જે સજાઓ કરવામાં આવે છે તે વાંચી થથરી જવાય. ભડભડતા અગ્નિમાં નાંખવો, ગૂંગળાવી દેતા ઉકળતા પાણીમાં પધરાવવો, તીક્ષ્ણ હથિયારો એના શરીરમાં ઘોંચવાં, ખીલાઓ જડેલી પાટ પર સુવાડી ઉપરથી ઘણના ઘા કરવા, રુધિર અને માંસ ભરેલી ખાઈઓમાંથી ઘસડવો વગેરે. આપણે સૌ ઓછા વત્તા અંશે કોઈ ને કોઈ પ્રકારનાં પાપ કૃત્યો કરીને તો ગયેલા હોઈએ જ છીએ, એટલે મૃત્યુ પછી આપણી પણ દશા એવી થઈ શકે એવો ભય આપણને ભલે સતાવતો ન હોય. પણ કોઈ અજ્ઞાત કારણોસર પણ આપણે મૃત્યુથી ડરતા હોઈએ છીએ ખરાં.

પુરાણકાળમાં માનવી ઓછા બુદ્ધિશાળી હોવાથી પ્રમાણમાં વધુ સરળ અને શ્રદ્ધાવાન હતો. એટલે ગરુણપુરાણ અને એવાં બીજાં ધાર્મિક પુસ્તકો એને સીધા માર્ગે ચાલવા ડરાવનારા બન્યાં હતાં એ હકીકત છે. પણ હવે વિજ્ઞાનયુગમાં એ વધુ ચતુર બન્યો છે, વધુ જટિલ બન્યો છે ને ઓછો શ્રદ્ધાવાન બન્યો છે. એટલે પુરાણ પુસ્તકો પર એને શ્રદ્ધા ન બેસે એ સ્વાભાવિક છે. આમ છતાં હિંદુસ્તાનની વાત કરીએ તો માણસ ભણેલા વર્ગનો હોય કે અભણ, શહેરી હોય કે ગ્રામવાસી, એમાંનો ૯૦ ટકા વર્ગ હજુ પુરાણા ખ્યાલો, માન્યતાઓ, ક્રિયાકાંડો અને વિધિવિધાનમાંથી બહાર આવી શક્યો નથી.

પશ્ચિમના જગતમાં સ્થિતિ આપણાથી બહુ સારી કહેવાય એવી નથી. ધાર્મિક અંધશ્રદ્ધા ને કટ્ટરતા ત્યાં પણ છે, ને સાથે સાથે નાસ્તિકતાની કટ્ટરતા પણ એટલી જ વ્યાપ્ત છે. આમ છતાં પરસ્પરની સાથેના વ્યવહારનાં ધોરણ ખૂબ ઊંચા હોવાથી ઝનૂનપૂર્વકના વિગ્રહો હવે ત્યાં બહુ ઓછા છે. વિજ્ઞાનનું પ્રભુત્વ સમાજ પર ઘણું હોવાથી જે બાબતો વૈજ્ઞાનિક રીતે સિદ્ધ ન થઈ શકે આ બાબતોમાં તેઓ વિશ્વાસ ધરાવતા નથી. આમ છતાં મૃત્યુનો ડર ત્યાં પણ બધાને લાગે છે. ખ્રિસ્તી ધર્મ પુનર્જન્મમાં ન માનતો હોવાથી ને જેઓ ધર્મમાં બહુ શ્રદ્ધા ન ધરાવતા હોય તેવાઓ પણ મૃત્યુ પછી આપણું શું થાય છે તે જાણતા ન હોવાથી દરેકને મૃત્યુનો ડર ખૂબ જ લાગતો હોય છે.

બીજા વિશ્વયુદ્ધ પછી મનોવિજ્ઞાનના ક્ષેત્રમાં ખૂબ પ્રગતિ થઈ છે. ને આશ્ચર્ય પમાડે એવી વાત એ છે કે તે ધાર્મિક વિચારધારાને નકારતા સામ્યવાદી દેશ રશિયામાં સ્ટાલિનની અનુમતિથી થઈ. સ્ટાલિનકાળમાં જ રશિયાના વિવિધ પ્રાંતોમાં મનોવિજ્ઞાન ક્ષેત્રે શોધો કરવા કેન્દ્રો સ્થપાયાં ને ખૂબ ગુપ્તતાપૂર્વક સંશોધનો થતાં રહ્યાં. આયર્ન કર્ટનને લીધે પશ્ચિમના જગતને આની જાણ ઘણાં વર્ષો પછી થઈ. પરિણામે અમેરિકાએ રશિયાની અનુમતિથી પોતાના ટોચના મનોવિજ્ઞાનીઓની એક ટુકડીને રશિયામાં અભ્યાસ માટે મોકલી. એ લોકો ત્યાં મનોવિજ્ઞાન ક્ષેત્રે થયેલી પ્રગતિ જોઈ છક થઈ ગયા. જેનો રીપોર્ટ Psychic Discoveries Behind Iron Curton નામના દળદાર પુસ્તકમાં છપાયેલો છે, જે વાંચવા જેવો છે.

અમેરીકા પણ મનોવિજ્ઞાન ક્ષેત્રે અભ્યાસ તો કરી જ રહ્યું હતું, પણ રશિયનો એમનાથી દશકો આગળ હતા. બસ પછી તો પૂછવું જ શું! આખું પશ્ચિમનું જગત અબજો ડોલરની મૂડી લઈ આ ક્ષેત્રમાં તૂટી પડ્યું. પરિણામે ઘણી નિમ્નોક્ત મનોવૈજ્ઞાનિક પદ્ધતિઓનો વિકાસ થયો છે :

(૧) હીપ્નો થેરાપી (૨) રિગ્રેશન (૩) પાસ્ટ લાઈફ રિગ્રેશન
(૪) લાઈફ બિટવિન લાઈફ (૫) સ્પિરિચ્યુઅલ રિગ્રેશન
(૬) ટ્રાન્સ પર્સનલ રિગ્રેશન વગેરે ...

આ પુસ્તિકા વૈજ્ઞાનિક અભિગમ ધરાવતા આસ્તિક-નાસ્તિક વર્ગની વિચારસરણી વધુ વિસ્તૃત બને, વધુ ઉદાર બને, એ હેતુથી બે પુસ્તકોના સંકલનરૂપે લખાઈ છે. એક પુસ્તકના લેખક ભારતીય છે, શ્રી સોલી એન. તાવરિયા જે થોડાં જ વર્ષો પૂર્વે દેહાતીત થયા એમના પુસ્તક The Purpose of Birth and Death માંથી મારા લખાણનો આધાર મેં લીધો છે.

બીજું પુસ્તક છે Journey of Souls જેના અમેરિકન લેખક છે Michael Newton જે હજુ હયાત છે અને અમેરિકામાં હીપ્નો થેરાપીસ્ટ તરીકે પ્રેક્ટિસ કરે છે.

પહેલું પુસ્તક પાતંજલ યોગ સૂત્ર, ભગવદ્ ગીતા અને બીજાં ધાર્મિક પુસ્તકોના સંદર્ભે ટાંકી લેખકના પોતાના અનેક જન્મોના અનુભવો અને યોગ સાધનાના પરિપાક રૂપે લખાયેલું છે. બીજું પુસ્તક પણ લેખકની ૩૦ વર્ષની પ્રેક્ટિસ દરમિયાન હજારો વ્યક્તિઓના વૃતાંતો પરથી લખાયેલું છે.

તમને થશે કે પૂર્વની પરંપરાગત માન્યતાઓ અને પશ્ચિમની આધુનિક વિજ્ઞાનની પદ્ધતિઓથી મેળવેલા જ્ઞાનને હું ભેળસેળ કરી ખીચડો તો નથી કરી રહ્યો? ભઈલા, એ નથી ખીચડો કે ભેળસેળ. એક ગ્રંથ અમુક બાબતોને અમુક હદ સુધી લઈ જાય છે ને ત્યાં છોડી દે છે. બીજો ગ્રંથ એમને ત્યાંથી ઊચકી આગળ વધે છે. ને જે બાબતો પેલાએ છોડી દીધેલ એના પર એ વધુ પ્રકાશ પાડે. બંને ગ્રંથોની હકીકતોમાં કેટલીક સામ્યતા છે તો કેટલીક બાબતોમાં તેઓ ઘણા જુદા પડે છે. પણ આમ તો બનવાનું જ. કારણ જે માર્ગ અગમ્ય છે, અગોચર છે કે માર્ગે ગયેલી કોઈ વ્યક્તિ કહે કે ત્યાં આવું આવું છે ને બીજી વ્યક્તિ કહે કે મેં જોયું તે તેવું છે તો આપણે આપણી વિવેકબુદ્ધિ વાપરી સાર કાઢવાનો કે ત્યાં શું હોઈ શકે.

તો ચાલો, આપણે પહેલાં પરદેશીની વાત પહેલાં લઈએ. કારણ આપણી પરંપરાઓથી તો આપણે વત્તે ઓછે અંશે પરિચિત છીએ જ. એટલે શ્રી તાવરિયાજીના એમના પુસ્તકના સારને પાછળથી જોઈશુ.

## સંમોહન પદ્ધતિ

ડૉક્ટર માઈકલ ન્યૂટન જે સંમોહન વિદ્યાનો ઉપયોગ કરે છે તે કેવી રીતે કામ કરે છે તે ટૂંકમાં જોઈએ. આપણા મનની ત્રણ અવસ્થાઓ છે. જાગ્રત, અર્ધચેતન અને પૂર્ણચેતન. એકબીજાને ઘેરી લેતાં ત્રણ વર્તુળની કલ્પના કરો. સૌથી બહારનું જે વર્તુળ છે તે આપણું જાગ્રત મન છે. આપણે જે કાંઈ જોઈએ, સાંભળીએ, અનુભવીએ એનું વિશ્લેષણ કરી-સમીક્ષા કરી શું નિર્ણય લેવો તે જાગ્રત મન નક્કી કરે છે. આપણો બધો જીવનવ્યવહાર આ જાગ્રત મન ચલાવે છે. એની અંદરનું બીજું વર્તુળ તે અર્ધચેતન મનનું છે. આ મનમાં આપણા હાલના જીવનના આખા ભૂતકાળની તેમજ પાછલા અનંત અવતારોમાં બનેલા બધા બનાવોની સ્મૃતિઓ સંઘરાયેલી હોય છે. સૌથી અંદરનું વર્તુળ જે ત્રીજું વર્તુળ છે તે પૂર્ણ ચેતન મનનું છે. ને તે આપણો આત્મા ખુદ છે. સંમોહન વખતે આ પૂર્ણ ચેતન મનનો એટલે કે આત્માનો સંપર્ક સાધી આપણા આખે આખા ભૂતકાળની અનંત જન્મોની માહિતીને કુશળતાપૂર્વક બહાર કાઢવામાં આવે છે. સંમોહક (Hypnotist) આ કેવી રીતે કરે છે તે જોઈએ.

જ્યારે વ્યક્તિ જાગ્રત અવસ્થામાં હોય છે ત્યારે એના મગજના તરંગો વૈજ્ઞાનિક ભાષામાં બીટા સ્તરના હોય છે. સંમોહન વખતે તે આલ્ફા સ્તરના થાય છે. હજુ ઊંડા સંમોહનમાં લઈ જવાય ત્યારે તે થીટા સ્તરના થાય છે. (સમાધિ અવસ્થા કદાચ આ હોઈ શકે.) આ અવસ્થામાં વ્યક્તિ ગાઢ નિંદ્રામાં સરી પડેલી હોતી નથી, ને તેથી તેના આત્માનો સંપર્ક અર્ધચેતન મનથી છૂટી ગયેલો હોતો નથી. આથી આપણા પ્રશ્નોના જવાબ અર્ધચેતન મનમાં સંઘરાયેલી અનંત જન્મોની માહિતીમાંથી તે આપી શકે છે. આ અવસ્થામાં વ્યક્તિ ભૂતકાળમાં જ્યારે અમુક બનાવ બન્યો તે વખતે હાજર હોય એમ બનાવને જોઈ શકે છે, સંવાદો સાંભળી શકે છે અને વાતાવરણને અનુભવી શકે છે. આથી તે જે કંઈ જવાબો આપે છે તે સત્ય હોય છે, તે ઉપજાવી કાઢેલા કે જુઠા હોતા નથી. વ્યક્તિ કશું છુપાવી શકતી નથી. હા, એ સંભવ ખરું કે તે જે જુએ છે એનું ખોટું અર્થઘટન કરતી હોય એવું બને.

## શ્રી માઈકલ ન્યુટનની રીત :

પશ્ચિમના દેશોમાં શરીર વિજ્ઞાન ખૂબ વિકસીત થયું છે. આથી જ્યારે કોઈ વ્યક્તિ પોતાને પજવતા કોઈ રોગના ઉપચાર માટે ડૉક્ટર પાસે જાય છે ત્યારે વિવિધ નિદાન પદ્ધતિઓ દ્વારા એના રોગનું મૂળ કારણ શોધવામાં આવે છે ને પછી ઉપચાર કરવામાં આવે છે. આમ છતાં જ્યારે બધી નિદાન પદ્ધતિઓ દર્દીના રોગનું ખરું કારણ શોધવામાં નિષ્ફળ જાય ત્યારે ડૉક્ટરો એ નિર્ણય પર આવે છે કે રોગને શરીર સાથે કોઈ સંબંધ નથી, પણ મન સાથે છે ને



તેથી તેઓ એને કોઈ મનોચિકિત્સક (Hypnotherapist) પાસે જવાની સલાહ આપે છે. શ્રી માઈકલ ન્યુટન આવા એક સંમોહક મનોચિકિત્સક છે.

સારવાર અર્થે આવનાર વ્યક્તિને તેઓ પોતાના ક્લિનિકમાં આરામદાયક ઓરડામાં રખાયેલી ખાસ પ્રકારની ખુરશીમાં સુવાડે છે. વાતચીતને નોંધવા માટે આધુનિક સાધનોને ઉપયોગમાં લેવાય છે. વ્યક્તિને સૂચનો આપતા જઈ તેઓ વ્યક્તિને સંમોહન વડે થીટા રેન્જમાં લઈ જાય છે. આ અવસ્થા સમાધિ અવસ્થાની સમકક્ષ ગણાય. પછી તેઓ વ્યક્તિને તેની હાલની ઉંમરથી પ્રશ્નો પૂછતા પૂછતા ભૂતકાળનાં વર્ષોમાં લઈ જાય છે. બાર વર્ષની વયે એના ઘરમાં કેવું ફર્નિચર હતું, દસ વર્ષની વયે એને કેવાં કપડાં પહેરવાં ગમતાં હતાં, સાત વર્ષનો હતો ત્યારે કેવાં રમકડાં ગમતાં હતાં, બે કે ત્રણ વર્ષનો હતો ત્યારે બનેલા કોઈ બનાવની યાદ હોય તો તે પૂછે છે. આમ સંમોહક માધ્યમને ક્રમે ક્રમે ઊંડા ભૂતકાળ તરફ ધીરે ધીરે દોરતો એ એની માતાના ગર્ભમાં હતો ત્યારે કોઈ બનાવ બન્યો હોય તેની યાદ હોય તો તે પણ પૂછે છે. પોતે માતાના ગર્ભમાં આવ્યો તે પહેલાં પાછલા જન્મના શરીરનું મૃત્યુ થયેલું અને મૃત્યુ પછી જે બનેલું તે બધી યાદો માધ્યમને હોય છે, જે આથી સંમોહક એને કુનેહભરી રીતે પાછલા અનેક જન્મો અંગે પ્રશ્નો પૂછી એ વખતે શું શું બન્યું તે જાણે જોતો હોય તેમ માધ્યમ પાસેથી વર્ણન કરાવે છે. શ્રી માઈકલે માનસિક દર્દીના જીવાત્મા સાથે કરેલો આવો એક સંવાદ પાના નં. ૧૨ પર નોંધાયેલો છે.

**નોંધ :** હિંદુ શાસ્ત્રો મનુષ્ય ત્રણ ચીજોનો બનેલો છે એમ માને છે, સ્થૂળ શરીર, સૂક્ષ્મ શરીર અને આત્મા. પશ્ચિમનું વિજ્ઞાન મનુષ્ય બે ચીજોનો બનેલો છે એમ માને છે, સ્થૂળ શરીર અને આત્મા. આપણાં શાસ્ત્રો આત્માને બ્રહ્મનો અંશ માને છે ને તેથી તે જે દેહમાં જન્મ લઈને આવે છે તેમાં અસંગ રહી – દૃષ્ટાભાવે રહી સૂક્ષ્મ શરીરનો દોરવણી નીચે સ્થૂળ દેહ વડે કરાયેલાં કૃત્યોને સાક્ષી ભાવે જોતો રહે છે એમ તેઓ માને છે. જ્યારે પશ્ચિમ, આત્મા જ બધું સ્થૂળ દેહ પાસે કરાવે છે એમ માને છે. આથી જ્યાં જ્યાં લેખકે soul શબ્દ વાપર્યો છે એની જગાએ મેં જીવાત્મા શબ્દ વાપર્યો છે. જીવાત્મા એટલે વ્યક્તિનું સૂક્ષ્મ શરીર. જે જે કૃત્યો થાય છે, જે જે ભોગો ભોગવાય છે તે બધાં સૂક્ષ્મ શરીર વડે થાય છે. આત્મા માત્ર સાક્ષી ભાવે એમાં રહે છે, ને એની હાજરીથી સૂક્ષ્મ દેહને જે તે કૃત્યો કરવાની જાગૃતિ રહે છે. તો ચાલો આપણે શ્રી માઈકલે સંમોહનમાં મૂકાયેલી વ્યક્તિઓના જીવાત્માઓ પાસેથી મેળવેલી હકીકતોને ક્રમવાર જોઈએ.

## મૃત્યુ :

વ્યક્તિ જ્યારે મૃત્યુ પામે છે ત્યારે એનો જીવાત્મા સ્થૂળ શરીરમાંથી બહાર નીકળે છે. એ એના મૃત શરીરની ઉપર ઘુમરાય છે. એ એનાં સ્વજનોને રડારોળ કરતાં જુએ છે, ને સમજી શકતો નથી કે તેઓ કેમ કલ્પાંત કરે છે. કારણ એને પોતાને હજુ ખબર પડી નથી

હોતી કે એણે સ્થૂળ દેહ છોડ્યો છે. એ એમને સાંત્વન આપવા પ્રયત્ન કરે છે. પણ એ બોલી શકતો નથી, પણ એના વિચારો તરંગરૂપે સ્વજનો પાસે જતા હોય છે, અલબત્ત તેઓ એમને ઝીલી શકતાં નથી. જો તેઓ વધુ સ્વસ્થ હોત તો જીવાત્મા એમનો માનસિક સંપર્ક સાધી શકત. બીજું, એને હવે એ ખબર પડી ગઈ હોય છે કે એ તેમને જીવાત્મા લોકમાં ફરીથી મળવાનો જ છે. પોતે જાણે કે એક નાનકડી મુસાફરી માટે જઈ રહ્યો છે. એના માટે આટલી રડારોળ શા માટે?

મૃતકના જીવાત્માને એના શરીરનું શું કરવામાં આવે છે એની ખાસ પડી હોતી નથી - બાળી દો, દાટી દો, વહેતી નદીના પાણીમાં વહાવી દો કે પક્ષીઓને ખવડાવી દો (પારસીઓ) વગેરે. એનો અર્થ એ નહિ કે એ લાગણીશૂન્ય બની ગયો હોય છે. પણ કારણ કે એ હવે મૃત્યુની અનિવાર્યતા સમજી ચૂકેલો હોય છે. આમ છતાં સંબંધીઓ અને મિત્રો એના અર્થપૂર્ણ જીવનને માનભેર યાદ કરતાં હોય તે એને ગમતું હોય છે.

મૃત્યુ પછી બધા જીવાત્માઓ જીવાત્મા લોકમાં (Spirit World) જાય છે. પણ જીવાત્મા મૃત્યુ પછી તરત જ જીવાત્મા લોકની સફરે ઉપડી જતો હોતો નથી. એ થોડાક દિવસ અવકાશમાં આમ તેમ ભમતો રહેવા ઈચ્છતો હોય છે. પૃથ્વી પર આમ રહી પડવા માટે દરેક જીવાત્માને જુદાં જુદાં કારણ હોય છે. દા.ત. કોઈનું ખૂન થયું છે અથવા કોઈ અકસ્માતમાં અકાળ મૃત્યુ પામ્યો છે. આવો જીવાત્મા ખૂબ ગુસ્સામાં હોય છે અથવા ગૂંચવણમાં પડેલો હોય છે. આથી તે પૃથ્વીનું વાતાવરણ તરત જ છોડવાના મૂડમાં હોતો નથી. લાંબી માંદગી પછી અચાનક આવતા મૃત્યુના કિસ્સાઓમાં પણ જીવાત્મા સ્થળ છોડવાના મૂડમાં હોતો નથી. ત્યાં એ એટલા માટે રહેવા માગતો હોય છે કે એ પોતાનાં દુઃખી સ્વજનોને કંઈક આશ્વાસન આપી શકે. પોતાનાં પ્રિયજનો પોતાના મૃત્યુથી ખૂબ શોક પામ્યાં છે તે એ જુએ છે, પણ પોતે પોતાના મરણથી શોક પામતો હોતો નથી. કારણ એને હવે ખબર પડી ગઈ હોય છે કે એનાં સ્વજનો અને નજીકના ગાઢ મિત્રોને એ ટૂંક સમયમાં જીવાત્મા લોકમાં ફરીથી મળવાનો છે. (પૃથ્વી પરનાં વર્ષો જીવાત્મા લોકમાં મિનિટો સમાન હોય છે.) વળી એને એ વાતની ખબર છે કે પોતે જીવાત્મા લોકમાં પોતાની પ્રવૃત્તિઓમાં વ્યસ્ત હશે તો ય જો એનાં સ્વજનો યાદ કરશે તો તરત જ તે ક્ષણે જ તે એમનો સંપર્ક સાધશે જ. સવાલ માત્ર એનાં સ્વજનોએ માનસિક રીતે હળવા થવાનું છે, અને પોતાનાં મનને થોડાક સમય માટે દુઃખ-શોક તથા અન્ય જે કંઈ લાગણીઓ હોય તે હટાવી સ્વચ્છ કરવાનાં હોય છે, જેથી એનો સંપર્ક અનુભવી શકાય.

જીવાત્માને જ્યાં સુધી એ વાતની ખાતરી ન થાય કે જે વ્યક્તિ એને ખરા અંતરથી ચાહતી હતી ને જે હવે ઊંડા શોકમાં છે એને એવો અનુભવ થાય કે મરનાર પ્રિયજન પોતાની સમીપમાં જ છે ત્યાં સુધી એ મૃત્યુના સ્થળથી દૂર જતો નથી. વળી મૃતકનો જીવાત્મા પોતાની ઉર્જાનો આંચળો પોતાની પ્રિય વ્યક્તિ પર ઓઢાડતો હોય છે ને એની ઉર્જા શોક



કરતી વ્યક્તિની ઉર્જા સાથે ભળતાં વ્યક્તિનો શોક ઓછો થતો જાય છે.

એ પણ જોવામાં આવ્યું છે કે મૃતક પત્નીનો પતિ પાછળથી બીજી કોઈ સ્ત્રીના પ્રેમમાં પડે તથા લગ્ન કરે તો મૃતકના જીવાત્માને તે ખૂબ ગમતું હોય છે. પ્રેમનું ખરું પારખું એ જ છે કે તમે સામી વ્યક્તિને ખુશ જોવા માટે જ પ્રેમ કરતા હતા, ને નહિ કે તમને એના તરફથી ખુશી મળે એટલા માટે. ઘણી વાર પોતાના મૃત્યુથી જે જીવનસાથીને પોતે ઝૂરતો મુકીને મૃત્યુ પામી છે એનો પરણવાયોગ્ય બીજી વ્યક્તિ સાથે એ ભેટ પણ કરાવતી હોય છે.

મૃતકનો જીવાત્મા પોતાના પ્રિયજનને એના સ્વપ્નોમાં મળવા આવતો હોય છે. સ્વપ્નમાં જાગીને જે કંઈ જોયું તે લખી લેવાનું ભૂલી જવાતું હોવાથી મુલાકાતની વાત ભૂલાઈ જાય છે. મૃતકનો જીવાત્મા પોતાનું પ્રિયજન જે નિદ્રાધીન છે તેના પર પોતાની ઉર્જા કેન્દ્રિત કરતો હોય છે. આથી વ્યક્તિ જ્યારે જાગે ત્યારે એને લાગે છે કે એનું પ્રિયજન જે મૃત્યુ પામ્યું છે તે એને મળવા આવ્યું હતું. પ્રેમ ખૂબ ગાઢ હોય તો આવાં સ્વપ્નો બે-ચાર વાર આવે છે, જેથી વ્યક્તિને ખાતરી થાય કે પોતાની પ્રિય મૃતક વ્યક્તિ હજુ પોતાની આજુબાજુમાં જ છે.

આ ઉપરથી આપણે પોતાને પ્રશ્ન પૂછવો જોઈએ કે મૃત્યુને ભેટવા મારે કેવી તૈયારી કરવી જોઈએ. આપણે લાંબુ જીવીએ કે ટૂંકું, મરવાનું તો એક દિ' છે જ. ને મૃત્યુ કેવી રીતે આવવાનું છે તે આપણે અગાઉથી નક્કી કરીને આવેલા હોઈએ છીએ. (આ વિગત આગળ જતાં કહેવામાં આવશે) સામાન્ય રીતે લાંબી માંદગી બાદ મૃત્યુ આવે તો આપણે એના માટે તૈયાર હોઈએ છીએ ને ઘણી વાર ભગવાન પાસે મોત પણ માંગતા હોઈએ છીએ. પણ જો મૃત્યુ અચાનક અણધાર્યુ આવી પડે તો? તો મૃત્યુથી મળતો આંચકો, એનો વિરોધ અને એમાંથી નિપજતો વિષાદ એ બધામાંથી આપણું મન ઝડપથી ટૂંકો રસ્તો શોધી લેતું હોય છે. ને આપણી ચેતના સાથે ભળી જવાનું શીખવતું હોય છે. આમ મૃત્યુ એ આધ્યાત્મિક જાગૃતિ માટેનો શ્રેષ્ઠ અવસર છે. કારણ મૃત્યુ આપણને આપણો આત્મા જે કાલાતીત સમય (Eternity) સાથે જોડાયેલો છે એનો અનુભવ કરાવે છે. આપણે વારંવાર મૃત્યુ પામતા દેહ નથી, પણ અજર, અમર, અવિનાશી, આનંદ સ્વરૂપ, સર્વજ્ઞ બ્રહ્મના જ એક અંશ છીએ એનો અનુભવ મૃત્યુ આપણને કરાવે છે.

**જીવાત્મા લોકના મહાદ્વારે :**

અગાઉ કહ્યું તેમ જીવાત્માને જ્યારે ખાતરી થાય કે પોતાનાં સ્વજનોએ સ્વસ્થતા પ્રાપ્ત કરી લીધી છે, ત્યારે એ પરલોકની યાત્રા માટે પૃથ્વીનું વાતાવરણ છોડવા તૈયાર થાય છે. જીવાત્મા દેહ છોડે ત્યારથી જ એના પર લોહચુંબક જેમ ખેંચતું હોય એમ એને એક અદૃશ્ય શક્તિનું ખેંચાણ થતું હોય છે. આથી હવે તે પૃથ્વીનું વાતાવરણ છોડી અવકાશમાં

તરતો-તરતો આગળ વધે છે, ઉપર ચઢે છે. પોતે એક લાંબી ટનલમાંથી (બોગદું) ખૂબ ઝડપથી પસાર થતો હોય એવો અનુભવ એને થાય છે. ટનલમાં ભૂખરો રંગ હોય છે ને સામેના છેડે પ્રકાશનું વર્તુળ દેખાય છે. જેમ જેમ એ આગળ વધે છે તેમ તેમ તે વર્તુળ મોટું થતું જાય છે. ખૂબ ઝડપથી એ આગળ વધતો જાય છે ને છેવટે ટનલમાંથી બહાર નીકળે છે. ટનલની બહાર ઝાંખો વાદળઘેર્યો પ્રકાશ હોય છે, આછું ધુમ્મસભર્યું વાતાવરણ હોય છે. જીવાત્મા એમાં આગળ વધે છે. આ સ્થળ એકદમ શાંત છે. અહીં એને વિચારોનાં મોજાં મળતાં જાય છે. એ વિચારો મિત્રાચારી ભર્યા છે, સમજદારી ભર્યા છે, ઉત્સાહવર્ધક છે, સચેત કરે એવા હોય છે. જીવાત્માને હવે ખબર પડે છે કે પોતે ખરેખર કોણ છે ને અહીં શા માટે આવ્યો છે. પોતે મૃત્યુ પામ્યો છે, એવું એને લાગતું નથી, પણ પૃથ્વી પર બંધનકર્તા જે સ્થૂળ શરીર હતું તેનાથી મુક્ત થઈ પોતે અહીં આવ્યો છે એનો અનુભવ-એની ખાતરી એને થાય છે. જે જીવો નવાસવા અને બિનઅનુભવી હોય છે તેઓ આજુબાજુ નજર નાખતા ધીરે ધીરે આગળ વધે છે. જ્યારે જે જીવો અનુભવી હોય છે તેઓ પોતાના ચિરપરિચિત સ્થળે પાછા આવ્યા છે એ હકીકત સ્વીકારી સ્વસ્થતાથી અને ઝડપથી આગળ વધે છે. જીવાત્માની સાથે પૃથ્વી પર અને બીજા ગ્રહોમાંથી વિવિધ સ્થળોએ મૃત્યુ પામી જીવાત્મા લોકમાં આવતા અન્ય જીવાત્માઓ પણ ખૂબ મોટી સંખ્યામાં આગળ વધતા હોય છે. જીવાત્માલોક (Astral Planes) પ્રકાશની જુદી-જુદી ઝાંયવાળા સ્તરોનું બનેલું હોય છે. જીવાત્મા પોતાના વિકાસની કક્ષા અનુસાર એમાંના કોઈ એક સ્તરમાં દાખલ થાય છે ને તે તેમાં આગળ વધે છે. ત્યાં એને કોઈ ખેંચતું હોય એવો અનુભવ એને થાય છે. (યમદૂતો ગળામાં દોરડું નાખી એને ઘસડી જતા હોય એવો નહિ, હોં કે!) એને અહીં સંગીતમય અવાજો સંભળાય છે ને સાથે સાથે સુગંધ અને સ્વાદનો અનુભવ પણ થાય છે. સ્થૂળ દેહની ઈન્દ્રિયોનાં અંગ ભલે નાશ પામ્યાં, પણ જીવાત્માના સૂક્ષ્મદેહની પંચેદ્રિયો હજુ અકબંધ રહેલી હોય છે. તેથી સુગંધ, સ્વાદ, નાદ વગેરેનો અનુભવ એને થાય છે.

જીવાત્માઓ જેમ જેમ આગળ વધતા જાય તેમ તેમ રસ્તામાં એમને મહેલો, પહાડો, ફૂલોના બગીચા, સાગરકિનારા (Beaches) અને પૃથ્વી પર જે ચીજોથી તેઓ આનંદ પામે છે એ બધાં દેખાય છે. સૂક્ષ્મ જગતમાં આવી સ્થૂળ વસ્તુઓ હોય નહિ, પણ પરમાત્મા કરૂણાવશ થઈ જીવાત્માઓ માટે આવો આભાસ ઊભો કરે છે, જેથી જીવાત્માઓ નવા વાતાવરણમાં જલદીથી થાળે પડી શકે. જે જે ગ્રહો પર આપણે જીવન વીતાવ્યાં હોય એમની સ્મૃતિ આપણને ક્યારે ય છોડી જતી હોતી નથી. તે આપણા સૂક્ષ્મ દેહ-મનસ્‌ના મનમાં કાન ફૂંકણી કરીને (Whisper) કંઈ ને કંઈ કહેતી જ રહેતી હોય છે. એવી જ રીતે આપણે જ્યારે સ્થૂળ દેહ ધરીને જીવતા હોઈએ છીએ ત્યારે જીવાત્મા લોકમાં આપણે જે જીવન વિતાવ્યું હોય છે એની સ્મૃતિઓ પણ આપણા મનમાં અવારનવાર આવતી હોય છે, જેને આપણે ચિત્રવિચિત્ર સ્વપ્નો રૂપે જોતા હોઈએ છીએ.



એવી માન્યતા છે કે જીવાત્માઓ દેહના મૃત્યુ પછી સર્વજ્ઞ બની જાય છે. (આત્મા સર્વજ્ઞ ખરો, પણ સૂક્ષ્મદેહ નહિ.) પણ બધા કિસ્સામાં એવું હોતું નથી. કારણ નવી જગ્યા અને નવા વાતાવરણમાં ગોઠવાઈ જવા માટેનો સમય બધાનો અલગ અલગ હોય છે. ને તેનો મુખ્ય આધાર મૃત્યુ વખતના સંયોગો, હમણાં જ વીતાવેલા જન્મ સાથે સંકળાયેલી સ્મૃતિઓ સાથેનો લગાવ, આસક્તિઓ અને વ્યક્તિની સાધનાનું સ્તર કેવું હતું એ પર રહે છે.

જે વ્યક્તિ નાની ઉંમરે અચાનક મૃત્યુ પામી હોય તે જીવાત્મા લોકમાં આવે ત્યારે ખૂબ ગુસ્સામાં હોય છે. કારણ એનાં નજીકનાં સ્વજનોને અગાઉથી સંકેત આપ્યા વગર એનું મૃત્યુ થયેલું હોવાથી તે ભારે ગૂંચવણમાં હોય છે, ને તે ચિતભ્રમ જેવી અવસ્થામાં હોય છે. તે મૃત્યુ માટે તૈયાર ન હોવાથી શોકાતુર હોય છે ને એને એમ લાગે છે કે એને એનાં સ્વજનો પાસેથી છીનવી લેવાયો છે.

આવા આકસ્મિક મૃત્યુ પામેલા જીવાત્માઓ જેઓ પોતાનું જીવનકાર્ય અધવચ્ચેથી છોડીને આવેલા હોય છે એમને જીવાત્મા લોકમાં સૌ પહેલાં જે વ્યક્તિ મળે છે તે એમનો ગાઈડ હોય છે. આ ગાઈડો ખૂબ આત્મિક વિકાસ પામેલા આધ્યાત્મિક ગુરુઓ હોય છે. તેઓ આકસ્મિક મૃત્યુથી ધૂંઆપુંઆ થયેલા જીવાત્માઓને કેમ સંભાળવા તે બરાબર જાણતા હોય છે. આ ગાઈડો મૃતકનો જીવાત્મા (સૂક્ષ્મદેહ) જેવો એના સ્થૂળ શરીરની બહાર નીકળે ત્યારથી એની સાથે રહે છે, એની સારસંભાળ લેતા એને જીવાત્મા લોકના મહાદ્વારે દોરી જાય છે.

શ્રી માઈકલનો એવા એક માધ્યમતા જીવાત્મા સાથે જે સંવાદ થયેલો તે જોઈએ :

સંમોહક શ્રી માઈકલ : ભઈલા તેં પૃથ્વીનું વાતાવરણ છોડી દીધું છે ને તું હવે જીવાત્મા લોકની અંદર આગળ વધતો જાય છે, તો તું મને કહે કે તને કેવી લાગણી થાય છે?

માધ્યમનો જીવાત્મા : નિરવતા અને અપાર શાંતિ.

સં : તને કોઈ આવકારવા આવવાનું છે?

મા : હા, મારી દોસ્ત રાશેલ. મારા મૃત્યુ પછી અહીં આવું ત્યારે દર વખતે મને આવકારવા મહાદ્વારે એ અચૂક હાજર રહે છે.

સં : શું રાશેલ તારી અંતરંગ વ્યક્તિ છે જે બીજા જન્મોમાં પણ તારી સાથે હોય છે? કે પછી તે કાયમ માટે અહીં જીવાત્મા લોકમાં રહેતી હોય છે?

મા : (અકળાઈને) એ કાંઈ કાયમ અહીં રહેનાર વ્યક્તિ નથી. એ મારી સાથે ઘણો વખત રહેતી હોય છે. મારા મનમાં સ્તો-જ્યારે મને તેની જરૂર લાગે ત્યારે (અભિમાનપૂર્વક) એ મારી જ વડીલ વ્યક્તિ છે સમજ્યા ને?

સં : આ વ્યક્તિને તમે સ્ત્રી જાતિની છે એમ કહો છો? જીવાત્મા લોકમાં તો સ્ત્રી કે પુરૂષ એવા જાતિ ભેદ હોતા નથી ને?

મા : તમારી વાત સાચી છે. સૈદ્ધાંતિક રીતે એમ જ હોય છે, પણ અમે ઈચ્છીએ તે જાતિ ધારણ કરી શકીએ છીએ. પણ માનસિક રીતે રાશેલ પોતાની જાતને સ્ત્રી જીવાત્મા સમજે છે ને મારી સમક્ષ તે સ્ત્રી રૂપે વ્યક્ત થવા ઈચ્છતી હોય છે.

સં : તો શું તમે જીવાત્મા લોકમાં હો ત્યારે કાયમ માટે કાં તો સ્ત્રી અથવા પુરુષ જાતિ તરીકે રહેવું પડે છે?

મા : ના રે. અમારા અસ્તિત્વના કેટલાક સમયગાળામાં અમને સ્ત્રી તરીકે અને અમુક સમય ગાળામાં પુરુષ તરીકે વ્યક્ત થવાની ઈચ્છા થતી હોય છે. ટૂંકમાં, અમે અડધો વખત સ્ત્રી દેહમાં હોઈએ છીએ, તો અડધો વખત પુરુષ દેહમાં.

સં : તને હમણાં રાશેલનો જીવાત્મા કેવા સ્વરૂપે દેખાય છે?

મા : (ધીરા સાદે) જુવાનડી જેવી. મને એ સ્વરૂપે એને જોવી ગમતી હોય છે. દેહનો બાંધો નાજુક અને કોમળ અંગો વાળી. એના મોં પર નિશ્ચયાત્મકતાના ભાવો તરવરે છે. એનામાં જ્ઞાન અને પ્રેમ ભરપૂર માત્રામાં ભરેલાં હું અનુભવું છું.

સં : તો તું રશેલને પૃથ્વી પર ઘણા સમય પહેલાંથી ઓળખે છે એમને?

મા : અરે શું વાત કરું એની તમને, એક સમયે તો એ મારી ખૂબ નજીકની દિલોજાન વ્યક્તિ હતી, પણ હવે એ મારી વડીલ છે.

સં : ને તું તેના તરફ જુએ છે ત્યારે તારા મનમાં કેવા ભાવ ઊઠે છે?

મા : અપાર શાંતિના, પરમાનંદના, પ્રેમનાં.

સં : તું અને રાશેલ એકબીજાને માનવીઓની જેમ આંખમાં આંખ મિલાવીને જુઓ છો?

મા : (અચકાતાં) એક રીતે કહું તો એમ જ, પણ સહેજ જુદી રીતે. અહીં તમે એની આંખોના બદલે એના મન પર નજર માંડતા હો છો. ને પૃથ્વી પર પણ ખરું પૂછો તો તમે સામી વ્યક્તિના ભાવને જ જોતા હો છો ને?

સં : જો રશેલ અગાઉ એણે ધારણ કરેલા મનુષ્યરૂપે આ વખતે તારી સમક્ષ હાજર ન થઈ હોય તોય તું એને ઓળખી કાઢત ખરો?

મા : જરૂર, જરૂરથી. આપણે અહીં સામી વ્યક્તિને શરીરના દેખાવ પરથી નહિ, પણ એના મન પરથી પારખી લેતા હોઈએ છીએ. પણ શરીરરૂપે વ્યક્ત થાય તો ઓળખવામાં સહેજ સહેલું પડે. એનાથી તમને એક પ્રકારની નિરાંત વળતી હોય છે કે તમારી ખૂબ પરિચિત વ્યક્તિને તમે અહીં મળવા પામ્યા.

સં : એનો અર્થ એ થયો કે પાછલા જીવનમાં જે વ્યક્તિઓને તમે ઓળખતા હતા તેઓ અહીં એ સ્વરૂપે તમને મળે તો તમને અહીંના વાતાવરણમાં થાળે પડવામાં મદદ થાય છે, એમ જ ને?

મા : હા જી. નહિ તો શરૂઆતમાં તમે ભૂલા પડ્યા છો એવું લાગ્યા કરતું હોય છે,



એકલવાયાપણું અનુભવાતું હોય છે અને કેટલીક વાર તો ગૂંચવાઈ જતા હોઈએ છીએ. પૃથ્વી પર જેમને તમે ઓળખતા હતા તેઓ એ જ સ્વરૂપે તમને અહીં મળે, તેથી તમારો જીવ હેઠો બેસે છે ને તમે ખૂબ જલદીથી થાળે પડો છો. આ રાશેલથી મને ઘણું પ્રોત્સાહન મળે છે.

સં : રાશેલ તને દર વખતે મૃત્યુ પછી પૃથ્વી પરના રૂપે આવીને મળે છે, કે જેથી તું અહીં જલદીથી ઠેકાણે પડી જાય?

મા : હા જી, દર વખતે એ એમ જ કરે છે. એ મને સલામતીનો ભાવ બક્ષતી હોય છે. એ જ રીતે બીજી વ્યક્તિઓને પૃથ્વી પર ઓળખતો હતો, એમને એ રૂપે અહીં જોઈ હું સલામતી અનુભવું છું.

સં : ને તું એ લોકોની સાથે વાતચીત કરે છે?

મા : અહીં કોઈ બોલતું હોતું નથી. અમે મનના સ્તરે એકબીજાનો સંપર્ક કરતા હોઈએ છીએ.

સં : એટલે કે ટેલીપથી (ભાવસંક્રમણ) દ્વારા?

મા : હા જી.

સં : બે જીવાત્માઓને એક બીજા સાથે ખાનગીમાં કંઈ વાતચીત કરવી હોય તો અહીં એ શક્ય હોય છે ખરું? બીજાઓ ટેલીપથીથી એ વાતચીત જાણી ન જાય?

મા : (અટકીને વિચાર કર્યા પછી) હા, અંગત વાતચીત કરવી શક્ય હોય છે ખરી.

સં : એ કેવી રીતે કરાય છે?

મા : એકબીજાને સ્પર્શ કરીને, સ્પર્શ દ્વારા પણ એકબીજા સાથે જીવાત્મા લોકમાં સંવાદ સાધી શકાય છે? (આ અવાજનાં વિદ્યુત મોજાં હોય છે, જે સામી વ્યક્તિ પકડતી હોય છે. પણ જીવાત્માઓ આ ખાનગી રીત પર વધુ પ્રકાશ પાડતા હોતા નથી.)

સં : ભઈલા તું મને કહે કે જીવાત્મા બીજા જીવાત્માઓ સમક્ષ જુદાં જુદાં રૂપ ધારણ કરીને કેવી રીતે વ્યક્ત થતો હોય છે? તું કાયમ માટે એક જ રૂપે કેમ દેખાતો નથી?

મા : મારી ઉર્જાના જથ્થાને લીધે પૃથ્વી પર જુદા જુદા રૂપ ધારણ કરી જન્મ લેવાની શક્તિ મને મળેલી હોય છે. જુદા જુદા સમયે સંજોગો પ્રમાણે હું એ દેખાવમાં ફેરફાર કરતો હોઉં છું. પણ અહીં જીવાત્મા લોકમાં જ્યારે તેઓ આવે ત્યારે એ મને કેવા સ્વરૂપે જોવા ઈચ્છે છે તે હું જાણતો હોઉં છું, તેથી હું તે રૂપ ધારણ કરું છું. એમની સાથેની મારી મુલાકાત વખતે જેવા સંજોગો હોય છે એ પ્રમાણે આ બાબત નક્કી થાય છે.

સં : એટલે શું તું એમ કહેવા માંગે છે કે તું મહાદ્વારે એક સ્વરૂપે દેખા દે અને બીજા સંજોગો વખતે બીજા સ્વરૂપે દેખા દેતો હોય છે?

મા : હા જી, એમ જ હોય છે.

સં : એમ કેમ?

મા : એનું કારણ એ હોય છે કે જુદા જુદા જીવાત્માઓને તમે મળો ત્યારે તમારો મૂડ

અલગ હોય, એ વખતના સંજોગો અલગ અલગ હોય, તેથી તમે જુદા જુદા સ્વરૂપે વ્યક્ત થતા હો છો, એટલું જ નહિ સામા જીવાત્માનો મૂડ પણ જુદી જાતનો હોય, અને તે તેમને જુદા સ્વરૂપે જોવા માંગતો હોય એવું પણ બને.

સં : બાપ રે, તમે બધા આવી રીતે રૂપ બદલતા રહો તો પછી તમારા જીવાત્માનું સાચું સ્વરૂપ શું છે તે કેવી રીતે ખબર પડે?

મા : (હસે છે) જુદાં જુદાં સ્વરૂપો લેવા છતાં અમારું મૂળ સ્વરૂપ બીજાઓથી ક્યારેય છૂપાવી શકાતું નથી. જુદા જુદા અવતારોમાં અમે જુદા જુદા શરીર ધારણ કરેલાં હોવાથી અમે એ બધાં રૂપોને ભેળસેળ કરી દઈએ છીએ, ને પછી સામેની વ્યક્તિ જે રૂપે અમને ઓળખે છે એ રૂપ ધારણ કરવું બેઉ માટે સહેલું થઈ પડે છે. આપણું જીવાત્મા તરીકેનું સ્વરૂપ તો એક જ હોય છે. પણ જુદા જુદા સ્વરૂપનાં સ્થૂળ શરીર લઈ આપણે જન્મ લેતા હોઈએ છીએ. બધા જીવાત્માઓ પોતાના મૂળ સ્વરૂપને તો જાણતા જ હોય છે, પણ કેટલાકને અમુક સ્વરૂપે વ્યક્ત થવું વધુ ગમતું હોય છે, કારણ તેઓ માને છે કે તે સ્વરૂપે તેઓ વધુ પ્રભાવશાળી દેખાય છે. એમને ખબર નથી કે તમે કેટલા પ્રભાવશાળી દેખાવ છો એના કરતાં તમે કેટલા પ્રભાવશાળી ખરેખર છો અથવા થવા માંગો છો એ વધુ અગત્યનું છે. પરિણામે જીવાત્મા લોકમાં કેટલાક જીવાત્માઓ ખોટો દેખાવ કરી પોતાની જાતને હાસ્યાસ્પદ સ્થિતિમાં મૂકતા હોય છે. કારણ બધાને ખબર હોય છે કે તેઓ એ રૂપ ધારણ કરીને ક્યારેય પૃથ્વી પર ગયેલા હોતા જ નથી.

સં : એટલે જે અપરિપકવ આત્માઓ હોય છે તે આવાં નખરાં કરે છે, એમ ને?

મા : હા જી, પણ કોઈ એમને ઉતારી પાડતું હોતું નથી.

સં : હું તો એવું માનતો હતો કે જીવાત્મા લોક તો સર્વજ્ઞતાભર્યું, ઉચ્ચ પ્રજ્ઞા ધરાવતું, બુદ્ધિમાન જગત હશે, અને તમે તો એવી વાત કરો છો કે જીવાત્મા લોકમાં પણ લોકો પૃથ્વી પર જેવો હોય છે એવા મૂડ અને દેખાડા ધરાવતા હોય છે.

મા : (ખડખડાટ હસીને) માણસ તો આખરે માણસ જ રહેવાનો ને ભાઈ, એ ત્યાં હોય કે અહીં.

નોંધ : જીવાત્માઓને પણ અમુક જાતની નબળાઈઓ હોય છે, એ જાણીને ઘણાને નવાઈ લાગશે. પણ આપણે સંપૂર્ણતાથી ઘણા દૂર છીએ એ એક હકીકત છે. પુનર્જન્મનો હેતુ જ એ છે કે આ બધી નબળાઈઓને ક્રમે-ક્રમે દૂર કરતા જઈ પૂર્ણતા પ્રાપ્ત કરવી અને અંતે આપણા મૂળ સ્રોતમાં એકરૂપ થઈ જવું.

**સ્વગૃહે આગમન :**

મૃત્યુ પછી જીવાત્મા લોકમાં નવાસવા આવનાર જીવાત્માને પોતે ક્યાં છે અને એણે શું કરવાનું છે તે જાણવા અહીં તહીં અથડાવું પડતું નથી. જીવાત્મા લોકના મહાદ્વારે-ગેટ પર



(Gate of Spirit World) એને આવકારવા એનો ગાઈડ, એની દિલોજાન વ્યક્તિ (પતિ કે પત્ની) અને ખૂબ નજીકનો મિત્ર તથા અન્ય સગાંસંબંધી રાહ જોતાં ઊભેલાં હોય છે. તેઓ અરસપરસની ઓળખાણ તાજી કરાવે છે ને એના પર ખૂબ પ્રેમ વરસાવે છે. તેઓ એને સધિયારો આપે છે કે તે હવે સ્વગૃહે આવી ગયો છે. તેથી કોઈ વાતની ચિંતા કરવાની જરૂર નથી. ખરી રીતે તો આપણે જે ક્ષણે મૃત્યુ પામીએ છીએ તે ક્ષણથી જ તેઓ આપણી આજુબાજુમાં જ છે એવી એમની હાજરી આપણને વર્તાતી હોય છે. (આત્મા સર્વજ્ઞ છે અને સર્વવ્યાપી છે એ ગુણને લીધે આમ બનતું હોય છે.)

જીવાત્મા લોકના મહાદ્વારે આપણને આવકારવા આપણા અંતરંગ સ્વજનોને મળવાથી આપણને આનંદ થાય છે એ વાત સાચી, પણ એમને ઓળખવાં કેવી રીતે? કારણ જીવાત્મા લોકમાં બધી વ્યક્તિઓ શક્તિના પુંજ (Mass of Energy) સ્વરૂપે હોય છે. પણ સાથે સાથે તેઓ એવી શક્તિ પણ ધરાવે છે કે તેઓ અગાઉના જીવનોમાં જે માનવસ્વરૂપે હતા તે સ્વરૂપો તેઓ ધારણ કરી શકે. (આત્મા સર્વશક્તિમાન હોય છે.) આમ જીવાત્માઓ જ્યારે એકબીજાના સંપર્કમાં આવતા હોય છે ત્યારે માનવસ્વરૂપ ધારણ કરવાની પોતાની શક્તિનો જરૂરી ઉપયોગ કરી લેતા હોય છે. આથી આપણને આવકારવા આવેલી દિલોજાન વ્યક્તિ સાથે જ્યારે આપણે વાત કરતા હોઈએ ત્યારે પૃથ્વી પર એનું જેવું સ્થૂળ સ્વરૂપ હતું એવું જ આપણને તે વખતે દેખાય છે. ને આમ એ ખરી રીતે તો ઉર્જાનો પૂંજ હોવા છતાં એને હાથ-પગ-આંખો અને એવા બીજા અવયવો છે એવો ભાસ આપણને થાય છે.

જીવાત્મા જગતની એક ખાસ અજાયબીભરી ખૂબી એ છે કે આપણી દિલોજાન વ્યક્તિએ એના મૃત્યુ પછી ફરીથી જન્મ લીધો હોય તો ય આપણને આવકારવા તે મહાદ્વારે હાજર રહે છે. આ કેવી રીતે કરાય છે એનો ખુલાસો આગળ ઉપર કહેવાશે.

આપણને મહાદ્વારે મળવા આવનારા જીવાત્માઓમાં અગાઉ મૃત્યુ પામેલાં પતિ કે પત્ની, મા-બાપ, ભાઈ-બહેન, ભાઈબંધ કે બહેનપણી જેમને તમે ખૂબ ચાહતા હતા તેઓ હોય છે. આ જીવાત્માઓની સાથે આપણે એક યા બીજા પ્રકારના સંબંધોમાં ઘણી જિંદગીઓ વિતાવેલી હોય છે. આપણને કોણ કોણ મળવા આવવાનું છે એની ગોઠવણ અગાઉથી થઈ ગયેલી હોય છે. તેમને આપણા મરણના સમયની અને ક્યાં મળવાનું છે એની ખબર અગાઉથી પડી ચૂકી હોય છે. આ મિલનનો બીજો પણ એક હેતુ હોય છે. નવો આવનાર જીવાત્મા વિકાસનો જે સ્તર સાધીને આવ્યો હોય છે, એને એના જ મિત્રો, સંબંધીઓ જેઓ પણ એ જ સ્તરનો વિકાસ સાધી ચૂકેલા હોય છે, એ ગ્રુપમાં - જૂથમાં સામેલ કરવાનું અહીં નક્કી થાય છે. એટલે નવા આવનાર જીવાત્માને આવકારવા આવેલા બધા જીવાત્માઓ એ પ્રસંગ પતી ગયા પછી સૌ પોતે પોતાના ગ્રુપમાં પાછા ફરે છે, ને જીવાત્મા બીજી થોડીક વિધિઓ પતાવ્યા પછી પોતાના ગ્રુપમાં જાય છે. આપણા પૃથ્વી પરના જીવનમાં આપણી સાથે ગાઢ સંપર્કમાં આવેલી બધી વ્યક્તિઓએ આપણા જ સ્તરનો વિકાસ સાધ્યો હોય એવું

હોતું નથી. કેટલાક આગળ વધેલા હોય છે, તો કેટલાક પાછળ. તેઓ આપણને આવકારવા મૃત્યુ ટાણે મહાદ્વારે હાજર રહે તે પ્રેમવશ અને કરુણાવશ, પણ એનો અર્થ એ નહીં કે જીવાત્મા લોકમાં તે આપણા ગ્રુપમાં જ સાથે હશે. ખાસ કરીને મા-બાપ તો આપણા ગ્રુપમાં સાથે હોતાં જ નથી.

## ભૂતપ્રેત :

મહાદ્વાર આગળ આવકારવા માટે એકત્ર થયેલાં સ્વજનોને મળી લીધા પછી જીવાત્માને ઉપચાર કેન્દ્ર તરફ પ્રયાણ કરવાનું હોય છે. પણ મૃત્યુ પછી મહાદ્વારે આવેલા બધા જીવાત્માઓમાંથી થોડાકને તે ઉપચાર કેન્દ્ર તરફ જવા દેવામાં આવતા નથી હોતા. તેઓ માર્ગ ભૂલેલા-પથચ્યૂત થયેલા આત્માઓ કહેવાય છે. તે બે પ્રકારના હોય છે :

(૧) એક એવા જીવાત્માઓ જેઓ હજુ એ વાત સ્વીકારવા તૈયાર નથી કે એમનું સ્થૂળ શરીર નાશ પામ્યું છે, ને તેથી અંગત તીવ્ર વેદનાને લીધે તેઓ જીવાત્મા લોકમાં જવાની આનાકાની કરે છે.

(૨) બીજા પ્રકારના એવા જીવાત્માઓ હોય છે જેઓનાં માનવશરીરો પૃથ્વી પર હતાં ત્યારે તેઓ ગુનાહિત પ્રવૃત્તિઓને લઈને કાયદા વિરૂધ્ધનાં ઘોર કૃત્યોમાં સંડોવાયેલાં હતાં.

પહેલા પ્રકારના જીવાત્માઓને આપણે ભૂત-પ્રેત કહીએ છીએ. તેઓ મૃત્યુ પછી પોતાનું હંગામી નિવાસસ્થાન જે પૃથ્વી છે તેને છોડી પોતાના અસલી નિવાસસ્થાન જે જીવાત્મા લોક છે ત્યાં પાછા ફરવાની ના પાડે છે. તેઓ ભૂતરૂપે ઢીલાપોચા મનોબળવાળા સામાન્યજનો જેઓ શાંતિથી પોતાનું જીવન વીતાવતા હોય છે એમના શરીરમાં દાખલ થઈ એમને વિવિધ હરકતો કરી ખલેલ પહોંચાડે છે. આવી રીતે વિક્ષુબ્ધ થયેલા જીવાત્માઓ ખરેખર તો અપરિપકવ જીવાત્માઓ હોય છે, જેમણે પૃથ્વી પરનું પોતાનું કામ વ્યવસ્થિત રીતે પૂરું કર્યું હોતું નથી. તેઓ જેમને સતાવે છે એમની સાથે એમને નહાવા નીચોવવાનો કોઈ સંબંધ ઘણી વાર હોતો નથી. કેટલાક માણસો જ પ્રકૃતિથી એવા નિર્બળ હોય છે કે તેઓ આવા નકારાત્મક અને ઝઘડાખોર જીવાત્માઓનો સહેલાઈથી ભોગ બની એમને સ્વીકારી એમને પોતાના દ્વારા વહન થવા દે છે ને દુઃખ ભોગવે છે.

મોટા ભાગના આવા વિલક્ષણ પ્રકારના જીવાત્માઓ જેમને આપણે ભૂત-પ્રેત કહીએ છીએ, તેઓ ખાસ ભૌગોલિક ક્ષેત્રમાં વસવાટ કરવાનું પસંદ કરતા હોય છે. તેઓ જીવાત્મા લોક અને પૃથ્વીના નિમ્ન સ્તરનો જે અફાટ વિસ્તાર છે તેમાં રહેતા હોય છે. તેઓ ભારે ગૂંચવણમાં અને નિરાશામાં ડૂબેલા હોય છે ને ખુન્નસ ભરેલા હોય છે. એમના અસંતોષનું સ્તર ખૂબ ઊંચું હોય છે. આવા ક્ષતિગ્રસ્ત જીવાત્માઓને ભૂત-પલિત કાઢવાની વિદ્યા વડે અને બીજા માર્ગોએથી નિયંત્રિત કરી તેઓ જે તે માણસોને હેરાન કરતા હતા તે બંધ કરી



શકાય છે. આવા પ્રકારના જીવાત્માઓને સમજાવી-બૂઝાવીને જેમના શરીરમાં તેઓ ભરાયા હોય છે ત્યાંથી નીકળી જીવાત્મા લોકના મુખ્ય માર્ગે ચડી જવા સમજાવી શકાય છે.

હવે બીજા પ્રકારના માર્ગ ભૂલેલા જીવાત્માઓ વિશે જોઈએ. તેઓ ગુનાહિત-હલકા-નીચ કૃત્યોમાં સંડોવાયેલા હોય છે. તેઓ આવેશમાં આવી જઈ એવાં કૃત્યો કરી બેસતા હોય છે, જે ખરેખર તેઓ નહોતા કરવા માંગતા. પાંચ ઈન્દ્રિયો ધરાવતો મનુષ્ય ઘણી વાર પોતાના આત્માના અવાજને દબાવીને વર્તતો હોય છે. આત્મા જે શરીરને ધારણ કરીને આવ્યો છે એના પર ઈન્દ્રિય સુખોના આવેગો અને આજુબાજુનું વાતાવરણ ઘણી વાર હાવી થઈ જાય છે, ને માનવી ન કરવાનાં કામ કરી બેસે છે.

આથી આવા માર્ગ ભૂલેલા જીવાત્માઓ જેમણે પૃથ્વી પર બીજા લોકોને ભારે નુકશાન પહોંચાડ્યું હોય છે, એમને તેઓ જ્યારે જીવાત્મા લોકમાં મૃત્યુ પછી આવે છે ત્યારે જુદા તારવવામાં આવે છે. તેઓને જે માર્ગેથી મોટા ભાગના જીવાત્માઓને લઈ જવામાં આવે છે એ માર્ગેથી લઈ જવામાં આવતા નથી, પણ બીજા માર્ગેથી એકાંત વાસમાં લઈ જવામાં આવે છે. આથી બીજા જીવાત્માઓને મળવા ભળવાની તક એમને લાંબા કાળ સુધી મળતી નથી. વળી જે નવાસવા જીવો જેમણે સતત કેટલીક જિંદગીઓ અતિ નકારાત્મક રીતે વિતાવી હોય એમને પણ આવા એકાંતવાસમાં મૂકવામાં આવે છે. એમના જેવા બીજા જીવાત્માઓ સાથે ખૂબ કડક નિરીક્ષણ નીચે એમનું શિક્ષણ ખૂબ લાંબા કાળ સુધી ચાલે છે. આ એક પ્રકારની શિક્ષા નહિ, પણ પાપ ધોવાની પ્રક્રિયા હોય છે જેથી એમનામાં આત્મજાગૃતિ પ્રગટે. પૃથ્વી પર એમણે બીજાઓને ઘણી બધી રીતે નુકશાન કરેલું હોય છે. આથી એકાંતવાસનો પ્રકાર અને એની અવધિ પણ જુદા જુદા પ્રકારનાં હોય છે. ગુનાહિત કૃત્યોની ગંભીરતા ધ્યાનમાં લઈ તે નક્કી કરાય છે. કેટલાક જીવાત્માઓ આ એકાંતવાસ પછી તરત જ પૃથ્વી પર બીજો જન્મ લેવા દોડી જતા હોય છે, જેથી તેઓ પોતાના ગુનાઓથી બને તેટલા વહેલા અને જલદીથી મુક્ત થઈ શકે. આટલું જાણ્યા પછી હવે ચાલો મોટા ભાગના સામાન્ય જીવાત્માઓના પ્રવાસ પર પાછા આવીએ.

## ઉપચાર કેન્દ્ર :

જીવાત્માલોકના મહાદ્વારે પોતાનાં પ્રિયજનો અને અંગત મિત્રોને મળ્યા પછી જીવાત્માને જીવાત્માલોકની અંદરની તરફનું એક પ્રકારનું તીવ્ર ખેંચાણ અનુભવાય છે. તે એને એક પ્રકારના ઉપચાર કેન્દ્ર તરફ દોરી જાય છે. આ એક શુદ્ધ ઊર્જાનું સ્થાન હોય છે. જેવો જીવાત્મા એ સ્થાનની અંદર દાખલ થાય છે કે તરત જ એક ઉષ્માભર્યો પ્રકાશપુંજ એને લપેટમાં લે છે. એ જાણે કે પ્રવાહી ઊર્જામાં લથબથ થઈ જાય છે. વરાળના ગોટારૂપે ઉર્જા એને ચારે બાજુથી ઘેરી વળે છે, ને પોતે જાણે જીવંત હોય એવો અનુભવ એને કરાવે છે. પછી એ ઉર્જા એની અંદર અગ્નિરૂપે ચૂસાઈ જાય છે. પરિણામે એને લાગે છે કે તે સ્નાન કરી

ચૂક્યો છે, ને પૃથ્વી પર એના ચિત્ત પર પડેલા બધા ઘાવ જાણે સાવ રૂઝાઈ ગયા છે. આપણા સત્વ એ જાણે કે સ્નાન કરીને નવું સ્ફૂર્તિભર્યું રૂપ ધારણ કર્યું છે. આપણને એ વખતે સ્થૂળ શરીર હોતું નથી, એટલે સૂક્ષ્મ શરીરમાં ઉર્જા દાખલ થઈને આપણને નવજીવન બક્ષતી હોય છે. સ્થૂળ શરીર પર અને માનવીના મન પર પૃથ્વીની જે વિનાશક અસરો થતી હોય છે તેના ઘાવ જીવાત્મા પર પડતા હોય છે, ને જીવાત્મા જન્મ-પ્રતિજન્મ તેમને સંઘરતો હોય છે. એ બધા ઘાવ અહીં ઉર્જામાં ધોવાઈને રુઝાઈ જાય છે. પાછલી કેટલીક જિંદગીઓના ઘાવ તો એટલા ઊંડા હોય છે કે એમને રૂઝતાં અનેક જન્મો વિતી જતા હોય છે, અને તમે ભલે એમનાથી અંતે મુક્ત થાઓ તો પણ એમની સ્મૃતિ કેટલાક જન્મો સુધી જીવંત રહેતી હોય છે.

આ ઉર્જાસ્નાન વિધિમાં જીવાત્માને પ્રકાશમાં લટકાવવામાં આવે છે ને ઉર્જાનો ધોધ વરસાવી એને લથબથ કરી દેવામાં આવે છે. પાછલી અનેક જિંદગીઓના નકારાત્મક ભાવો અને બંધન બધાં ધોઈ નાખવામાં આવે છે ને તેમને રફેદફે કરી દેવામાં આવે છે, ભસ્મસાત કરી દેવામાં આવે છે. પરિણામે જીવાત્માનું આમૂલ પરિવર્તન થઈ જાય છે ને તે ફરીથી પૂર્ણ બની જાય છે. નવાસવા જીવાત્માઓ આ સ્નાનવિધિનો કેવી રીતે પૂરેપુરો ઉપયોગ કરવો તે ન જાણતા હોવાથી, એમના કેટલાક ઘાવ વણ રુઝાયા રહી જાય છે ને તેમને રુઝાતાં ઘણા જન્મો વહી જતા હોય છે.

યુદ્ધભુમિ પરથી મૃત્યુ પામીને આવેલા જીવાત્માઓનાં સૂક્ષ્મ શરીરો અસ્તવ્યસ્ત હોય છે ને એમનામાં ખૂબ નકારાત્મક ઉર્જા પેસી ગયેલી હોય છે. એમને પ્રવેશદ્વાર પર રીપેર કરવામાં આવે છે ને પછી એક જોરદાર ઉર્જાના ધોધમાં નવડાવવામાં આવે છે, જેથી મોટાભાગની નકારાત્મક ઉર્જા ધોવાઈ જાય.

કેટલાક પતિત જીવાત્માઓ પૃથ્વી પરના પોતાના જીવન દરમિયાન પોતાને તેમજ અન્યોને ઘાતક વ્યક્તિ તરીકે સાબિત થયેલા હોય છે. તેઓએ વેરભાવ રાખી અન્યો પ્રત્યે ખૂબ દુષ્ટ આચરણ કરેલું હોય છે. આવા જીવોને ખાસ જગાએ લઈ જઈ એમની ઉર્જાનો ખાસ ઉપચાર કરવામાં આવે છે, પણ એમના ચિત્તમાંથી બધાં ભયંકર કૃત્યોની યાદ ભૂંસી નાખવામાં આવતી નથી. કારણ કે એમ કરવામાં આવે તો જીવાત્માને પોતાનાં દુષ્કૃત્યોનો હિસાબ આપવાનો છે એ વાત યાદ ન રહે. ને એ યાદ એટલા માટે પણ જરૂરી છે કે જ્યારે નવો અવતાર લેવાનો થાય ત્યારે આ બધાં દુષ્કૃત્યોનાં ચૂકવણાં કરવાનાં છે તે વાત જીવાત્માને યાદ આવે. આમ છતાં જીવાત્માનો જે પુનરુધ્ધાર (Regeneration) અહીં થાય છે તે આશીર્વાદરૂપ હોય છે. આ ઉપચાર પછી જીવાત્માનું મન પાછલા જન્મોમાં એણે આચરેલાં જઘન્ય દુષ્કૃત્યોની રજેરજ વિગત યાદ રાખતું નથી. કારણ જો એમ થતું હોત તો પોતાનાં દુષ્કૃત્યો બદલનો શોક અને ગુનેગારની ભાવના એને એટલી તીવ્ર રહેત કે તે નવો જન્મ લઈ પોતાનાં દુષ્કૃત્યોનો ભોગવટો ભોગવવાની ઈચ્છા જ ન કરત, અને જીવાત્મા લોકમાં જ



પડ્યો પાથર્યો રહેત.આમ પોતે જે નિરાશામાં ડૂબેલો છે એમાંથી બહાર નીકળવાની તે હિંમત પણ ન કરત.

આ સ્નાનવિધિ અને પુનઃસ્થાપન પ્રક્રિયા પૂરી થતાં જીવાત્મા એકાંત સ્થાનમાં બેઠેલા પોતાના ગાઈડને જઈને મળે છે ને આગળની વિધિ માટે તૈયાર થાય છે.

**સ્વ પરિચય વિધિકેન્દ્ર :**

ઉર્જા કેન્દ્રમાં સ્નાનવિધિ પતાવી બધા જીવાત્માઓ પોતપોતાના ગાઈડ સાથે સ્વ પરિચિય વિધિકેન્દ્રમાં આવે છે. ત્યાં એમની હમણાં જ વીતાવેલી જિંદગીની ગતિવિધિઓની ખૂબ ઊંડાણથી પૂછપરછ કરાય છે. આ પૂછપરછ જીવાત્માનો ગાઈડ ખૂબ માયાળુ રીતે કરતો હોય છે. આ પ્રક્રિયા દરમિયાન ગત જીવનનાં દુઃખણાં રડી લેવાય છે, જે જીવાત્માને હલકા ફૂલ જેવા થવામાં અને જીવાત્મા લોકમાં થાળે પડવામાં મદદરૂપ થઈ પડે છે. તમારો ગાઈડ તમારા પ્રથમ જન્મથી તમારી સાથે સંકળાયેલો છે. આથી તમારાં બધાં સકારાત્મક અને નકારાત્મક પાસાંને તે જાણે છે. તમારી શીખવાની ટેવોને જાણે છે. તમારા ભય કયા કયા છે, ને કઈ કઈ બાબતોના છે તે પણ જાણે છે. આથી તમે જ્યાં સુધી પ્રયત્નો કરતા રહો ત્યાં સુધી તમને બધા પ્રકારની મદદ કરવા તે તત્પર હોય છે. પણ જો તમે પ્રયત્નો કરતા અટકી જાઓ તો બધું જ અટકી પડે છે, ને તમારો આત્મિક વિકાસ અટકી પડે છે. જીવાત્માઓ પોતાના ગાઈડથી કશું જ છુપાવી શકતા હોતા નથી. વિચાર અને ભાવસંક્રમણની આ દુનિયામાં (Telepathic World) કોઈ પ્રકારની ચાલાકી કે છેતરપીંડી ચાલતી નથી.

પરિચય વિધિઓ અનેક પ્રકારની હોય છે, અને તે બધાનો આધાર જીવાત્માના આત્મિક વિકાસ પર અને હમણાં જ પૂરી થયેલી જિંદગીને અંતે જીવાત્મા મનની સ્થિતિ કેવી હતી તે પર રહે છે. તમારો ગાઈડ જે ખૂબ આગળ વધેલો કરૂણાસભર જીવાત્મા છે તે તમને તમારો ખરો પરિચય કરાવે છે. ને ખૂબ પ્રેમપૂર્વક તમારી ત્રુટિઓ તરફ અંગુલિનિર્દેશ કરે છે, ને સાથે સાથે સાંત્વન આપતો જઈ તમને માનસિક રીતે સ્વસ્થ થવામાં મદદ કરતો હોય છે.

જે જીવાત્માઓ સાધના કરતાં કરતાં વધુ વિકસિત થયેલા હોય છે તેમને આ વિધિમાંથી પસાર થવાનું હોતું નથી. પણ આવા જીવાત્માઓ માંડ દસ ટકા જેટલા હોય છે. એમનો પરિચયવિધિ એટલે કે જીવાત્મા લોકમાં પ્રવેશ કર્યા પછીનો ઈન્ટરવ્યૂ ખૂબ ઊંચી અવસ્થા પ્રાપ્ત કરેલા સિદ્ધ પુરૂષો (Masters) પાછળથી લેતા હોય છે.

નવાસવા આવનાર જીવાત્માઓનો (પાંચ દશ હજાર વર્ષ જૂના) પ્રવેશ ઈન્ટરવ્યૂ સલાહકાર જીવાત્માઓ લેતા હોય છે, જેઓ એમના પર વધુ ધ્યાન આપી શકે તેવા હોય છે કારણ સ્થૂળ જગતમાંથી સૂક્ષ્મ જગતમાં આવવાનો અનુભવ નવાસવા જીવાત્માઓ માટે ખૂબ મૂંઝવણભર્યો હોય છે.

**આપઘાતી જીવાત્મા :**

જે જીવાત્મા આપઘાત કરીને આવેલો હોય છે એને પોતાના ગાઈડ સમક્ષ સફાઈ દેવાની હોય છે. એને કોઈ પ્રકારની શિક્ષા કરવામાં આવતી નથી, પણ ઠપકો જરૂર આપવામાં આવે છે કે ગત જિંદગી જ્યારે એણે પસંદ કરેલી તે વખતે એની ઈચ્છા મુજબનાં સારાં મા-બાપ પસંદ કરી આપવામાં આવેલાં, બીજા સારા સંજોગો અને વ્યક્તિઓ પસંદ કરી આપવામાં આવી હતી, ને તો ય એમનો સદુપયોગ કરી આગળ વિકાસ કરવાને બદલે એણે પોતાનું પતન કર્યું અને આખરે આપઘાત કર્યો. આપઘાત કરનાર જીવાત્મા પ્રત્યે એના ગાઈડ નાખુશ હોય છે ખરા, પણ એને ઉતારી પાડીને પોતાની નારાજગી વ્યક્ત કરતા હોતા નથી. એટલી ઊંચી સિદ્ધિ પ્રાપ્ત કરેલ જીવાત્માઓ તે હોય છે.

આપઘાત કરનાર વ્યક્તિઓ ત્રણ પ્રકારની હોય છે.

(૧) નવાસવા અતિ સંવેદનશીલ આત્માઓ જેઓએ પૃથ્વી પર જન્મ લીધો છે ખરો, પણ બહુ ઓછો સમય અહીં વિતાવ્યો છે. કેટલાંક માનવ શરીરો સાથે મેળ ખવડાવવામાં એમને તકલીફ પડે છે. કેટલાકને પૃથ્વીનું વાતાવરણ એટલું બધું ક્રૂરતાભર્યું લાગે છે કે તેમને સતત લાગ્યા કરતું હોય છે કે તેમના જીવ પર જોખમ છે.

(૨) નવાસવા તેમજ જૂના હોય તેવા પણ જીવાત્માઓ જેઓ પૃથ્વી પર જન્મ લેતા પહેલાં બીજા ગ્રહો પર અનેક જન્મોથી જન્મ લેતા રહ્યા હતા. એ ગ્રહ પૃથ્વી જેટલો નિષ્ઠુર, લાગણીહીન, કઠોર અને ક્રૂરતાભર્યો ન હોય, જેથી એમને પૃથ્વી પર ધારણ કરેલું માનવ શરીર અતિ ભારે અને જંગલી અવસ્થાવાળું (Primitive) લાગે. પરિણામે એમને એવું લાગે કે તેઓ કોઈ અજાણ્યા ખોળિયામાં છે ને તેથી જલદીથી તેમાંથી બહાર નીકળી જવું જોઈએ.

(૩) જીવાત્માઓનાં છ લેવલ હોય છે. તેમાંથી પ્રથમ બે લેવલના જીવાત્માઓ જેઓ હજારો વર્ષથી પૃથ્વી પર અવતરતા રહ્યા છે, ને તોય હજુ આ વખતના માનવ શરીર સાથે હજુ સુમેળ સાધી શક્યા નથી. નવો જન્મ લેતા પહેલાં એમણે એવું શરીર પસંદ કરેલું હોય છે જેનો મેળ જીવાત્મા સાથે ખાસ થાય એવો હતો જ નહિ, ને છતાંય હઠ કરીને એમણે એ શરીરને પસંદ કરેલું (આ બાબત આગળ પર વિગતવાર સમજાવવામાં આવશે.)

આ રીતે તંદુરસ્ત શરીર ધરાવતા અને યુવાન લોકો જ્યારે આપઘાત કરે છે ત્યારે એમના જીવાત્માને જીવાત્મા લોકમાં ગયા પછી કેવું લાગતું હોય છે તે જોઈએ. તેમને લાગે છે કે તેઓ પોતાના ગ્રુપના સભ્યોની નજરમાં નીચે પડ્યા છે. કારણ નવો જન્મ લેતા પહેલાં તેમણે જે રીતનું જીવન જીવી લેવાનો અરસપરસનો કરાર કરેલો તે તેમણે તોડ્યો છે. તેમને સુમેળભર્યું જીવન જીવી આત્મિક વિકાસ સાધવાની જે તક આપવામાં આવેલી તે તેમણે વેડફી દીધી છે. આ બાબતનો તેમને અફસોસ-વસવસો હોય છે. જીવન એક ભેટ હોય છે ને સાથે સાથે એક મોટો સોદો (Contract) પણ હોય છે. જેમાં તમારી સાથે બીજાં ઘણાં શરીરો



સાંકળી લેવામાં આવેલાં હોય છે. આપણે જે શરીરને પસંદ કરીને પૃથ્વી પર આવેલા હોઈએ છીએ એના આપણે રખેવાળ હોઈએ છીએ, અને તેની સારસંભાળ લેવાનો આપણી ઉપર એક જાતનો પવિત્ર વિશ્વાસ મૂકવામાં આવેલો હોય છે. આપણા ગાઈડ આપઘાતના કૃત્યને અપરિપકવતા ભર્યું અને જવાબદારીમાંથી છટકવા જેવું પગલું ગણે છે. આપણામાં જે હિંમત ભરી પડી છે એના પર વિશ્વાસ મૂકીને ઉચ્ચ આત્માઓએ આપણને જે શરીર પસંદ કરી લેવાની પરવાનગી આપેલી તે ગમે તેવા વિકટ સંજોગો કેમ ન હોય તો ય આપણું જીવનકાર્ય પૂરું ન થાય ત્યાં સુધી એને સંભાળવાની જવાબદારી આપણી હોય છે. આમ છતાં જો આપણે આપઘાત કરીને અધવચ્ચેથી ચાલ્યા ગયા તો ય એમનામાં અપાર ધીરજ હોય છે, પણ પછી તેઓ આપણી પાસેથી બીજી રીતે કામ લેતા હોય છે.

જો જીવ વારંવાર આપઘાત કરનાર ન હોય તો આપઘાત કરીને આવનાર જીવાત્માને એની ઈચ્છા મુજબનું નવું શરીર આપી પૃથ્વી પર પાછો મોકલવામાં આવે છે. પૃથ્વી પરના એના મૃત્યુ પછી પાંચ વર્ષની અંદર એને પુનર્જન્મ આપવામાં આવે છે.

પણ જે જીવાત્મા વારંવાર આપઘાત કરનારા છે એમને પશ્ચાતાપ કરવાનાં સ્થળોએ મોકલવામાં આવે છે. આ સ્થળો કંઈ બિહામણાં, કાળા ભમ્મર જીવો વાળા, દૈત્યો જેવી જીવસૃષ્ટિવાળાં ડરામણાં હોતા નથી, જેનાં વર્ણન આપણાં શાસ્ત્રોમાં વિસ્તારપૂર્વક કરવામાં આવેલાં છે. એમને આપણી ગેલેક્ષીના એવી બીજા ગ્રહો પર ત્યાંના અનુરૂપ શરીરો ધારણ કરી મોકલવામાં આવે છે. જ્યાં ઝાડ, પાન, પાણી, પહાડ, ફૂલો વગેરે બધું સુંદર સુંદર હોય છે પણ ત્યાં પોતા સિવાયનો બીજો કોઈ જીવાત્મા હોતો નથી. બીજા કોઈ પણ જીવાત્મા સાથે એમનો સંપર્ક પણ થતો નથી. ત્યાં એમને સાવ એકાકી રહી પોતાના વિચારોનું મનન ચિંતન કરવાનું હોય છે અને પોતાની જાતનું મૂલ્યાંકન કરવાનું હોય છે.

પણ લાખ રૂપિયાનો સવાલ અહીં એ ઊભો થાય છે કે જીવાત્મા લોકમાંથી પૃથ્વી પર નવો જન્મ લેવાનું નક્કી કરીએ છીએ ત્યારે જે પ્રકારનું પ્લાનિંગ કરીને આવ્યા હોઈએ છીએ તે બધી વાતો પૃથ્વી પર આવતા વેંત ભૂલી કેમ જઈએ છીએ? આપણા જીવનના પ્લાનને ભૂલી જવાની આ બીનાને 'સ્મૃતિભ્રંશ' (Amnesia) કહે છે. એક માનવ તરીકે અગાઉ આપણે કોણ હતા, કયા હેતુઓ સર આ જન્મ લીધો છે એ બધું ભૂલી જવાની શરતે આપણે નવો જન્મ લેતા હોઈએ છીએ. એનું મુખ્ય કારણ એ છે કે કોરી સ્લેટમાં લખવું વધું સહેલું પડે છે. તમે અગાઉ શું શું કરેલું ને તે બદલ આ જીવનમાં શું શું ભોગવવાનું છે તે જો તમે અગાઉથી જાણતા હો તો જીવવું દુષ્કર બની જાય.ઉપરાંત જો તમે તમારા આખા જીવન દરમિયાન શું શું બનવાનું છે તે પણ જો તમે અગાઉથી જાણતા હો, તો તમે એમાંથી બચવાના નવા રસ્તા શોધવાનું બંધ કરી દો અને એક ઢીલી પોચી વ્યક્તિ તરીકેનું જીવન જીવ્યા કરો. બીજો ફાયદો એ છે કે તમારે કોઈનો બદલો લેવાનો છે એની સ્મૃતિ તમને જન્મથી જ હોય તો તમારો મોટા ભાગનો સમય એમાં જ જાય, ને જે નવી જિંદગી તમે લઈને આવ્યા છો એને

સુખેથી જીવી જ ન શકો. એટલે પાછલી બધી સ્મૃતિઓ ભૂંસાઈ જાય એ ખૂબ જરૂરી છે. આમ છતાં અવારનવાર વિકટ સંજોગોમાં અને મુશ્કેલીઓ વખતે આપણને સ્વપ્નરૂપે પાછલી સ્મૃતિઓના ઝબકારા થતા હોય છે, ને તેમાં જરૂર પડે ત્યારે કઈ દિશામાં પ્રયત્નો કરવા તેના સંકેત મળતા હોય છે. ઘણી વાર જીવાત્મા લોકમાં રહેતા આપણા ગ્રુપના મિત્રો પણ આપણને કયો માર્ગ લેવો એના સંકેત આપતા હોય છે, જેને મોટા ભાગે આપણે અંતઃસ્ફુરણા સમજતા હોઈએ છીએ.

ભલે ને આપણે શરીરો બદલતા રહીએ, અને ભલે ને આપણે આ જન્મમાં ગમે તેટલી અઘરી પરિસ્થિતિમાં કેમ ન હોઈએ પણ આપણું જે કાયમી સ્વરૂપ છે આત્મા તરીકેનું, તે આપણે ક્યારેય ભૂલતા હોતા નથી. જ્યારે આપણે શાંત ચિત્તે મનન કરતા હોઈએ, ધ્યાન કરતા હોઈએ, કે ખરેખર પ્રાર્થનાભાવમાં હોઈએ ત્યારે આપણે ખરેખર કોણ છીએ એની સ્મૃતિ ચળાઈને એક ખાસ વિચારરૂપે આપણને પહોંચતી હોય છે. વિસ્મૃતિનાં વાદળને ભેદીને આપણા હાલના અસ્તિત્વનો હેતુ શાના માટે છે એના નાના સંકેત અંતઃસ્ફુરણા રૂપે આપણને આ રીતે મળતા હોય છે.

આત્મા તો અનંત પ્રેમ અને અનંત જ્ઞાનરૂપી બ્રહ્મના એક અંશ રૂપે બ્રહ્મમાંથી ઉત્પન્ન થયો છે. એ જ્યારે પૃથ્વી જેવા અઘરા ગ્રહ પર વિકાસ સાધવા આવવાનું શરૂ કરે છે ત્યારે એ બીજા દેહધારી આત્માઓના સંપર્કમાં આવે છે. હવે માનવદેહ તો ખૂબ ખૂબ પુરાણકાળના પથ્થર યુગમાં પ્રવર્તતી પાશવી અવસ્થામાંથી આગળ વધેલો છે. અને એ કાળમાં હિંસક પશુઓ સાથે જીવવું પડેલું ને તેથી એણે અપાર ભય અને દુઃખ હજારો વર્ષ દરમિયાન એણે લીધેલા જન્મો દરમિયાન અનુભવેલાં. એ ભયમાંથી જે ક્રોધ અને ધિક્કારની નકારાત્મક લાગણીઓ એના આધારમાં વણાઈ ગયેલી એના અંશો ઠીક ઠીક માત્રામાં હજુ ય એનામાં જીવિત છે. આમ આત્માની પ્રેમ અને શાંતિની હકારાત્મક લાગણીઓ ઉર્મિઓ તેમજ માનવદેહની ભય, ક્રોધ અને ધિક્કારની ઉર્મિઓનું પોટલું લઈ માનવ જન્મ લે છે.

આમ હકારાત્મક અને નકારાત્મક ઉર્મિઓ જીવાત્મા અને એના શરીર વચ્ચે ભેળસેળ સ્થિતિમાં હોય છે. ને આ અવસ્થા તેમના એકબીજાના લાભમાં હોય છે. જો જીવાત્માને ફક્ત પ્રેમ અને શાંતિનું જ જ્ઞાન હોત તો એને આંતરદૃષ્ટિથી જોવાની શક્તિ પ્રાપ્ત ન થઈ હોત, અને તો એ હકારાત્મક ગુણોની કદર ન કરી શક્યો હોત. જીવાત્માએ માનવ શરીરમાં રહી ભય ઉપર વિજય મેળવ્યો છે કે નહિ તે ચકાસી જોવા માટે જ જીવાત્મા પૃથ્વી પર વારંવાર જન્મ લેતો હોય છે. (આત્મા જન્મો લેતો નથી કારણ કે એ અજન્મા છે છતાં એ જીવાત્મા સાથે જોડાય છે ખરો.)

સ્વપરિચય વિધિકેન્દ્રમાં થતી દરેક જીવાત્માની આ પરિચયવિધિ જે આપણા ગાઈડ સાથેની હોય કે આપણા ગ્રુપના સહપાઠીઓ સાથે હોય કે આપણા ગાઈડથી પણ ઉપરના આત્માઓ સાથે હોય, બધામાં એક બાબત એક સરખી હોય છે. તેમાં પાછલો જન્મ લેતા



પહેલાં આપણે જીવાત્મા લોકમાં હતા ત્યારે શું કહીને ગયેલા, અને એમાંથી શું શું કરવાનું રહી ગયું એનું વિશ્લેષણ કરવામાં આવે છે, જે આપણને સ્પષ્ટ રોકડા શબ્દોમાં જણાવવામાં આવે છે. કોઈ પણ કૃત્ય કરતી વખતે આપણા હેતુઓ કેવા હતા સારા કે ખરાબ એ જરૂર પૂછાય છે ને એની ટીકા પણ કરાય છે, પણ આપણને ઉતારી પાડવામાં આવતા નથી કે જેથી આપણે દુઃખ પામીએ. એનો અર્થ હરગીજ એ નથી કરવાનો કે આપણે બીજાઓને દુઃખ અને હાનિ પહોંચાડવાનાં જે કૃત્યો કર્યાં એમાંથી આપણને મુક્ત કરવામાં આવે છે, કારણ કે આપણે એ બદલ દિલગીરી વ્યક્ત કરી લીધી છે. આવતી જિંદગીઓમાં આપણે એમનું કર્મફળ ભોગવવું જ પડશે. માનવીના મગજના આંતરિક બંધારણમાં નીતિમત્તાનો ભાવ નથી. તેથી સારાસારનો વિવેકબુદ્ધિ જાળવવાની જવાબદારી જીવાત્મા પર રહે છે. આમ છતાં જીવાત્મા જગતમાં ભૂલી જાઓ અને માફ કરો એ વૃત્તિ પ્રચુર માત્રામાં પ્રવર્તતી હોય છે. આ જીવાત્મા લોક અજરઅમર છે, ને તેથી આપણા નવું નવું શીખીને વિકાસ સાધતા જવાની મથામણો માટે આપણને અનંત જન્મો દ્વારા અનંત તકો આપવામાં આવતી હોય છે. ગાઈડ સાથેની લંબાણપૂર્વકની ચર્ચા દ્વારા આપણે આપણો પરિચય પામ્યા, અને આપણે વિકાસના કયા સ્તરે ઉભા છીએ અને હવે ક્યાં જઈ શકાય તે જાણ્યું. આ મુલાકાત પૂરી થયા પછી આપણને એક વિશાળ જગામાં લઈ જવામાં આવે છે, જ્યાં અસંખ્ય ગ્રહોમાંથી આવતા અસંખ્ય જીવાત્માઓ એક વિશાળ સ્થળાંતર હોલમાં એકત્રિત થતા હોય છે, ને ત્યાંથી આપણને આપણા જીવાત્માલોકના કાયમી નિવાસસ્થાન તરફ રવાના કરવામાં આવે છે.

**સ્થળાંતર હોલ :**

પોતાના ગાઈડ સાથે સ્વપરિચય વિધિ પતાવ્યા પછી જીવાત્મા પોતાના અંતિમ ગંતવ્ય સ્નાન તરફ જવાની તૈયારી કરે છે. તે માટે એ એક મોટા હોલમાં જાય છે. જ્યાં બધા જુદા જુદા ગ્રહોથી જીવાત્માઓ બધી દિશાઓથી આવતા હોય છે. આ સ્થળાંતર હોલ એ રહી પડવાની જગા નથી. એ જાણે કે એક અતિ વિશાળ એરપોર્ટ છે જ્યાં જુદી જુદી દિશામાંથી આવતા મુસાફરો જુદી જુદી દિશામાં જતાં વિમાનો દ્વારા રવાના થાય છે.

અહીંથી દરેક જીવાત્મા એક પ્રકારના પ્રવાહમાં ખેંચાય છે ને પોતાના ગંતવ્ય સ્થાન પર આગળ વધે છે. એ વખતે એની સાથે બીજા પણ જીવાત્માઓ જે મૃત્યુ પછી અહીં આવ્યા છે તે પ્રવાહમાં તરતા હોય છે. પણ સૌની તરવાની લેન અલગ અલગ હોય છે. કોઈની ઉપર, તો કોઈની લેન નીચે, પણ કશી અવ્યવસ્થા ત્યાં હોતી નથી. આ પ્રવાહમાં જીવાત્માને આગળ વધવા ધક્કો મારવાનું કામ એના ગાઈડ કરતાં ય ઉચ્ચ કક્ષાના જે આત્માઓ હોય છે તે કરતા હોય છે. રસ્તામાં એને રસ્તાની આજુબાજુમાં પ્રકાશનાં ટપકાંના સમૂહો દેખાય છે. આ ટપકાં જીવાત્માઓ હોય છે ને સમૂહો એ એમનાં નિવાસસ્થાન હોય છે. બધાં ગ્રુપો દ્રાક્ષનાં ઝુમખાંની જેમ એક બીજાથી અલગ હોય છે. જીવાત્માને રસ્તે આવતાં ઝૂંડ સાથે

ખાસ પરિચય હોતો નથી, આમ છતાં એમના વિચારો એનાથી પકડાય છે. અહીં કોઈ અજાણ્યું લાગતું નથી (આત્મા સર્વજ્ઞ છે), કોઈ પ્રત્યે અણગમો હોતો નથી, પણ મૈત્રીભાવ અને ઐક્યભાવ હોય છે. એકબીજા પ્રત્યે અવિશ્વાસ હોતો નથી પણ એકબીજા સાથે એકત્વ અનુભવાતું હોય છે. નવાસવા જીવો આવા બંધુત્વની ભાવનાવાળા વાતાવરણમાંથી પૃથ્વી પર જન્મ લે છે ત્યારે ત્યાંના અવિશ્વાસના વાતાવરણથી તેમને આંચકા લાગે છે. ને તેથી પૃથ્વી પરના શરીરમાં ગોઠવાતાં એમને કેટલાય જન્મો લાગે છે. એવા આત્માઓ માનવ મન વડે બરાબર કામ કરી શકતા નથી, ને તેથી એવા જીવાત્માઓમાં ઘણો ભય અને ઉગ્રતા ઘૂસી જાય છે. તે અવગુણોને દૂર કરી ઉપર ઉઠવા માટે એમણે પૃથ્વી પર ઘણા જન્મો લેવા પડે છે. આથી આવા જીવાત્માઓ મૃત્યુ પછી જ્યારે પોતાના ગ્રુપમાં પાછા ફરે છે ત્યારે એમને પોતાના ગ્રુપના સભ્યોની મદદની ઘણી જરૂર છે.

પોતાના ગ્રુપના સ્થાન નજીક પહોંચતા સુધીમાં એની ગતિ ધીમી પડી જાય છે. આજુ બાજુના ગ્રુપના સભ્યો એને આછોપાતળો ઓળખતા હોવાથી એમના હાથ ઉંચા કરી એના આગમનને વધાવે છે. પણ ખરાં જોરદાર વધામણાં તો એના પોતાના ગ્રુપના સભ્યો જ કરે છે. તેઓ જે કંઈ પ્રવૃત્તિ કરતા હોય તે છોડી જોરદાર અવાજે એનું સ્વાગત કરે છે. જે ગ્રુપના સભ્યો સાથે જીવાત્મા આમ આવીને જોડાય છે એ સભ્યો એની સાથે અનેક જન્મોથી જોડાયેલા હોય છે. આથી એમને મળી એ ઘણો આનંદ પામે છે ને નિરાંત અનુભવે છે. જીવાત્મા પોતાના ગ્રુપના સભ્યો જ્યાં રહે છે તે જગા છોડી બીજાઓના ગ્રુપની જગા પર જઈ શકતો નથી. હા, એમાંથી કોઈને તે ઓળખતો હોય તો એ તેની સાથે ટેલીપથીથી એના મન સાથે તત્કાળ સંપર્ક સ્થાપી શકે છે. જીવાત્માને આ સમયગાળામાં ઘણી વાર કોઈ એક ખાસ વ્યક્તિ કે પ્રિયજન જે મા-બાપ કે પતિ-પત્ની હોઈ શકે તે એને મળવા કેમ ન આવી, અથવા તો માનસિક રીતે એનો સંપર્ક કેમ ન કર્યો એનું આશ્ચર્ય થતું હોય છે. પણ અહીં થાળે પડતા સુધીમાં એનું કારણ એ ટેલીપથીથી જાણી લે છે કે એ જીવાત્માએ પૃથ્વી પર નવો જન્મ લઈ લીધો છે. આમ જેઓએ એક યા વધુ દેહો ધરી પૃથ્વી પર જન્મ લઈ લીધો છે તેઓ મૃતકના જીવાત્માને મહાદ્વારે કે ગ્રુપમાં આવકારવા પોતાની ઈચ્છા ન હોવાથી હાજર રહેતા નથી. પણ જેમની ઈચ્છા હોય તેઓ નવો જન્મ લઈ ચૂક્યા હોય છતાં મહાદ્વારે હાજર રહેતા હોય છે.

### વડીલોની મંડળી સમક્ષ હાજર થવું :

પોતાના ગ્રુપમાં આવી પહોંચ્યા પછી તરત જ થોડા જ સમયમાં જીવાત્માને ''વડીલોની મંડળી'' સમક્ષ હાજર થવાનું ફરમાન મળે છે. તેઓ કોર્ટમાં ખટલો ચલાવતા હોય એ રીતે નહિ, પણ તો ય ખાસ્સી વિગતે જીવાત્માની પૂછપરછ કરતા હોય છે. આ વડીલોની મંડળીમાં નવાસવા જીવાત્માઓ માટે ત્રણ, અને અનુભવી જીવાત્માઓ માટે સાત સુધીના સભ્યો



હોય છે. જીવાત્માને દર વખતે એમની સમક્ષ બે વખત હાજર થવાનું હોય છે. પહેલી વાર મરણ પામ્યા પછી જીવાત્મા પોતાના ગ્રુપમાં આવી પહોંચે પછી તરત જ, અને બીજી વાર નવો જન્મ લેતા પહેલાં. વડીલોની મંડળી સમક્ષ હાજર થઈએ ત્યારે આપણો ગાઈડ પણ આપણી સાથે હોય છે. વડીલોએ પૂછેલો કોઈ સવાલ ન સમજાય તો તે આપણને સમજાવે છે, ને કોઈ વાર આપણા વતીથી જવાબ પણ આપે છે. આ મિટીંગ એક હોલ જેવી જગામાં થાય છે.

પહેલી વારની મીટીંગમાં આપણે હમણાં જ જે જીવન જીવીને આવ્યા એનું સંપૂર્ણ અવલોકન કરાય છે. જીવનમાં આવેલા વિવિધ ત્રિભેટાઓ વખતે આપણે જે વ્યવહાર કર્યા એનાં લેખાં જોખાં લેવાય છે. વડીલોનો ઉદ્દેશ જીવાત્માને એનાં કૃત્યો બદલ ઉતારી પાડવાનો કે સ્વભાવની ખામીઓ બદલ સજા કરવાનો હોતો નથી. તેઓ સવાલ એ ઉદ્દેશથી પૂછે છે કે જેથી જીવાત્માને ભાન થાય કે પોતે કેવી રીતે ભૂલો કરી, ને તેથી તે જાગ્રત થાય ને નવા જન્મ વખતે એ પ્રકારની ભૂલો ટાળી શકાય તથા પોતાના નવા જીવનનું ધ્યેય સિદ્ધ કરી શકાય. એમના સવાલો એકદમ ધારદાર હોય છે, ને સાથે સાથે લાભદાયી પણ ખરાં. તેઓ પ્રેમાળ પણ શિસ્તપ્રિય મા-બાપ જેવા અથવા ઉત્સાહપ્રેરક શિક્ષક જેવા હોય છે. ખાસ વાત તો એ હોય છે કે એ ઓરડામાં રહેલા બધા આત્માઓ વિચાર સંક્રમણની (Telepathy) શક્તિ ધરાવતા હોવાથી દરેકના મનમાં ચાલતા વિચારો તત્ક્ષણ જાણી લેતા હોય છે. આથી સહેજ પણ છેતરપીંડી કે જૂઠ ચાલી શકતાં નથી. વડીલો આપણા ધ્યાન પર એક જ વાત લાવવા માંગે છે કે બીજાઓની સાથે તમે જે પણ પ્રકારનો વ્યવહાર કરશો એની જવાબદારી તમારી જ રહેશે.

વડીલો એ પણ વિગતવાર પૂછતા હોય છે કે જે શરીર લઈને આપણે પૃથ્વી પર ગયેલા એ આપણને આત્મિક વિકાસ સાધવામાં મદદરૂપ થયું કે વિરોધી રહ્યું. એમને એ જાણવું જરૂરી હોય છે કારણ હવે પછીના જન્મ વખતે તમને કયા પ્રકારનું શરીર આપવું એનો નિર્ણય એમણે લેવાનો હોય છે. આપણું જીવનધ્યેય શું છે તે તેઓ જાણવા માગતા હોય છે. તેઓ આપણો આખો ભૂતકાળ જાણતા હોય છે, ને કયા શરીર વડે શું શું કર્યું તે પણ જાણતા હોય છે. આથી આપણે જે પ્રકારનાં વર્તન કર્યાં એ માટે ''દબાણ કરનારાં પરિબળ હતાં'', ''મારી ભ્રામક માન્યતાઓથી હું એમ વર્ત્યો'' અથવા ''મારી સાથે જોડાયેલી વ્યક્તિઓ પ્રત્યેની ખોટી લાગણીઓને લીધે એવાં વર્તન થયાં'' એ બધી બહાનાબાજી ચાલતી નથી.

વડીલ મંડળી એ જાણવા માંગતી હોય છે કે આપણા આત્માનું જે મૂળ સ્વરૂપ છે ને જે આદર્શો અને વ્યવહારો પર તે નભેલું છે, તે આપણા પાછલા જન્મમાં આપણે સાચવ્યું કે નહિ. તેઓ એ જાણવા માંગતા હોય છે કે જે શરીર ધારણ કરીને આપણે પૃથ્વી પર ગયા હતા એનાથી આપણે દબાઈ ગયા કે પછી એનો સદુપયોગ કરી આપણે આપણું જીવન

ઉજાળ્યું. આપણો જીવાત્મા જે સ્થૂળ શરીરમાં ગયેલો તેના મગજ સાથે તે એકરૂપ થઈને એક સંતુલિત વ્યક્તિ તરીકે જગતમાં વ્યક્ત થયો કે નહિ. આપણી શક્તિઓની અસર હકારાત્મક રહી, કે પછી બીજાઓ પર સત્તા ચલાવવાના આશયથી મલિન થઈ હતી. આપણે બીજાઓની માન્યતાઓ મુજબ દોરવાયેલા રહ્યા ને આપણી શક્તિ દેખાડી ન શક્યા, કે પછી આપણા મૌલિક વિચારો દ્વારા આપણે જગતને પ્રદાન કરતા રહ્યા. વડીલ મંડળીને આપણે કેટલીક વાર પડ્યા આખડ્યા એની સાથે સંબંધ નથી હોતો, પણ આપણે પડીને કેટલી વાર હિંમતથી ઉભા થયા ને આપણા લક્ષ સુધી ચાલી શક્યા એની સાથે હોય છે.

વડીલ મંડળી માત્ર આપણા તરતમાં જીવીને આવેલા જીવન વિષે પ્રશ્નો પૂછતી નથી. તેઓ આપણા અનંત જન્મોનો ઉપસંહાર કરી એ જાણવા માંગતા હોય છે કે આપણે વિકાસ કરતા જઈ આગળ વધતા જઈએ છીએ કે નહિ. આપણામાં જે સુષુપ્ત શક્તિઓ ભરી પડેલી છે એનો પૂરો ઉપયોગ આપણા વિકાસ માટે કરીએ છીએ કે નહિ.

વડીલ મંડળી હોલ છોડતા પહેલાં આપણને એ સલાહ આપતી હોય છે કે બીજાઓની સાથે તમારી જાતને સરખાવી ન હરખાઓ કે તમે એમના કરતાં સારું જીવન જીવીને આવ્યા છો. એમની રજા લઈને હોલની બહાર નીકળતાં આપણને એવો અનુભવ થાય છે કે આપણામાં આપણી જાત પ્રત્યે જે હીનભાવ હતો તે એમણે ચૂસી લીધો છે, ને આપણને એમના પ્રેમમાં નવડાવી આપણને તાજામાજા સ્વચ્છ કરી દીધા છે. વડીલ મંડળીને મળીને તમે બહાર નીકળો છો ત્યારે તમો એમણે જે સ્થિતિ પ્રાપ્ત કરેલી છે એનાથી અભિભૂત થયેલા હો છો. ધીરજના મહાસાગર જેવા તેઓ તમને દેખાય છે. પરિણામે પાછલા જન્મમાં તમે જે દુષ્કૃત્યો કરીને આવ્યો હો છો, જે ખરાબ વ્યવહારો કરીને આવ્યા હો છો એ બધા બદલ પશ્ચાતાપની ભાવના તમારામાં ઉભરાય છે. સાથે સાથે એક અતિ કઠિન જીવન જીવીને તમે જે પ્રાપ્ત કરો છો તે તમારી સાથે અનંતકાળ સુધી ટકે છે.

## જીવાત્માનું કાયમી નિવાસસ્થાન :

મૃત્યુ પછી જીવાત્મા અહીં તહીં ભટકતો રહે છે, અથવા નર્કમાં સબડે છે કે સ્વર્ગમાં સુખો માણે છે એ માન્યતાઓ સાચી નથી. દરેક જીવાત્માને જીવાત્મા લોકમાં રહેવા માટે એક કાયમી નિવાસસ્થાન આપવામાં આવેલું હોય છે, જ્યાં એ જાગૃતિનું લગભગ એક સરખું લેવલ ધરાવતા બીજા જીવાત્માઓ સાથે જાણેકે એક હોસ્ટેલ રૂમમાં રહે છે. આ ગ્રુપ એનું મુખ્ય જીવાત્મા ગ્રુપ હોય છે. આ ગ્રુપમાં જાગૃતિના લેવલે બધા સમોવડિયા હોય છે ને એમને એકબીજા પ્રત્યે ખૂબ ભારે લગાવ હોય છે.

જીવાત્માને બીજા એક ગૌણ ગ્રુપ સાથે પણ સંબંધ હોય છે. તે ગ્રુપના સભ્યોને તે જાણતો હોય છે ખરો, પણ એમની સાથેનો સંબંધ ખૂબ ગાઢ નથી હોતો.



જીવાત્માને ત્રીજા એક ગૌણ ગ્રુપ સાથે પણ સંબંધ હોય છે, જેને બૃહદ ગૌણ ગ્રુપ કહી શકાય. આ ગ્રુપ અનેક મુખ્ય ગ્રુપોનું બનેલું હોય છે, કે જે એકબીજા સાથે સંકળાયેલાં હોય છે. આમાં એક હજારથી ય વધુ જીવાત્માઓ હોય છે.

મુખ્ય ગ્રુપમાં સરાસરી ૧૫ જીવાત્માઓ હોય છે. એક જ મુખ્ય ગ્રુપના સભ્યો અનંત કાળથી એકબીજા સાથે જોડાયેલા હોય છે. આ ગ્રુપમાં એકસરખી વિચારસરણી અને એકસરખું જીવન ધ્યેય ધરાવતા જીવાત્માઓ હોય છે. આથી પોતાનું ધ્યેય પૂરું કરવા જ્યારે તેઓ જન્મ લે ત્યારે સામાન્ય રીતે તેઓ નજીકના સંબંધી તરીકે અથવા અંગત મિત્ર તરીકે જીવવાનું પસંદ કરતા હોય છે.

આવા મુખ્ય ગ્રુપમાં ભાઈ બહેન હોય ખરાં, પણ મા-બાપ હોતાં નથી. (તેઓ ગૌણ ગૃપના સભ્યો હોય છે.) મા-બાપ આપણને મહાદ્વારે આવકારવા આવે ખરાં, પણ પછી એમનો ભેટો જીવાત્મા લોકમાં ભાગ્યે જ થતો હોય છે. તે એ કારણથી નહિ કે તેઓની જાગૃતિનું લેવલ એમનાં બાળકોથી નીચું હોય છે, પણ એ કારણથી કે તેઓ એમનાં બાળકો વર્તમાનકાળના જે સમયગાળામાં જન્મેલાં હોય છે એના કરતાં તેઓ પુરાણા સમયગાળાનાં હોવાથી તેમનાં બાળકો એમની પાસેથી ઓછું શીખી શકે.

આપણાં સારાં યા માઠાં કર્મોના પરિપાક રૂપે આપણને મા-બાપ મળતાં હોય છે એ વાત સાચી, પણ આપણા જીવનવિકાસનો બધો આધાર તો આપણા આખા જીવન દરમિયાન જે આપણી સાથે જીવવાનાં છે તે આપણાં પતિ કે પત્ની, ભાઈ કે બહેન અને અંગત મિત્રો સાથેના સંબંધોમાંથી આપણે કેવી રીતે પસાર થઈએ છીએ એ પર રહેતો હોય છે. એનો અર્થ હરગીજ એવો નથી કે અગાઉની જે પેઢીઓ હોય છે - મા-બાપની, કાકા-કાકીની, દાદા-દાદીની, મામા-મામીની, નાના-નાનીની તે આપણને જીવનમાં જે કંઈ ને કંઈ પ્રદાન કરી ગઈ એનું મહત્ત્વ ઓછું હોય છે.

## જીવાત્માની દિનચર્યા :

જીવાત્મા વડીલોની મંડળી સમક્ષ હાજર થઈને આવ્યો ને એને પાછલા જન્મોમાં કરેલી ભૂલો બતાવવામાં આવી ને ભવિષ્યમાં લેવાનારા જન્મોમાં એનું પુનરાવર્તન ન કરાય એની શીખ આપવામાં આવી. હવે એ પોતાના ગ્રુપમાં પાછો આવી ગયો છે ને રોજિંદી પ્રવૃત્તિઓમાં જોડાઈ જાય છે. એ એના ગ્રુપના બીજા સભ્યો સાથે એક સ્થળે જાય છે જે શાળા જેવું હોય છે. એ ઘણું વિશાળ હોય છે ને તેમાં અનેક ઓરડા હોય છે. દરેક ગ્રુપ માટે અલગ અલગ ખાસ અલાયદો ઓરડો હોય છે. જીવાત્મા એ ઓરડામાં પ્રવેશ કરે છે ને ત્યાં એનો ભેટો એક ગંભીર મુખમુદ્રા ધરાવનાર વ્યક્તિ સાથે થાય છે. આ ઓરડો તે ગ્રુપનો એક પ્રકારનો કલાસ રૂમ હોય છે. ને તેમાં ગ્રુપના દરેક જીવાત્માના પાછલા અનંત અવતારોનાં

પુસ્તક હોય છે. એ એક રીતે કહીએ તો એ એક લાયબ્રેરી હોય છે. દરેક જન્મ માટે અલાયદું પુસ્તક હોય છે. જે ત્રણ-ચાર ઈંચ જેટલું જાડું હોય છે. એમાં કોઈ ખાસ લખાણ નથી હોતું, પણ એમાં જીવાત્માના એ જન્મમાં બનેલા બધા બનાવોનાં ત્રિપરિમાણ ધરાવતાં જીવંત ચિત્રો હોય છે. માનો કે એ વીડીઓ સીડી જેવું હોય છે. લાયબ્રેરિયન જીવાત્માની ઈચ્છા મુજબ જે તે જન્મનું પુસ્તક દરેક જીવાત્માને આપે છે. ને દરેક જીવાત્મા પોતાના માટે રીઝર્વ રખાયેલા ટેબલ પર બેસી પોતાનું જીવનચરિત્ર જુએ છે. એણે અમુક જીવનમાં જે જે કૃત્ય કર્યા, જે વર્તન કર્યા, જે સારો કે માઠો વ્યવહાર કર્યો તે બધું પોતાને તે વર્તમાનમાં કરતો હોય એમ જોઈ શકે છે. પોતાના જીવનનાં બધાં પુસ્તકો જોઈ લીધા પછી જીવાત્મા એના ગ્રુપના બીજા સભ્યોના પાછલા જન્મોનાં પુસ્તકો જુએ છે. આમ અરસપરસના જીવનચિત્રો જોવાથી કોણે કયા જીવનમાં સારું-માઠું કર્યું તે બધા જાણી લે છે. તે પછી ગ્રુપ ચર્ચામાં એક બીજાનાં એ કૃત્યોનાં લેખાજોખાં લેવાય છે. એ ચર્ચાઓ ખૂબ નિખાલસ હોય છે, ને અમુક વર્તન બદલ કોઈ જીવાત્માની તેઓ હસી મજાક પણ કરી લેતા હોય છે. તેઓ જ્યારે પૃથ્વી પર સ્થૂળ શરીરોમાં હતા ત્યારે એ બનવાજોગ છે કે એક જીવાત્માએ પોતાના જ ગ્રુપના બીજા દેહધારી જીવાત્મા સાથે ખૂબ ખરાબ વ્યવહાર કર્યો હોય. દા.ત. પતિએ પત્ની સાથે, પણ સ્થૂળ દેહના મરણ સાથે એ ખરાબ વ્યવહાર ભૂલી જવામાં આવતો હોય છે, માફી આપવાની ભાવના સાથે નહિ, પણ સહનશીલતા કેળવવાની ભાવના સાથે.

આ લાયબ્રેરીની વ્યવસ્થા રાખવા પાછળનો આશય એ હોય છે કે આપણા જીવનચક્ર દરમિયાન આપણે શી શી ભૂલો કરી તે આપણે અને આપણા ગ્રુપના બીજા સભ્યો જાણી શકે, ને આપણે તેમણે શી ભૂલો કરી તે જાણી શકીએ. આમ એકબીજાએ કરેલી ભૂલોની આ ખુલ્લા દિલે સઘન ચર્ચા કરીને આપણે બોધ લેતા હોઈએ છીએ, ને આપણી સમજ અને જ્ઞાનમાં વધારો કરતા હોઈએ છીએ.

## જીવાત્માઓનું સ્વરૂપ :

જીવાત્માઓ વાદળના ગોટા જેવા હોય છે. એટલે કે ઉર્જાના ગોટા જેવા જે અંદરથી પ્રકાશિત હોય છે, ઝગારા મારતા આગિયા જેવા. એમને આંખોની જગાએ બે ટપકાં હોય છે, પણ પોપચાં કે ડોળા હોતા નથી ને મોંની જગ્યાએ એક લીટી કોઈક વાર દેખાય છે. આંખોના ટપકાં ઘેરાં રંગના હોય છે, કારણ ત્યાં વધુ માત્રામાં ઉર્જા એકત્રિત થયેલી હોય છે ને તેમાંથી નીકળતા પ્રકાશ દ્વારા તેઓ પોતાના વિચારો બહાર મોકલતા હોય છે. તેઓ ઈચ્છે તો કોઈ પણ માનવરૂપ એમણે જે ભૂતકાળમાં ધારણ કરેલું તે રૂપ ધારણ કરી શકે છે. સામેની વ્યક્તિ એમને કયા સ્વરૂપે મળવા માંગે છે એ પર એનો આધાર રાખે છે. આમ માનવસ્વરૂપ ધારણ કરવાનો આધાર સમય, સ્થળ, એમની માનસિક સ્થિતિ અને



વાતાવરણમાં કેવા પ્રકારનો મૂડ છે એ પર આધાર રાખે છે. એમનો દેહ પારદર્શક હોય છે જેની આરપાર જોઈ શકાય છે. આ દેહને એમની કક્ષા અનુસાર રંગ હોય છે. સફેદ, પીળો, સોનેરી, લીલો, બ્લ્યૂ, જાંબુડીયો વગેરે.

## આભા :

દરેક જીવંત વ્યક્તિ પોતાની એક ખાસ રંગની આભા છોડતી હોય છે. રશિયામાં વિકસાવેલી કિરલીયન ફોટોગ્રાફી વડે હવે તો એ આભાના ફોટા પણ લઈ શકાય છે. આપણી આત્મિક ઉર્જા આપણા સૂક્ષ્મ શરીરમાં રહેલાં ચક્રોમાં પરિભ્રમણ કરે છે ને તેમાંથી રંગીન અણુઓ રૂપે બહાર પ્રગટ થતી હોય છે, જે આભારૂપે દેખાય છે. વ્યક્તિની આભા એ વ્યક્તિ કેવા પ્રકારના વિચારો અને ભાવનાઓને વ્યક્ત કરે છે તે તો દર્શાવે જ છે, પણ સાથે સાથે એના શરીરની તંદુરસ્તી કેવી છે તે પણ દર્શાવે છે. આ આભા પરથી વ્યક્તિને ભવિષ્યમાં થનારા રોગો અગાઉથી જાણી શકાય છે. (વનસ્પતિ પણ પોતાની આભા છોડતી હોય છે ને તેથી કિરલીયન ફોટોગ્રાફી વડે ફોટા લઈ ઘઉં કે સોયાબીના કે બીજા પાકોમાં આ વખતના પાકમાં આવનાર રોગો અગાઉથી જાણી લઈ એનાં આગોતરાં પગલાં ભરી શકાય છે.)

એક રીતે કહીએ તો વ્યક્તિ પોતાના વિકાસની કક્ષા અનુસાર પોતાની આત્મિક ઉર્જાને બહાર વ્યક્ત કરતી હોય છે જે જુદા જુદા રંગની હોય છે. દરેક વ્યક્તિને પોતાનાં આંદોલનોનું એક સ્તર હોય છે ને એ સ્તર મુજબ એ રંગની આભા એ છોડતી હોય છે. આપણા વિકાસની યાત્રા જીવાત્મા તરીકે આપણું પ્રથમ વાર સર્જન થયું ત્યારથી શરૂ થાય છે, ને તે પછી જેમ જેમ આપણે સ્થૂળ શરીરોમાં જન્મ લેતા જઈએ તેમ તેમ આપણું લેવલ ઊંચું થતું જાય છે. કેટલીક જિંદગીઓમાં આપણે પડીએ આખડીએ પણ ખરા, પણ ફરી પાછા ઊભા થઈ આપણે આપણી યાત્રા ચાલુ રાખતા હોઈએ છીએ. પણ એક વાર જીવાત્માએ અમુક લેવલ પ્રાપ્ત કર્યું પછી તે પડવા આખડવા છતાં જળવાઈ રહેતું હોય છે. (આથી એક વાર મનુષ્ય દેહમાં આવ્યા પછી પશુ યોનિમાં જન્મ લેવાનું થતું નથી.)

આપણી આભાના રંગનો આધાર આપણા જ્ઞાનનું અને આપણી અનુભૂતિનું (Perception) સ્તર કેટલું ઊંચું છે તે પર રહે છે. આપણે અમુક રંગની આભા બહાર છોડતા હોઈએ છીએ ને સાથે સાથે બહારથી એ રંગની આભા સ્વીકારતા પણ હોઈએ છીએ. એ આભાના રંગથી આપણે કેટલો આત્મિક વિકાસ સાધેલો છે તે આપણા સંપર્કમાં આવનાર દરેક જીવાત્મા આપણા રંગ ઉપરથી જ જાણી શકે છે.

લેવલ ૧ના નવાસવા જીવાત્માઓની આભાનો રંગ સફેદ હોય છે. લેવલ-૨ના જીવાત્માઓનો રંગ પીળો હોય છે. ત્રીજા લેવલના જીવાત્માઓ સોનેરી રંગના હોય છે. ચોથા લેવલના જીવાત્માઓ લીલા રંગના હોય છે. પાંચમા લેવલના જીવાત્માઓનો રંગ

આછો બ્લ્યૂ હોય છે. છઠ્ઠા લેવલના જીવાત્માઓનો રંગ ઘેરો બ્લ્યૂ હોય છે, અને સૌથી ઉચ્ચત્તમ જીવાત્માઓનો રંગ જાંબુડિયો (Purple) હોય છે. જીવાત્માની આભા અને સ્થૂળ શરીરની આભામાં ફરક હોય છે. શરીરની આભાનો આધાર એના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પર રહે છે. જ્યારે જીવાત્માની આભાનો આધાર એના ગુણધર્મ અને એણે મેળવેલી પ્રાપ્તિ પર રહે છે. આ રંગો પરથી જીવાત્માઓ જીવાત્મા લોકમાં એકબીજાને મળે છે ત્યારે કોણ કયા લેવલનો છે તે તત્ક્ષણ જાણી શકે છે. (પૃથ્વી પર જે ઉચ્ચ કક્ષાના સંતો હોય છે તે હજારો વ્યક્તિઓના સમુહમાંથી કઈ વ્યક્તિ ''અધિકારી'' છે તે તત્ક્ષણ જાણી શકે છે, કારણ એમને વ્યક્તિની આભા જોઈ શકવાની ઉપલબ્ધિ પ્રાપ્ત થયેલી હોય છે.)

પૃથ્વી પર ગરીબ અને તવંગર એવા જે લેવલના ભેદ છે તે પ્રકારના વર્ણભેદ જીવાત્મા લોકમાં હોતા નથી. ત્યાં આત્મિક વિકાસ પ્રમાણેના ભેદ હોય છે ને તે જીવાત્માના રંગ પરથી જાણી શકાય છે. એવું પણ બને કે ખૂબ વિકસિત થયેલા જીવાત્માને વધુ વિકાસ પામવા ગરીબ ઘરમાં જન્મ લેવો પડ્યો હોય દા.ત. કબીર, નરસિંહ, રઈદાસ, મોટા વગેરે. ને જે પૃથ્વી પર કરોડપતિ હોય કે રાજા હોય કે રાષ્ટ્રપ્રમુખ હોય તે પહેલા લેવલનો જીવાત્મા પણ હોય દા.ત. દુર્યોધન, હીટલર વગેરે.

જુદા જુદા લેવલના જીવાત્માઓ પોતાનો આત્મિક વિકાસ સાધવા પૃથ્વી પર જન્મ લેતા હોય છે. પણ જીવાત્મા લોકમાં એમના ગ્રુપનું ગઠન કેવી રીતે થાય તે જોઈએ :

- જીવાત્માઓ નવા સવા જન્મ લે પછી અનેક જન્મો લીધા પછી એક લેવલ પ્રાપ્ત કરે છે. તે પછી એમનું ૨૦-૨૫ જીવાત્માઓનું એક ગ્રુપ બનાવવામાં આવે છે.
- આ ગ્રુપ બનાવવા માટે એકસરખી સમજના જીવાત્માઓ હોય એ જરૂરી હોય છે. તેથી એમના અહમ્‌નું સ્તર, એમની ઈચ્છાઓનું સ્તર, એમની અભિવ્યક્તિનું સ્તર અને એમની જાગૃતિનું સ્તર એક સરખું હોય છે એની ગણતરી લેવાય છે.
- આવું એક પ્રધાન ગ્રુપ બન્યું પછી એમાં નવા સભ્યો ઉમેરવામાં આવતા નથી.
- ગ્રુપના સભ્યો એકબીજાની ઉર્જા સાથે સીધો સીધા ભળતા નથી, પણ તેઓ એકબીજા સાથે સંવાદ સાધી શકે. પતિ કે પત્ની એકબીજામાં ઉર્જાના સ્તરે ન ભળે, પણ બાળકો કે મિત્રો દ્વારા ઉર્જાના સ્તરે સંવાદ સાધી શકે.
- ગ્રુપમાંથી કોઈ વ્યક્તિ અસાધારણ સાધના કરી આગળના લેવલની સિદ્ધિ પ્રાપ્ત કરી લે, તો બીજાં આવાં ગ્રુપોમાંથી એવી બીજી સિદ્ધિ પ્રાપ્ત વ્યક્તિઓને એકઠી કરી એમનું એક નવું ઊંચા લેવલનું ગ્રુપ બનાવવામાં આવે છે. આમ છતાં દરેક જીવાત્માનો મૂળ ગાઈડ તો એનો એ જ રહે છે.
- ગ્રુપના દરેક સભ્યનો આત્મિક વિકાસ એક સરખો ન રહે એ સ્વાભાવિક છે. ભય, ક્રોધ, મોહ, લોભ, ઈર્ષા, કપટ, અહંકાર વગેરે દુર્ગુણોથી મુક્ત થવાનું છે. ધારો કે કોઈ જીવાત્મો એમાંથી ઘણા ઉપર વિજય મેળવ્યો છે, તો એને અમુક સમયે બીજા એવા આગળ



વધેલા ગ્રુપમાં અભ્યાસ માટે જવાની પરવાનગી આપવામાં આવે છે. પણ એનું સભ્યપદ તો એના મૂળ ગ્રુપનું જ રહે છે.

- એક વાર કોઈ જીવાત્માએ બધી ક્ષતિઓ પર વિજય મેળવ્યો પછી એને સ્વતંત્ર રીતે વિકાસ સાધવાની રજા આપવામાં આવે છે, આત્મસાક્ષાત્કારી વ્યક્તિઓ જેવી કે શ્રી અરવિંદ, શ્રી જે. કૃષ્ણમૂર્તિ, શ્રી વિમલા ઠકાર, શ્રી મોટા, શ્રી રંગઅવધૂત, શ્રી મુક્તાનંદ વગેરે. આમ છતાં જ્યાં સુધી ઉચ્ચતમ સાધના કરી બ્રહ્મમાં પુનઃ ભળી ન જવાય ત્યાં સુધી એમની સાધના ચાલુ રહે છે. ને તેઓ હજુ બ્રહ્મમાં વિલિન થઈ ન ગયા હોઈ એમનો સંબંધ એમના ગ્રુપના સભ્યો સાથે પણ જીવંત રહે છે. (તમે એક વાર મારી આંગળી પકડી પછી તમે એને છોડી દેશો તો ય હું તમને નહિ છોડું - પૂ. શ્રી મોટા)

**આપણા ગાઈડ :**

ગાઈડો ઉચ્ચ આત્મિક વિકાસ પામેલા જીવાત્માઓ જ હોય છે. ઈશ્વરે દરેક જીવાત્મા માટે એના પહેલા જન્મથી જ એક ગાઈડ નક્કી કરી આપેલો હોય છે. આમ આપણો ગાઈડ લાખો જન્મથી આપણી સાથે છે. આપણા સૂક્ષ્મ શરીરનો દેખાવ અને એને અપાયેલું નામ પહેલા જન્મથી છેલ્લા જન્મ એટલે કે મુક્તિ સુધી એનું એ જ જળવાઈ રહે છે. આપણા સ્થૂળ શરીરનો દેખાવ ને એનું નામ દર જન્મે બદલાય, પણ સૂક્ષ્મ શરીરનો દેખાવ અને નામ એનું એ જ રહેતું હોવાથી દરેક જીવાત્મા એકબીજાને તરત જ ઓળખી શકે છે. ને એ જ નામથી બોલાવે છે. એ જ રીતે આપણા ગાઈડનું પણ સમજવું.

આપણા આત્મિક વિકાસની જવાબદારી આપણી જ હોય છે, પણ આપણા યોગક્ષેમ (Welbeing) ની જવાબદારી આપણા ગાઈડની હોય છે. લાખો વર્ષોથી તેઓ આપણને આપણી જાણ બહાર આપણા આપત્તિકાળમાં મદદ કરતા આવ્યા છે ને કરશે, ને તેમની મદદ કરવાની રીતો અલગ અલગ હોય છે.

દરેક જીવાત્મા માટે એના ગાઈડની પસંદગી ખૂબ કાળજીપૂર્વક કરવામાં આવે છે. દરેક જીવાત્માને ઓછામાં ઓછો એક ઉચ્ચ કક્ષાનો ગાઈડ તો હોય છે જ, પણ તે ઉપરાંત પરિસ્થિતિ મુજબ એને જુનિયર કક્ષાના ગાઈડ પણ આપવામાં આવે છે. જે જીવાત્માઓએ આગળ વર્ણવી એ ત્રીજા લેવલની સિદ્ધિ પ્રાપ્ત કરી એમને જુનિયર ગાઈડ તરીકે લેવામાં આવતા હોય છે.

ગાઈડ બનવા માટે અમુક ગુણોની આવશ્યકતા હોય છે. તે કરૂણાસભર હોવો જોઈએ પણ સાથે સાથે બહુ જલદીથી પલળી જાય એવો ન હોવો જોઈએ. તે ન્યાય તોળવાની વૃત્તિવાળો ન હોવો જોઈએ, એટલે કે સખત ટીકાકાર ન હોવો જોઈએ. તે કહે તે જ તમારે કરવું પડે એવો જોહુકમીવાળો ન હોવો જોઈએ. પોતાનાં મૂલ્યો તમારા પર થોપે એવો ન હોવો જોઈએ. તમને કામ કરતા અટકાવે અથવા સીમિત કરે એવો ન હોવો જોઈએ (આત્મા

તરીકે તમને સ્વતંત્ર ઈચ્છા મળેલી છે ને તેથી તમે ગમે તે સારું યા માઠું કરવા સ્વતંત્ર છો, અલબત્ત એનાં સારાં કે માઠાં પરિણામ તમારે ભોગવવા પડતાં હોય છે - ઋણ ચૂકવવાં પડતાં હોય છે.) તમારો ગાઈડ તમારા ગ્રુપના સભ્યોનો ઉત્સાહ વધારે છે ને તમારામાં આત્મવિશ્વાસ જગાવે છે. તમે જેવા છો તેવા જ તમને તે સ્વીકારે છે. તમને ભૂલો કરવાનો પૂરો અધિકાર હોય છે. ગાઈડો તમને પસંદ કરે છે, તમે એમને નહિ.

આપણને સવાલ થાય છે કે આપણે મદદ માટે બૂમ પાડીએ તો ગાઈડ તરત દોડી આવે છે ખરો? હા અને ના. તેઓ તમને પૂરેપૂરા જાણતા હોવાથી તેમને ખબર છે કે તમને ખરેખર મદદની જરૂર છે કે નિર્બળતા વશ થઈ તમે એમને પોકારો છો. આપણે આપણા ગાઈડનો સંપર્ક ધ્યાન દ્વારા, અંતઃકરણપૂર્વકની પ્રાર્થના દ્વારા, કોઈ અંતરંગ મિત્ર સાથેની ચર્ચા દ્વારા સાધી શકતા હોઈએ છીએ, ને માર્ગદર્શન મેળવી શકતા હોઈએ છીએ.

આપણે આપણી ઉચ્ચતર ચેતના વડે ખૂબ દૂર સુધી પહોંચે એવાં વિચારનાં મોજાં મોકલવાની શક્તિ ખસૂસ ધરાવતા હોઈએ છીએ. દરેક વ્યક્તિના વિચારો એની ફિંગરપ્રિન્ટ જેવા હોય છે, જેમને ગાઈડ ઓળખે છે ને જાણે છે કે આ વિચારો કોના છે ને આ વ્યક્તિ હાલ ક્યાં છે ને એને ખરી જરૂર શી છે. આપણા જીવનકાળ દરમિયાન અને ખાસ કરીને આપત્તિકાળમાં દરેકને ભાસ થાય છે કે કોઈ એને નિહાળી રહ્યું છે. આપણે એ શક્તિ કોણ છે તે કદાચ કહી ન શકીએ એવું બને, પણ તે ત્યાં હોય છે ખરી ને તે આપણો ગાઈડ હોય છે.

પરમાત્મા-પરબ્રહ્મને જાણવાનું પહેલું પગથિયું ખુદને જાણવાથી શરૂ થાય છે. જગતના એ અધિપતિ સાથે માનસિક અનુસંધાન સાધવાની જે જે કડીઓ છે (Links) તે બધી કડીઓનો સંગ-પરિચય આપણો ગાઈડ આ પહેલા પગથિયાથી શરૂ કરાવે છે. આપણા ગાઈડને પણ વધુ ઉપરનાં પગથિયાં પર રહેલા એના ગાઈડો દોરતા હોય છે. આમ જીવાત્માથી માંડી સર્વ બુદ્ધિમાન ઉર્જાના સ્રોત સમા પરબ્રહ્મ સુધી પહોંચતી એક અખંડ સીડી છે. એ સીડીનું એક એક પગથિયું સીડીના એક ભાગ રૂપે હોય છે, ને આપણે આપણા ગાઈડના માર્ગદર્શન તળે દરેક પગથિયું ચડતા જઈ અંતે પરબ્રહ્મમમાં ભળી જવાનું છે, આ છે અંતિમ મુક્તિ. ને તમે ચાહો તો તમારા ગાઈડને તમે ગુરૂના નામે ઓળખી શકો.

તમારે એ વાત પર વિશ્વાસ કરવાનો છે કે મદદ માટે તમે કરેલી ખરેખરી પ્રાર્થનાનો જવાબ તમારા જ ઉચ્ચ સ્રોત તરફથી મળશે જ. જો આપણે મનને આરામદાયક સ્થિતિમાં મોકળું (Relaxed) થવા દઈએ, ને ચિત્તને સ્થિર કરી ધ્યાન દઈએ તો આપણો અંતરાત્મા જે સર્વજ્ઞ છે તે આપણી સાથે વાત કરશે જ, ને માનો કે આપણે કોઈ માંગણીનો સંદેશો મોકલ્યો નથી ને છતાં ય આપણને કંઈક સંભળાય તો એના પર વિશ્વાસ કરજો, કારણ સર્વજ્ઞ એવા આપણા આત્માનું એ સૂચન છે અથવા આપણા ગાઈડની એ સલાહ છે.

જુદા જુદા જીવાત્માઓ સાથે સંકળાયેલા જુદા જુદા ગાઈડો ઘણી વાર એકબીજા સાથે મળીને કામ કરતા હોય છે, ને તે માટે તેઓ એકબીજને સંદેશા મોકલતા હોય છે. (ધૂણીવાળા



દાદા કેશવાનંદે બાલયોગીને સંદેશો મોકલી નડિયાદવાળા ચુનીલાલ ભગતને બોલાવવા કહેલું તેમ.) જે લોકો ગંભીર પ્રકારની પરિસ્થિતિમાં ફસાયેલા હોય છે એમને ખરે ટાણે મદદ કરવા સલાહકારો, મિત્રો, પાડોશીઓ અરે સાવ અજાણ્યા માણસો પણ દોડી આવતા હોય છે એ આ કારણથી બનતું હોય છે.

જ્યારે આપણે ભારે મુસીબતમાં હોઈએ છીએ ત્યારે આપણે એવું માર્ગદર્શન માગતા હોઈએ છીએ જે એક ઝટકે બધું સમું-સુતરું કરી દે. પણ આપણા ગાઈડો આપણી સમસ્યાના ઉકેલનાં બધાં પાસાં એક સાથે ઉદ્‌ઘાટિત કરતા નથી. કારણ એક સામટી બધી બાબતોને સંભાળી શકવાની આપણી શક્તિ વત્તી ઓછી હોય છે. આથી તેઓ જીવાત્માના માર્ગ પર પ્રકાશ ફેંકી કયું પગલું પહેલાં ભરવું તે જ સૂચવે છે. પ્રશ્નના સમાધાન માટે ઘણા વૈકલ્પિક માર્ગ પણ હોય છે. તેથી પરમતત્વ પાસેથી જ્યારે તમે દોરવણી માગો ત્યારે જીવનમાં પહેલું પગથિયું શું ભરવું તે અંગેની સલાહ જ માંગો. જ્યારે તમે એ પગલું ભરશો ત્યારે બીજી અનેક અજાણી શક્યતાઓ દેખાશે, તેના માટે તમારી જાતને તૈયાર રાખો. પ્રશ્નના નિકાલની દિશામાં ખુલતા જતા અનેકવિધ માર્ગો સ્વીકારવા તમારી જાતમાં નમ્રતાપૂર્ણ પૂરો વિશ્વાસ રાખો.

**નવો સવો જીવાત્મા :**

આપણે સૌ મનુષ્યો બ્રહ્મમાંથી છૂટા પડી જગતના રંગમંચ પર રમવા ખેલવા આવ્યા છીએ, ને એ રમત દરમિયાન અજ્ઞાન વશ થઈ અનેક પ્રકારની ભૂલો કરતા જઈ આપણી જાતને અનેક દુર્ગુણોનું ઘર બનાવી દઈએ છીએ. એ ભૂલો સુધારતા જઈને દુર્ગુણોને સાધના દ્વારા ધોતા જઈ જ્યાં સુધી આપણે પહેલાં હતા તેવા એકદમ સ્વચ્છ ન થઈ જઈએ ત્યાં સુધી બ્રહ્મ સાથેનું આપણું પુનર્મિલન શક્ય હોતું નથી - મુક્તિ શક્ય હોતી નથી. આમ આપણે હજુ નવાસવા જીવાત્મા છીએ.

નવાસવા જીવાત્મા બે પ્રકારના હોય છે. એક તો એવા જીવાત્માઓ જેઓ જીવાત્મા લોકમાંથી હજુ થોડા જન્મોથી જ અસ્તિત્વનાં આ બહારનાં જગતોમાં જન્મ લેતા હોય છે. અને બીજા એવા જીવાત્માઓ જેઓ ઘણા લાંબા સમયથી પૃથ્વી પર અને એના જેના બીજા ગ્રહો પર આવ-જા કરે છે, પણ હજુય તેઓ અપરિપકવ જ રહ્યા છે. માનવદેહમાં રહેલા આવા જીવાત્માઓ પૃથ્વીની કુલ વસ્તીના ૭૫ ટકા જેટલા હોય છે. કોઈને આ આંકડો ખૂબ મોટો લાગે, પણ આજે દુનિયાભરમાં જે પ્રકારની નકારાત્મક ભાવના પ્રસરી રહી છે, એક બીજાના ધર્મો અને સંસ્કૃતિઓ પ્રત્યે જે અસહિષ્ણુતા વધતી રહી છે અને હિંસા અને ઝનૂન જે પ્રમાણમાં વધતાં જાય છે તે જોતાં આ આંકડો ખોટો લાગતો નથી. આમ છતાં દરેક સૈકાએ માનવીની જાગૃતિનું સ્તર ઊંચું જતું હોય છે એ વાત સાચી.

આ પુસ્તકના લેખક જે મનોચિકિત્સક છે, એમની પાસે મનોચિકિત્સા લેવા આવનાર વ્યક્તિઓમાં કોઈ કોઈ તો ત્રીસ હજાર વર્ષથી અનેકવાર જન્મ લેતા રહ્યા છે. ને છતાં ય તેઓ માનવતાના પહેલા લેવલે હોય છે. બીજા એક ગ્રાહકે ૮૫૦ વર્ષમાં હજુ હવે માત્ર અદેખાઈ પર વિજય મેળવ્યો છે. બીજા દસ-બાર દુર્ગુણો કાઢતાં બીજાં કેટલાં હજાર વર્ષ લાગશે? પણ એ જ સમયગાળામાં એમણે ધર્માંધતા પર વિજય મેળવ્યો છે ખરો. બીજા એક ગ્રાહકે ૧૭૦૦ વર્ષ કાઢ્યાં પણ હજુ બીજાઓ પર સત્તા ચલાવવાના સ્વભાવ પર કાબૂ મેળવી શક્યા નથી પણ એ જ ગાળામાં એમણે દયાળુ સ્વભાવ પ્રાપ્ત કર્યો છે ખરો. અને આવા તો રિપુઓ વિવિધ સ્વરૂપે આપણા સ્વભાવમાં એવા તો જડાઈ ગયેલા હોય છે કે આપણે હજારો-લાખો વર્ષથી પૃથ્વી પર જન્મ લેતા રહ્યા છીએ, છતાં આપણી મુક્તિ એ ખૂબ દૂરની વાત જ રહેશે, જો આપણી સાચી અને વૈજ્ઞાનિક સાધના વડે સઘન પ્રયાસો નહિ આદરીએ તો.

આપણને ગુસ્સો ચડે, વાતવાતમાં આપણે નારાજ થઈ જઈએ અને જીવનમાં ઉઠતા પ્રસંગો વખતે ગુંચવાઈ જઈએ એટલા માત્રથી એમ ન માનશો કે આપણા પણ નવાસવા અપરિપકવ જીવાત્મા છીએ. આત્મિક વિકાસ સાધવો એ ખૂબ જટિલ પ્રક્રિયા છે. એમાં દરેક જીવાત્મા એક એક ડગલું માંડતો આગળ વધતો હોય છે. વળી એને તો અનેક ક્ષેત્રોમાં સર્વાંગી વિકાસ સાધવાનો હોય છે. ભયમુક્ત થવું, ક્રોધમુક્ત થવું, કપટમુક્ત થવું, લોભ મુક્ત થવું, ઈર્ષામુક્ત થવું વગેરે. ને તેથી કોઈ ક્ષેત્રમાં વધુ, તો કોઈ ક્ષેત્રમાં ઓછો વિકાસ થવાનો જ. અગત્યની વાત આપણે કેટલો વિકાસ સાધ્યો એ નથી, પણ એ છે કે આપણે આપણી ભૂલોને પારખીએ, પોતાનું જીવનધ્યેય પડતું ન મૂકીએ અને હિંમત અને આત્મનિર્ભરતા જાળવી રાખીએ કે જેથી આપણા જીવનમાં સમય અનુસાર બદલાવ લાવી શકીએ.

જીવાત્માઓ અમુક બાબતો શીખવાની શક્તિ બીજા જીવાત્માઓ કરતાં ઓછી-વત્તી ધરાવતા હોય છે ને એનો આધાર એમનાં વલણ, એમનું પ્રેરકબળ અને અગાઉના જન્મોના અનુભવોનું ભાથું હોય છે. તમને એ વાત માન્યામાં નહિ આવે કે જીવાત્માઓ એમની પોતાની નબળી બાજુ વિષે એકબીજાની ઠઠ્ઠામશ્કરી મુક્ત મને કરતા હોય છે. પોતાના ગ્રુપના સભ્યો વચ્ચે લાંબી ચર્ચાવિચારણા થતી હોય છે, તે વખતે એમની નબળી બાજુ વિષે (લોભની-ક્રોધની-કપટની વગેરે) આત્મવંચના વિષે (Self Deception) અને ઢોંગ વિશે (Hypocrisy) એમને હસતા-હસતા મજાકમાં ઉઘાડા પાડવામાં આવતા હોય છે. કારણ જીવાત્મા તરીકે તેઓએ લગભગ સર્વજ્ઞતા પ્રાપ્ત કરી લીધી હોવાથી કોણે ગત જીવનોમાં શું-શું અઘટિત કર્યું અને કયાં કયાં લફરાં કર્યા તે ગ્રુપના બધા સભ્યો હવે જાણતા હોય છે. અહંકાર યુક્ત સ્વ બચાવ (Ego Defenses) જીવાત્મા ઘણી વાર કરતો હોય છે, ને તે વાત ગ્રુપના બીજા સભ્યો જાણતા હોવા છતાં સમજદારીપૂર્વક સહી લેતા હોય છે. (આત્મિક



વિકાસનું આ પણ એક પાસું છે કે જાણીને છેતરાવું.) જેથી જીવાત્મામાં બદલાવ લાવવાની હોંશ જીવતી રહે. સહાધ્યાયીઓ પોતપોતાનાં લાગણીશીલતામાં આચરેલાં કૃત્યોનો ખૂબ ખુલ્લા દિલથી સ્વીકાર કરતા હોય છે. કારણ બધાને એકબીજામાં પૂરો વિશ્વાસ હોય છે. તથા બીજાઓને સાથે લઈને ભલે ને યુગો જેટલો લાંબો સમય લાગે તો ય વિકાસ સાધતા જવાની મથામણ ચાલતી રહે છે. ગ્રુપના સભ્યો એકબીજા સાથે કોઈને કોઈ પ્રકારના સંબંધમાં પૃથ્વી પર જોડાઈને એકબીજાની આકરી ટીકા પણ કરે છે ને પ્રશંસા પણ કરે છે. કારણ દરેક જણ એક જ ધ્યેય માટે મથતો હોય છે ને તે છે સર્વાંગી આત્મવિકાસ. પૃથ્વી પર દેખાતી ધિક્કારની લાગણી, એકબીજા પ્રત્યે અવિશ્વાસ, એકબીજાની અવમાનના વગેરે જીવાત્મા લોકમાં લેશ માત્ર હોતાં નથી. અહીંના અનુકંપા ભર્યા વાતાવરણમાં બીજાઓ પર સત્તા ચલાવવાના ધમપછાડા હોતા નથી, કારણ ગ્રુપના દરેક જીવાત્માઓ એકબીજાને પોતાના વળમાં વાળી શકતા નથી કે એકબીજાથી કશું છાનું રાખી શકતા નથી. જીવાત્માઓને પોતાની જાત પર અવિશ્વાસ હોય એવું બને, પણ બીજાઓ પર તેઓ અવિશ્વાસ ધરાવતા હોતા નથી. એમના હવે પછીના નવા અવતારમાં હિંમતભેર દુખોનો સામનો કરવાની તૈયારી અને મહેચ્છા અને નવી જિંદગીમાં પ્રયત્નો કરતા રહેવાની દૃઢ ઈચ્છા તેઓ ગ્રુપ ચર્ચા વખતે વ્યક્ત કરતા હોય છે.

આ લેખકને સંમોહન દ્વારા વ્યક્તિઓનો અભ્યાસ કરતાં આશ્ચર્ય પમાડે એવી એક વાત એ જાણવા મળી કે એક જ જીવાત્મા બે કે વધુ જીવાત્માઓ રૂપે પૃથ્વી પર બે કે વધુ સ્થળે એક સાથે જન્મ લઈને જીવતો હોય અને તેઓ એક બીજાને ઓળખતા પણ ન હોય. એકી સાથે બે કે તેથી વધુ જિંદગીઓ જીવવાનું જીવાત્મા કેમ વિચારે છે એની પાછળનું કારણ એ છે કે તેઓ ખૂબ જલદીથી વિકાસ સાધીને બ્રહ્મમાં પુનઃ ભળી જવા ખૂબ ઉત્સુક હોય છે. પણ મોટે ભાગે આવા અખતરા ખૂબ લાભદાયક હોય એવું જણાયું નથી.

પૃથ્વી અને એના જેવા બીજા ગ્રહો એ કાંઈ જીવાત્માને રહેવાનાં સ્થળ નથી. એ તો જીવાત્માને વિવિધ પ્રકારના અનુભવો લઈ સાધના કરી વિકાસ સાધવાનાં સ્થળો છે. એ કલ્પનાથી બનાવવામાં આવ્યાં છે, છતાં સાચાં છે પણ ટેમ્પરરી છે અને અનુભવો લેવા માટે જ બનાવવામાં આવ્યાં છે.

**નોંધ :** એક જન્મ લીધા પછી દેહનું મૃત્યુ થાય ત્યારે જીવાત્મા (સૂક્ષ્મદેહના અર્થમાં આત્મા) જ્યાં આવે છે તે સ્થાનને શાસ્ત્રો મહાલોક કહે છે. મહાલોકમાં દરેક આત્મા માટે એક કાયમી નિવાસસ્થાન રાખવામાં આવેલું હોય છે, એને શાસ્ત્રો કારણ - શરીર કહે છે. દેહના મૃત્યુ પછી આત્મા મહાલોકમાં આવીને કારણ શરીરમાં રહે છે. આપણાં શાસ્ત્રો મુજબ સૂક્ષ્મ દેહ મહાલોકમાં પ્રવેશ કરી શકતો નથી, કારણ ત્યાં આંદોલનો એટલાં ઉચ્ચ હોય છે કે સૂક્ષ્મ દેહના ચૂરેચૂરા થઈ જાય તથા તે બળીને રાખ થઈ જાય - (Disintegration) તેથી તે પૃથ્વીની નજીકના અવકાશમાં રહે છે. આત્માની હાજરી વગર પણ એને

એટલી જાગૃતિ હોય છે કે તે બધાં કાર્યો કરી શકે, ને પોતાના ગ્રુપના સભ્યો સાથે જીવી શકે. પૃથ્વીની નજીકના અવકાશને લેખક Spirit World કહે છે, એને મેં જીવાત્મા લોક કહ્યું છે.

**આત્માનું વિભાજન :**

આત્મા પોતાની ઉર્જાના જથ્થાને વિભાજીત કરી શકે છે. આ પ્રક્રિયાને વિભાજન કરે છે એમ કહેવા કરતાં વિસ્તૃતિકરણ કરે છે એમ કહેવું વધુ ઉચિત રહેશે. બધા આત્માઓ જેઓ પૃથ્વી પર જન્મે છે તેઓ પોતાની ઉર્જાનો કેટલોક ભાગ કારણ શરીરમાં છોડી જાય છે. આત્માની પોતાની ઉર્જાનું વિભાજન કરવાની આ શક્તિને લીધે ઘણી મહત્ત્વની બાબતો શક્ય બને છે. દાખલા તરીકે તમારી પત્ની અગર તમારો પતિ કે અંગત મિત્ર તમારા કરતાં ૩૭ વર્ષ પહેલાં મૃત્યુ પામ્યો છે અને તમે હવે જ્યારે મૃત્યુ પામીને જીવાત્મા લોકમાં જાઓ છો ત્યારે એણે પૃથ્વી પર પાછો બીજો જન્મ લઈ લીધો છે. આમ તમે એને જીવાત્મા લોકમાં મહાદ્વારે ફરીથી જોવા ન પામત. પણ એણે નવો જન્મ લેતા પહેલાં પોતાની ઉર્જાનો અમુક ભાગ કારણ - શરીરમાં છોડેલો છે, ને તેનો દેખાવ તે વ્યક્તિના જેવો જ પૂર્ણ હોય છે તેથી તે તમને જીવાત્મા લોકમાં મળશે અને તમે એને ઓળખવાના પણ ખરા. હવે પૃથ્વી પર પુનર્જન્મ લઈને ગયેલી વ્યક્તિ જ્યારે મૃત્યુ પામશે ત્યારે પોતે ઉર્જાનો જે હિસ્સો લઈને ગયેલી તે કારણ - શરીરમાં રીઝર્વ રખાયેલી ઊર્જા સાથે ભળીને પાછી ૧૦૦ ટકા ઉર્જા બની જશે.

સવાલ એ ઉઠે કે આપણે આપણા આત્માની જે પૂર્ણ ઉર્જા છે એના સોએ સો ટકા લઈને કેમ પુર્નજન્મ લેતા નથી? કારણ જો એમ કરીએ તો આપણે આપણા માનવ મગજની બધી સરકીટો ઉડાવી દઈશું એટલી શક્તિ એનામાં હોય છે. આપણે તો અપૂર્ણ મગજની સાથે સંગ્રામ ખેડતા જઈ વિકાસ સાધવાનો છે. જો સો ટકા ઉર્જા લઈને આપણો જન્મ લઈએ તો આપણી સ્મૃતિ એટલી બધી ધારદાર રહેવાની કે જે કામ આપણે હાથ પર લઈએ એના પરિણામની ખબર આપણને પહેલેથી જ પડી જવાની. આમ સખત પરિશ્રમને અને સાધનાને કોઈ સ્થાન જ રહેત નહિ. જે નવાસવા જીવાત્માઓ છે તેઓ પોતાની ઉર્જાના ૫૦થી ૭૦ ટકા હિસ્સો લઈ પુનર્જન્મ લેતા હોય છે, પણ જેઓ આગળ વધેલા અને અનુભવી હોય છે. તેઓ માંડ ૨૫ ટકા ઊર્જા લઈને જન્મ લેતા હોય છે, કારણ એમની ઉર્જા ખૂબ પરિશુદ્ધ થયેલી, સ્થિતિસ્થાપક અને ખૂબ શક્તિશાળી હોય છે.

આપણી ઉર્જાનું નવસર્જન કરવાનું સારામાં સારું સાધન તો ઊંઘ છે. માનવદેહમાં આવ્યા પછી જે ઉર્જા લઈને આપણે આવ્યા હોઈએ છીએ એના ભાગ પાડી એનો થોડોક ભાગ સ્થૂળ શરીરમાં રાખી બાકીનો ભાગ લઈ સૂક્ષ્મ શરીરે પૃથ્વી પર ગમે ત્યાં કે અંતરીક્ષમાં ગમે તે લોકમાં કે બીજા ગ્રહ પર કે બીજી ગેલેક્ષીમાં ફાવે ત્યાં રખડતા રહીએ છીએ. આ પાછળ છોડેલો ઉર્જાનો ભાગ જરૂર પડે તો આપણને તરત જ સ્થૂળ શરીરમાં પાછા ફરવાની સૂચના આપે છે. આ પ્રકારની જે શક્તિ આપણે ધરાવીએ છીએ તે આપણને માંદગી વખતે



કે બેભાન અવસ્થામાં ઉપયોગી થઈ પડે છે. તમે તમારા સ્થૂળ શરીરની બહાર કેટલા કલાકથી માંડી કેટલા દિવસ માટે બહાર રહો એના પર કોઈ બંધન હોતું નથી.

શરીરની બહાર જેટલા વધુ સમય માટે તમે જઈ શકો એટલું વધુ નવસર્જન (Re-generation) તમે પામતા હો છો. જો આપણો જીવાત્મા (સૂક્ષ્મ શરીર) શરીરની બહાર થોડાક કલાક માટે પણ જાય (રાત્રે ઊંઘ દરમ્યાન) અને એ વખતે તે જ ઉર્જા પાછળ દોડી ગયો છે તે નાવને બરાબર સંભાળી લે અને સ્વપ્નમાં સરી પડવા ન દે તો પણ જીવાત્માનું નવસર્જન ખૂબ સારી રીતે થતું હોય છે. પણ જો સ્વપ્નમાં સરી પડાય તો જ્યારે આપણે જાગીએ ત્યારે થાક્યા જણાઈએ છીએ. (પ્રગાઢ ઉંઘમાંથી જ્યારે સવારે જાગીએ ત્યારે આપણે સ્ફૂર્તિ અનુભવતા હોઈએ છીએ એનું કારણ નિદ્રાવસ્થા દરમ્યાન આપણે આપણાં મનગમતાં સ્થળોએ લટાર મારીને આવ્યા હોઈએ છીએ ને તેથી આપણી ઉર્જાનું નવસર્જન થયેલું હોય છે.)

જે જીવો પૃથ્વી સિવાયના બીજા ગ્રહોમાં જન્મ લઈ ચૂકેલા હોય છે. તેઓ સંમોહનમાં હોય ત્યારે કબૂલ કરે છે કે પૃથ્વી પર જન્મ લેતા પહેલાં એમને એવાં પ્રાણીઓનાં દેહમાં મૂકવામાં આવેલા જેઓ માનવો કરતાં ઉતરતી બુદ્ધિનાં હતાં. પણ એક વાર મનુષ્ય દેહમાં આવ્યા પછી તેઓને માનસિક ઉત્ક્રાંતિની સીડીનાં નીચલાં પગથિયે મોકલવામાં આવતા નથી. આમ કેટલાક ધર્મો જે એમ માને છે કે માનવ તરીકે ખરાબ કર્મો કરીએ તો પશુનો અવતાર આવે અથવા એથીય નિમ્ન કોટિમાં જન્મ લેવો પડે એ વાત સાચી નથી. આપણો સ્વભાવ અને અન્યો સાથેનું આપણું વર્તન પશુ કે નિમ્ન કોટિના જીવો જેવું હોય એવું બને, પણ દેહ તો મનુષ્યનો જ મળે છે - રહે છે.

**નવા જીવન માટે શરીરની પસંદગી :**

જીવાત્મા લોકમાં ઘણા કાળ સુધી પોતાના ગ્રુપના સભ્યો સાથે ચર્ચા વિચારણાઓ કરી, હસી મજાક કરી લીધાં પછી પોતાની ઊર્જાનું પુનરૂત્થાન કરવા માટે અને પોતે કેટલો વિકાસ સાધ્યો છે એની ચકાસણી કરવા માટે દરેક જીવાત્માને નવો જન્મ લેવો પડે છે. જીવાત્માને જીવાત્મા લોકનું આધ્યાત્મિક વાતાવરણ છોડવું આકરું લાગતું હોય છે. પણ સાથે સાથે પૃથ્વી પર જે શારીરિક સુખો માણેલાં એની મીઠી યાદો એને સતાવતી પણ હોય છે. જ્યારે પૃથ્વી પરના પાછલા ભૌતિક જીવનના બધા ઘાવ પૂરેપુરા ભરાઈ જાય અને જ્યારે આપણે આપણી જાત સાથે સંપૂર્ણ રીતે એકરૂપ થઈ જઈએ ત્યારે આપણને આપણી વ્યક્તિગત ઓળખને સ્થૂળ રીતે વ્યક્ત કરવાનું ખેંચાણ વધતું લાગે છે. આપણા સલાહકારો અને સહપાઠીઓ સાથેના ટ્રેઈનિંગ સત્રોએ-બેઠકોએ આપણને આવતી જિંદગી માટેની તૈયારી કરવા પૂરતી મદદ કરેલી હોય છે. માનવજાત પ્રત્યે ગયા જન્મમાં કરાયેલા આચરણોથી ઊભાં થયેલાં કર્મબીજ, આપણી ભૂલો અને ઉપલબ્ધિઓ એ બધાનાં લેખાં જોખાં લીધા પછી

હવે પછીના જન્મમાં કયો માર્ગ લેવો તે શ્રેષ્ઠ માર્ગ હશે તે નક્કી કરાય છે ને એ માટે નીચેની ત્રણ બાબતો લક્ષમાં લેવાય છે :

(૧) શું હું માનસિક રીતે સ્થૂળ શરીર ધારણ કરવા તૈયાર છું?

(૨) મારું શિક્ષણ આગળ વધે અને મારો આત્મિક વિકાસ થાય એ માટે ખાસ કયા પદાર્થપાઠ મારે ધ્યાનમાં રાખવાના છે?

(૩) મારું ધ્યેય સિદ્ધ કરવા માટે શ્રેષ્ઠ તક મળી રહે તે માટે મારે હવે પછીની જિંદગીમાં ક્યાં જવું જોઈએ અને હું શું બનીશ?

હવે પૃથ્વી પર વસ્તી કેટલી ઝડપથી વધતી જાય છે તે જોઈએ. ઈસુ ખ્રિસ્તના પહેલા વર્ષમાં આખી પૃથ્વીની વસ્તી ૨૦ કરોડની હતી. ૧૮૦૦ વર્ષ પછી ઈ.સ. ૧૮૦૦માં તે વધીને ૮૦ કરોડ થઈ. ૧૭૦ વર્ષ પછી ૧૭૯૦માં તે ૩૨૦ કરોડની થઈ. ચાલીસ વર્ષ પછી ૨૦૧૦માં તે વધીને ૬૦૦ કરોડની થઈ. આમ ખૂબ વધતી વસ્તી માટે વધુ ને વધુ જીવો જોઈએ ને?

આની સામે એક જીવાત્માના બે જન્મ વચ્ચે કેટલાં વર્ષોનું અંતર હતું તે તપાસીએ. પ્રાગ ઐતિહાસિક કાળમાં બે જન્મ વચ્ચે હજારો વર્ષનું અંતર હતું. આજથી ૫૦૦૦થી ૭૦૦૦ વર્ષ પહેલાં તે ૫૦૦ વર્ષનું થયું. શહેરો વધતાં, વેપાર વધતાં અને વધુ ખોરાક ઉપલબ્ધ થતાં જીવો વધુ ઝડપથી પુનર્જન્મ લેતા થયા. ઈ.સ. ૧૦૦૦ થી ૧૫૦૦ની વચ્ચે બે જન્મ વચ્ચે ૨૦૦ વર્ષનું અંતર રહેતું. ઈ.સ. ૧૭૦૦ પછી તે અંતર ૧૦૦ વર્ષનું થયું. ઈ,સ. ૧૯૦૦ પછી એક જ સૈકામાં બે વાર જન્મવાના કિસ્સા નોંધાયા છે. આમ છતાં દરેક આત્માના પુનર્જન્મ લેવાના ચક્રનો આધાર એની સ્વતંત્ર ઈચ્છા પર રહે છે, ને નહિ કે પૃથ્વી પર અને બીજા ગ્રહો પર એમની કેટલા વધુ પ્રમાણમાં માગ છે તે ઉપર. જીવાત્માઓને પોતે ક્યારે પુનર્જન્મ લેશે, ક્યાં લેશે અને કયા શરીરમાં લેશે તે પર પુનર્જન્મો જલદી જલદી લે છે જેથી પોતાના વિકાસ ખૂબ ઝડપથી કરી શકાય. સામે છેડે એવા પણ જીવાત્માઓ હોય છે જે જીવાત્મા લોક છોડવા જ તૈયાર હોતા નથી, કારણ ત્યાં ખૂબ શાંતિ, પ્રેમ, ભાઈચારાનું એખલાસભર્યું વાતાવરમ હોય છે. આમ છતાં દરેકનો આત્મિક વિકાસ તો અનુભવો લેવાથી જ થાય છે. તે બધાને ખબર હોવાથી આપણા ગાઈડો કાળ પાકતાં આપણને પુનર્જન્મ લેવાની બાબતમાં મોટી અસર પાડતા હોય છે. એમને ખબર હોય છે કે કયા જીવાત્માનો પુનર્જન્મ લેવાનો કાળ પાક્યો છે એટલે એ જીવાત્માના કાનમાં એક મૃદુ અવાજ ગુંજે છે કે ‘‘હવે પાછા જવાની વેળા પાકી છે નહી?’’ કેટલાક જીવાત્માઓ તો ધક્કો પણ મારવો પડે એવા જડ હોય છે. કારણ પૃથ્વી પરના એમના પાછલા જીવનથી તેઓ ખૂબ કંટાળી ગયેલા હોય છે, ને ત્યાં ફરીથી જન્મ લેવાની સાફ ના પાડતા હોય છે. પણ ગાઈડો એમને જુદી જુદી રીતે સમજાવીને પાછા જવા અંતે સમજાવી લેતા હોય છે. આનાથી ઉલટું પણ બનતું હોય છે. કોઈ અકસ્માતમાં મૃત્યુ પામલો જીવાત્મા પોતાનાં સગાંને ખૂબ રડારોળ કરતાં જોઈ,



દુ:ખ પામી તરત જ પાછો જન્મ લેવા માંગતો હોય છે. પણ તેને એમ સમજાવીને અટકાવવામાં આવે છે કે તું પુખ્ત વયની વ્યક્તિ તરીકે તો જન્મ લઈ શકવાનો નથી, ને તારા બાળક તરીકેના ત્યાં જવાની પરિસ્થિતિમાં કોઈ ફેરફાર થવાનો નથી. આથી અંતે આવો જીવ સમજી જાય છે કે પોતે જીવાત્મા લોકમાં થોડોક આરામ લઈ, મનન કરીને નિર્ણય લેવો જોઈએ કે પોતે ક્યારે અને ક્યાં જન્મ લેવો જોઈએ.

આમ જ્યારે જીવાત્મા પુનર્જન્મ લેવા તૈયાર થાય છે ત્યારે એને જીવન પસંદગીની વિધિમાંથી પસાર થવાનું હોય છે. પૃથ્વી પર તમારે કયા સ્થળે જન્મ લેવો છે, શું બનવું છે તે તમારે પોતે નક્કી કરવાનું હોય છે. આ કાર્ય માટે જીવાત્મા લોકમાં એક થિયેટર જેવા હોલમાં જવાનું હોય છે. જેને આપણે જીવન પસંદગી હોલ કહીશું. સૂક્ષ્મ લોકમાં હોલ જેવી સ્થૂળ વસ્તુ હોય નહિ, પણ જીવાત્માઓ પૃથ્વી પરની વસ્તુઓને જોઈને ઓળખવા ટેવાયેલા હોવાથી આ પ્રકારની ભ્રાંતિકારક રચના કરવામાં આવતી હોય છે.

આ જીવન પસંદગી હોલની ગોળાકાર દિવાલો જ જાણે જીવંત પડદા હોય છે. તેના પર ત્રિપરિમાણ દશ્યો રંગબેરંગી રંગમાં દેખાય છે, ને તે હાલતાં ચાલતાં જીવંત હોય છે. એમની સાથે અવાજ અને સુગંધ પણ હોય છે. તમો જે વ્યક્તિ તરીકે જીવવાનું પસંદ કરવાના છે એ વ્યક્તિની આખી જીવનકથની આ પડદા પર તમને જીવંત બતાવવામાં આવે છે. તમે જે શહેરમાં જન્મ લેવાનું નક્કી કરવાના છો એની ગલીઓ, એનાં મકાનો, એનાં વાહનોનો ટ્રાફિક અને ઘોંઘાટ બધું તમે જાતે જોઈ શકો છો, સાંભળી શકો છો અને અનુભવી પણ શકો છો. તમારા મનથી તમે પડદા પરના દશ્યો આગળ કે પાછળ કરી શકો ને ઈચ્છો ત્યાં અટકાવી પણ શકો છો ને દશ્ય બદલી શકો છો. એ તમારા જીવનનાં દશ્ય હોય છે, ખરેખર તો તમે ત્યાં જન્મી ચૂક્યા છો ને જે જીવન તમે જુઓ છો તે જીવી રહ્યા છો. જાણે કે એક સીડી દ્વારા તમારા ભાવિ જીવનનું ચલચિત્ર જોઈ રહ્યા છે. એ તમારા ભવિષ્યના જીવનનું ચલચિત્ર હોય છે. તમે એ ચલચિત્રમાં ઈચ્છો તે સ્થળે ને સમયે દાખલ થઈ શકો છો ને જીવનને ધારો તે દિશામાં વળાંક આપી શકો છો. આમ તમે ચલચિત્રનો એક ભાગ પણ હો છો અને એને ચલાવનાર ડીવીડી ઓપરેટર પણ હો છો. તમે તમારા એ જીવન ચલચિત્રને ફાસ્ટ ફોરવર્ડ, સ્ટોપ અને રીવાઈન્ડ કરી શકો છો. જીવાત્મા લોકમાં સમય જેવી કોઈ ચીજ હોતી નથી એટલે કે ભૂતકાળ, વર્તમાન કાળ અને ભવિષ્ય કાળ જેવું કંઈ હોતું નથી, બધું સળંગ સ્થિર હોય છે. તમે પોતે જોવામાં આગળ પાછળ થતા હો છો. એટલે કે તમે સમય રેખા પર આગળ પણ જઈ શકો છો ને પાછળ પણ જઈ શકો છો. એટલે કે તમે તમારું આખું જીવન જોઈ શકો છો. એ જીવનમાં આવતા વળાંકો, ત્રિભેટા પર આવીને કઈ કઈ દિશામાં જીવન વાળી શકાય તેમ છે ને તે દિશામાં વળાંક લતાં તમારે કઈ પરિસ્થિતિઓમાંથી પસાર થવું પડશે તે બતાવવામાં આવે છે. ને તમે ઈચ્છો તે દિશામાં તમારી જીવન નાવ હંકારી શકો છો. આમ છતાં તમને બધા વિકલ્પ બતાવવામાં આવતા નથી. જીવનનો કેટલોક ભાગ

તમારાથી ઢાંકી દેવામાં આવે છે. આથી જીવનના બધા પ્રસંગો તમે જોઈ શકતા નથી. આથી તમે જે પ્રકારનું જીવન પસંદ કરો છો તેમાં કેટલીક ભૂલો રહી જવાનો સંભવ રહે છે.

આપણા જીવનમાં બનતા કેટલાક ખરાબ બનાવો વખતે આપણે ભગવાનની એવી મરજી હશે એમાં આપણું શું ચાલે? એમ કહી મન વાળતા હોઈએ છીએ. એટલે કે જીવનમાં બનવા બધા બનાવો પ્રારબ્ધવશ હોય છે ને એમાં આપણે કોઈ ફેરફાર ન કરી શકીએ એવું મોટા ભાગના માણસો માનતા હોય છે. આથી જ્યારે કોઈ વિષમ પરિસ્થિતિમાં ફસાઈએ ત્યારે માથે હાથ દઈ ‘જેવી ભગવાનની મરજી’ એમ કહી હાથ જોડી બેસી રહીએ એ તો આંધળો પ્રારબ્ધવાદ કહેવાય. એવે ટાણે તમે નિષ્ક્રિય બની જઈ જે તમારા પર વીતે તેને તમે સ્વીકારી લેશો. પણ પ્રશ્ન હલ કરવાના બીજા વિકલ્પો હોય છે જે તમારાથી ઢંકાયેલા છે ને તે વિકલ્પ તમે પસંદ કરો તો શાં પરિણામ આવશે તે ભલે તમે જાણતા હો, પણ નિયતિ તો તે જાણતી જ હોય છે ને તમે એ વિકલ્પ પસંદ કરવા સ્વતંત્ર છો જ. એ વિકલ્પ પસંદ કરવાનું જોખમ તમારે ઉઠાવવું જ જોઈએ, ને તો જ જીવનાં પુરુષાર્થને પણ સ્થાન છે અને પુરુષાર્થને યોગ્ય ન્યાય તમે આપ્યો છે એમ ગણાય. પુનર્જન્મનો હેતુ જ એ છે કે તમને જે સ્વતંત્ર ઈચ્છા આપવામાં આવી છે, કુદરત-બ્રહ્મનો એ પ્રસાદ જે તમને મળ્યો છે એનો પૂરેપુરો ઉપયોગ કરી, જોખમ ખેડી, અશક્ય લાગતી એવી પરિસ્થિતિનો બહાદુરીપૂર્વક સામનો કરી અને જે કંઈ સારું કે માઠું પરિણામ આવે એનો એક વીરને છાજે એ રીતે સ્વીકાર કરો. આ માર્ગ જ ખરો આત્મિક વિકાસનો માર્ગ છે, પ્રારબ્ધવાદ નહિ.

પ્રારબ્ધ એટલે જીવનમાં ઉઠતા રહેત પ્રસંગો જેના પર તમારો કોઈ અંકુશ હોતો નથી એવું ન સમજશો. એનો અર્થ એ પણ થાય કે ભૂતકાળમાં આપણે જે સારાં-માઠાં કૃત્યો કર્યાં છે એનાં ચૂકવણાં કરવાની જવાબદારી આપણી સમક્ષ ઉપસ્થિત થઈ છે. જે કર્મબીજ આપણે અગાઉ વાવેલું છે એનું કર્મફળ ભોગવવું જ પડશે, એમાં કોઈ મીનમેખ નથી. પણ જીવનમાં જે કંઈ ભોગવટો આવે ને તેના પરિણામે જે સુખ કે દુખની પરિસ્થિતિઓ ઉભી થાય એ ન તો ભગવાનને લીધે હોય છે કે ન આપણા ગાઈડને લીધે હોય છે કે ન આપણા હાલના જીવનની પસંદગી કરનારને લીધે હોય છે. આપણા કર્મના ભર્તા અને ભોક્તા આપણે ને માત્ર આપણે જ હોઈએ છીએ.

જીવનની પસંદગી વખતે પહેલી પસંદગી ક્યાં જન્મ લેવો તે દેશ, શહેર કે ભૌગોલિક વિસ્તારને અપાય છે. ને તે પછી મા-બાપની પસંદગી કરાય છે. કેટલાક જીવાત્માઓ પહાડો, દરિયા કિનારા અથવા રણપ્રદેશમાં, શહેરી કે ગ્રામ વિસ્તારોમાં જન્મ લેવાનું વધુ પસંદ કરતા હોય છે. પોતે અગાઉના જન્મમાં જ્યાં જન્મ્યા હતા એ વિસ્તારમાં ફરીથી જન્મવાનું પસંદ કરતા હોય છે. જીવાત્માઓ કોઈ એક જ કુળ, ગોત્ર કે દેશની નાગરિકતા પસંદ કરતા હોય એવું હોતું નથી. પણ એમને અમુક પ્રકારની સંસ્કૃતિ પ્રત્યે વધુ લગાવ હોય છે ખરો. આત્માઓ એના એ જ ભૌગોલિક વિસ્તારમાં જન્મવાનું પસંદ કરતા હોય છે ખરા, પણ



એના એ જ વંશવેલામાં ફરીથી જન્મવાનું પસંદ કરતા નથી. દાદા કે દાદી નવા જન્મમમાં પૌત્ર કે પૌત્રી થઈને આવે છે એ માન્યતા સાચી નથી. એનું મુખ્ય કારણ એ છે કે જીવાત્માઓ અલગ-અલગ પ્રકારની જીવન શૈલીઓના અનુભવ લઈને જુદા-જુદા પ્રકારની તકો સામે ઝઝુમીને આત્મિક વિકાસનું ભાથું બાંધવા ઈચ્છતા હોય છે, તેથી એના એ જ ગોત્ર કે કુળમાં જન્મવાથી વિવિધતા ન મળે ને તેથી આત્મિક વિકાસ ઓછો થાય. આમ છતાં એવા કિસ્સા પણ ધ્યાનમાં આવ્યા છે કે જેમાં ભાઈબહેન વચ્ચે ખૂબ પ્રેમ હોય ને બેમાંથી એકનું અકાળ મૃત્યુ થાય તો એ બે જણાંએ સંયુક્ત રીતે જે કામ કરવાનું ધારેલું તે પૂરું કરવા જે વ્યક્તિ જીવિત રહી છે એના સંતાન તરીકે મૃતકનો આત્મા જન્મ લે છે ખરો. એવા કિસ્સા પણ વધુ પ્રમાણમાં જોવામાં આવ્યા છે કે જેમાં મા-બાપનું વહાલસોયું બાળક બાળવયે મૃત્યુ પામ્યું હોય તે એમના હવે પછીના બાળક તરીકે ફરીથી જન્મ લે છે. આવા બનાવોની ગોઠવણી જીવાત્મા લોકમાં તેઓ અગાઉથી કરીને આવેલાં હોય છે જેમાં તેઓને અતિ દારૂણ દુઃખ પામવાના અગાઉના જન્મોના કર્મના હિસાબ ચૂકવવાના હોય છે.

ભૌગોલિક સ્થાનની પસંદગી કરાય તે પછી મા-બાપની પસંદગી કરાય છે. મા-બાપની પસંદગી વખતે પોતાને વારસાગત રીતે દેહનો રંગ, ઊંચાઈ, દેખાવ, વારસાગત રોગ વગેરે જે આપી શકે એનાં મા-બાપને પસંદ કરાય છે. આમ મા-બાપ પોતાનાં બાળકો કોણ હશે તે પસંદ કરતાં નથી, પણ બાળકો પોતાનાં મા-બાપ કોણ હશે તે પસંદ કરતાં હોય છે.

### નવા અવતાર માટે શરીરની પસંદગી :

નવા અવતારમાં કયા પ્રકારનું જીવન પસંદ કરવું તે માટે જીવાત્મા જીવન પસંદગીના થિયેટરમાં બે-ચાર વ્યક્તિઓના જીવનનાં ચલચિત્ર જુએ છે. ત્યાંથી બહાર નીકળતા પહેલાં કોઈ એક શરીર પર પોતાની પસંદગી એણે ઢોળેલી હોય છે. આમ છતાં આપણા ગાઈડ અને સલાહકાર ત્યાં ને ત્યાં આપણો નિર્ણય કયા શરીર માટેનો છે તે પૂછતા હોતા નથી. આપણા ગ્રુપના સહપાઠીઓ સાથે આપણાં જોયેલાં વિવિધ શરીરો અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા કરી યોગ્ય નિર્ણય લેવા માટે તેઓ પૂરતો સમય આપણને આપે છે.

જીવનની પસંદગી કરતી વખતે ભૌગોલિક સ્થાન અને મા-બાપની પસંદગીમાં વધુ ધ્યાન અપાય છે એ ખરું, પણ એથી ય વધુ ધ્યાન પોતાને કયા પ્રકારનું શરીર અને એમાં રહેલું કયા પ્રકારનું મન વધુ અનુકૂળ રહેશે એ પર રહે છે. આવી પસંદગી કરવા પાછળ કેટલાંક જૈવિક અને મનોવૈજ્ઞાનિક કારણો હોય છે.

આપણા સૂક્ષ્મ શરીરના મનને સ્થૂળ શરીરમાં રહેલા મગજ દ્વારા કામ કરવું પડતું હોય છે. ને ઘણી વાર તેઓ એકબીજાના સંવાદમાં હોતાં નથી, પરિણામે ભૂલો થતી રહે છે. એને લીધે આપણે જે પ્રમાણેનું જીવન જીવવાનું નક્કી કરીને આવેલા હોઈએ છીએ એ

પ્રમાણેનું જીવન જીવી શકતા નથી. સંભવ છે કે આપણે મોજમજા ભર્યું જીવન જીવીને પાછા જઈએ છીએ. આપણે પ્રાપ્ત કરવા ધારેલો વિકાસ સાધવાની તક આમ આપણે ગુમાવી દીધી હોવાથી આપણે હવે પછીનું જીવન વધુ સંઘર્ષમય હોય એવું પસંદ કરતા હોઈએ છીએ અને સંઘર્ષો ઘણી જાતના હોઈ શકે.

દાખલા તરીકે કોઈ અપંગ શરીર લઈને જન્મે અથવા બાળપણમાં અકસ્માતમાં અપંગ બને તો એનો અર્થ એ ન કરાય કે એ એના આગલા જન્મનાં દુષ્કૃત્યોને લીધે અપંગ જન્મ્યો છે અથવા અપંગ બન્યો છે. પોતાનો આત્મિક વિકાસ થાય એ હેતુથી પણ એવો દેહ ધારણ કરવાનું અગાઉથી નક્કી કરીને એ આવેલો હોઈ શકે. આ કારણથી અકસ્માતમાં નવી સવી અપંગ થયેલી વ્યક્તિને એ વાત સમજાવવી અઘરી પડે છે કે અપંગ શરીર વડે એ જે ઝડપથી આત્મિક વિકાસ સાધી શકશે તે સાવ સાજા શરીર અને મન વડે સાધી શકત નહિ. પણ આ સભાનતા તો એને પોતાના સ્વઅનુભવથી જ પ્રાપ્ત થઈ શકે. શારીરિક અપંગતાની ઉપર ઉઠી આગળ વધવા માટે જે પ્રયત્નો કરવા પડે છે એના લીધે આત્મિક વિકાસમાં વેગ આવતો હોય છે. સમાજ જેમને અપૂર્ણ-વિકલાંગ શરીરવાળાં સમજે છે અને એમની સાથેના વર્તાવમાં જે ભેદભાવ રાખે છે એને લીધે પણ વિકલાંગ વ્યક્તિઓના મનનો બોજ વધતો હોય છે. આમ છતાં શારીરિક પંગુતા અને એમાંથી ઉપર ઉઠવા માટે વ્યક્તિએ જ સંઘર્ષ કરવો પડતો હોય છે, તે એમને માનસિક રીતે ખૂબ બળવાન બનાવે છે.

આપણાં જે મા-બાપ છે એમની પસંદગી આપણે કરીને આવ્યા છીએ એ વિચારધારા સાથે સહમત થવાનું ઘણાને અઘરું લાગે છે. પણ હકીકત એમ જ હોય છે. સામાન્ય રીતે તો બધાને મા-બાપ તરફથી ભરપૂર પ્રેમ મળતો જ હોય છે. આમ છતાં ઘણા બધા કિસ્સા એવા પણ હોય છે, જેમાં વ્યક્તિઓની બાળપણની સ્મૃતિઓ વિષાદભરી હોય છે. કારણ એમનું રક્ષણ કરવાની જવાબદારી જે મા-બાપના શીરે હતી તે એમણે નિભાવી નહોતી. આથી આપણે આપણાં મા-બાપના અને અન્ય કુટુંબીજનોના દુર્વ્યવહારના ભોગ બન્યા છીએ એવું ઘણાને લાગતું હોય છે. પણ આ સમજ ખોટી છે. આપણે એમના તરફથી એવો જ વ્યવહાર મળશે એ જાણવા છતાં એમને જાણી જોઈને પસંદ કરીને આવેલા હોઈએ છીએ કે જેથી આપણો આત્મિક વિકાસ ઝડપભેર થાય. આમ બાળપણમાં આપણી નજીકની વ્યક્તિઓ કોણ હશે અને પુખ્ત વયના થઈએ ત્યારે કોણ હશે એની આપણી ગોઠવણીની પાછળ આપણા આત્મિક વિકાસ માટેનાં આધ્યાત્મિક કારણો હોય છે.

આપણે આપણને આધ્યાત્મિક માપદંડથી માપીએ તો એ સમજવું પડશે કે આપણે કેવાં મા-બાપ, કેવાં સંતાન, કેવાં જીવનસાથી અને કેવા ઘનિષ્ઠ મિત્રો સાથે હાલના જીવનમાં જોડાયેલા છીએ. કોઈની પણ તરફથી આપણને સુખ મળે કે દુઃખ એની પાછળ પાછલા જન્મોનાં કર્મોનો હિસાબ હોય છે. એ હિસાબ ચૂકતે કરવા કે સરભર કરવા અને આપણા જીવનના પાઠ શીખવા તો આપણે પૃથ્વી પર જન્મ લેતા હોઈએ છીએ. ને સાથે સાથે આપણે



બીજાઓને પણ એમના જીવનના પાઠ શીખવવામાં મદદ કરતા હોઈએ છીએ. આપણા ચોટલા આમ અરસ-પરસ એ હેતુથી જ ગૂંથાયેલા હોય છે ને એમાંથી સભાનતાપૂર્વક સહજ રીતે સફળતાપૂર્વક બહાર નીકળવાનું હોય છે.

મૃત્યુની સાથે આગલા જન્મોની બધી સ્મૃતિઓ ભૂંસાઈ જાય છે. આથી નવો જન્મ લઈએ ત્યારે આપણી સાવ નજીકની વ્યક્તિઓ-આપણા જીવનસાથી, સહપાઠી અને મિત્રોને કેવી રીતે શોધવા અને ઓળખવા એ એક કોયડો હોય છે. તેઓ પણ આપણી આગળ પાછળ જ જન્મ લઈ ચૂકેલા હોય છે. આપણી આ તકલીફ અંગે આપણા ગાઈડ સજાગ હોય છે ને તેથી જ્યારે જીવન પસંદગીની ક્રિયામાં આપણે વ્યસ્ત હોઈએ છીએ ત્યારે તેઓ એમને ઓળખવાની નિશાનીઓ-ચાવીઓ આપતા હોય છે. યોગ્ય કાળ પાકતાં એ વ્યક્તિઓ એક એક કરીને આપણા જીવનમાં આવે ત્યારે કોઈ આભાસ દ્વારા આપણે જાણી જઈએ છીએ કે આ મારી અંતરંગ વ્યક્તિ છે.

## નવો જન્મ લેવા તરફનું પ્રયાણ :

જીવાત્માએ આવતા જન્મ માટેનું પોતાનું શરીર કયું હશે એની પસંદગી જીવન પસંદગી થિયેટરમાં કરી લીધી છે. જાણે એક મોટું બહુપાત્રી નાટક ભજવવાનું હોય તેમ એ નાટકમાં મુખ્ય રોલ એણે ભજવવાનો હોય છે ને એના ગ્રૂપના બીજા સભ્યો નાની નાની સહાયકારી ભૂમિકાઓ ભજવવાના હોય છે. કોણ શું ભૂમિકા ભજવશે તે નક્કી થઈ ગયેલું હોય છે. આપણા જીવનના નાટકમાં જેમ આપણે મુખ્ય રોલ ભજવવાના છીએ ને બીજાઓ નાની સહાયકારી ભૂમિકાઓ ભજવવાનાં હોય છે તેમ એમના જીવનમાં એમનો રોલ મુખ્ય રોલ હોય છે ને આપણો રોલ નાનો સહાયકારી રોલ હોય છે. આથી એમના રોલને અનુકૂળ થવા આપણે આપણા રોલમાં થોડાક ફેરફાર કરવા પડશે અને એમણે પણ એમના રોલમાં થોડાક ફેરફાર કરવા પડશે. આવા ફેરફારો તો કોઈ વાર ચાલુ નાટકે પણ કરવા પડતા હોય છે.

આપણા ગ્રૂપના સહપાઠીઓ સાથે આપણે પૃથ્વી પર જુદી જુદી રીતના સંબંધોમાં આવીએ છીએ. સૌથી વધુ ઘનિષ્ઠ સંબંધ પતિ-પત્નીનો હોય છે. આ પ્રકારના પ્રેમ સંબંધમાં બેઉ વ્યક્તિઓ એકબીજાના પ્રેમમાં એટલી બધી ગળાડૂબ હોય છે કે તેઓ એમ માને છે કે તેઓ એકબીજા વિના જીવી નહિ શકે. તેનાથી સહેજ ઓછા પ્રેમ સંબંધમાં કુટુંબની અન્ય વ્યક્તિઓ અને અંગત મિત્રો હોય છે. તેઓ આપણા જીવન પર ઘેરી અસર પાડતા હોય છે. ને આપણે એમના જીવન પર અસર પાડતા હોઈએ છીએ. તેથી તેઓ આપણા આત્મિક જન ગણાય.

પણ લાખ રૂપિયાનો સવાલ એ છે કે જુદા જુદા સ્થળે જુદા જુદા દેહોમાં જન્મેલાં આપણાં આત્મિયજનોને ઓળખવાં કેવી રીતે? આ માટે પુનર્જન્મ લેતા પહેલા બધા જીવાત્માઓને એક મોટા હોલમાં જવાનું હોય છે. જેને ''ઓળખ વિધિ હોલ'' કહીશું.

આ હોલની વચમાં એક ગોળાકાર ટેબલ હોય છે. જેના પર અનુબોધક-યાદ દેવડાવનાર (Prompter) ઊભો રહી સૂચનાઓ આપતો હોય છે. ટેબલના ફરતે પુનર્જન્મ લેનાર ને મુખ્ય રોલ ભજવનાર જીવાત્મા તથા એની સાથે જન્મ લેનાર એના ગ્રુપના દસ-પંદર સહપાઠીઓ હોય છે. પુનર્જન્મ લેનાર જીવાત્માએ એનું આખું જીવન પસંદગી થિયેટરમાં જોયેલું છે ને તેથી એના જીવનમાં આવનારા મુખ્ય મુખ્ય બનાવો તથા એ જેના જેના ગાઢ સંબંધોમાં આવવાનો છે તે સહપાઠીને જાણતો હોય છે. આ બનાવો અને આ વ્યક્તિઓ એના જીવન પર ભારે અસર કરવાની હોય છે. તેથી એ વ્યક્તિઓ માટે અને પ્રસંગો આગળ સાંકેતિક નિશાનીઓ જીવનપથ પર ખોડાઈ ગયેલી હોય છે. એ નિશાનીઓ અને સંકેતો તમારે પૃથ્વી પરના તમારા જીવનમાં જ્યારે ઉપસ્થિત થાય ત્યારે તેમને ઓળખવાના હોય છે ને તે પ્રમાણે ચાલવાનું હોય છે.

**વડીલોની પેનલ સમક્ષ બીજીવાર :**

પૃથ્વી પર જન્મ લેવા માટે પ્રયાણ કરાય તે પહેલાંની આ છેલ્લી વિધિ છે. ને તે છે વડીલોની પેનલ સમક્ષ બીજી વાર હાજર થવું. આ પેનલમાં ૩ થી ૫ સભ્યો હોય છે. જીવાત્મા લોક એ એક સુગ્રથિત અને વ્યવસ્થિત રીતે ચાલતું તંત્ર છે. ને તેથી વડીલોની મંડળી નવો જન્મ લેવા ઉત્સુક જીવાત્માને એના આગામી જીવનના હેતુઓ કેટલા કિંમતી છે તેના પર ધ્યાન દોરવા માગતા હોય છે.

પેનલના સભ્યો જીવાત્માના બધા અવતારો અંગે બધું જ જાણતા હોય છે. ને આગામી જન્મમાં એ શું શું કરીને શું શું પ્રાપ્ત કરવા ધારે છે તે પણ જાણતા હોય છે - પોતે સર્વજ્ઞ હોવાથી. આથી તેઓ જીવાત્મા પાસેથી એ વાતનો સધિયારો માંગે છે કે એ પોતાનો આ વખતનો જીવનકરાર પૂરેપુરો પાળશે. તેઓ જીવાત્માને ખંતપૂર્વક પોતાના ધ્યેયને વળગી રહેવાના ફાયદા સમજાવે છે ને વિકટ પરિસ્થિતિઓમાં મૂકાવા છતાંય પોતાનાં જીવનમૂલ્યો જાળવી રાખવાની એને સલાહ આપે છે. જીવાત્માની નબળી બાજુ તેઓ જાણતા હોય છે. તેથી એ બાબત એના ધ્યાન પર લાવી એ નિર્બળતાથી ઉપર ઉઠવાની એને સલાહ આપે છે. ખરાબ સંજોગો અને પરિસ્થિતિઓમાં મૂકાવા છતાં પોતાના પરનો વિશ્વાસ ન ડગવા દેવા માટે એને પ્રોત્સાહન આપે છે અને આશા વ્યક્ત કરે છે કે કોઈ પણ સંજોગોમાં એ બાજી પોતાના હાથમાંથી સરી જવા નહિ દે. જીવાત્મા રજા લેવા ઊભો થાય ત્યારે બેઉ હાથ ઊંચા કરી એક જોરદાર સકારાત્મક ઉર્જાનો ભારે પ્રવાહ જીવાત્માના મનમાં વહેતો કરે છે જે લઈને જીવાત્માએ પૃથ્વી પર પ્રયાણ કરવાનું હોય છે.



**પુનર્જન્મ :**

જીવાત્મા પૃથ્વી પર નવો જન્મ લેવા માનસિક રીતે તૈયાર થયો છે. એણે એના ગ્રુપના સહપાઠીઓની વિદાય લઈ લીધી છે, ને પોતાના ગાઈડ સાથે છેલ્લી ચર્ચાઓ પણ કરી લીધી છે. એને જીવાત્મા લોક છોડવું ખરેખર તો ગમતું હોતું નથી કારણ એ ખૂબ સલામત સ્થળ છે, પ્રેમ અને મૈત્રીભર્યું ત્યાં વાતાવરણ છે. આમ છતાં પૃથ્વી પર જવા એ આતુર પણ છે, કારણ વિકાસ સાધવાની ત્યાં તક છે. જીવાત્મા અંતે પૃથ્વી પર જવા તૈયાર થાય છે. તે ગ્રુપના બધા જીવાત્માઓની રજા લે છે. બધા એને શુભેચ્છાઓ પાઠવે છે. તે હવે અવકાશમાં એકલો તરતો તરતો જીવાત્મા લોકથી દૂર થતો જાય છે. એની સાથે એનો ગાઈડ પણ હોય છે. અંતે એક ક્ષણ એવી આવે છે જ્યારે એનો ગાઈડ પણ એનાથી છૂટો પડે છે ને જીવાત્મા હવે સાવ એકલો ખૂબ ઝડપથી આગળ વધે છે. વાદળાનાં થરો વચ્ચેથી પસાર થથો હોય તેવું એને લાગે છે. એની ઝડપ હવે વધતી જાય છે. એક અંધકારભરી પાઈપમાંથી પોતે પસાર થઈ રહ્યો છે એવું એને લાગે છે. એના બીજા છેડેથી બહાર નીકળતાં એ હુંફાળી ગરમી અનુભવે છે. એને લાગે છે કે એ એની માતાના શરીરમાં પ્રવેશ કરી ચૂક્યો છે. માતાના શરીરમાં થોડાક માસનો જે ગર્ભ હતો તેના શરીરમાં તે હવે પ્રવેશ કરી ચૂક્યો હોય છે. હવે એ એક બાળક બન્યો છે એમ કહી શકાય. વાચકને કદાચ એ સવાલ થાય કે જે અંધકારભરી પાઈપમાંથી એ પસાર થયો એ માતાના ગર્ભ સાથે જોડાયેલી નાભિનાળ તો નથી ને? જી ના. અગાઉ મૃત્યુ પછી જીવાત્મા એક પાઈપમાંથી પસાર થયા છે. જેના બીજા છેડે પ્રકાશનું વર્તુળ હોય છે તે આપણે આગળ જોઈ ગયા છીએ. એવા જ પ્રકારની આ પણ એક પાઈપ હોય છે. મૃત્યુ પછી પાઈપમાંથી પસાર થવાની ઝડપ ધીમી હોય છે. કારણ જીવાત્મા તાજા મૃત્યુથી ગૂંચવણમાં પડેલો હોય છે ને આગળ શું-શું હોય છે એની વિસ્મૃતિ એને થઈ ગયેલી હોય છે. તેથી નવી પરિસ્થિતિમાં ગોઠવાતાં એને થોડોક વધુ સમય લાગે છે. જ્યારે નવો જન્મ લેતી વખતે જીવાત્મા સર્વજ્ઞ એવા જીવાત્મા લોકમાંથી તાજોમાજો આવતો હોય છે, ને પોતે શું કરવા જઈ રહ્યો છે તે અંગે એ પૂરેપૂરો સભાન હોય છે. તેથી નવા વાતાવરણ અને પરિસ્થિતિમાં તે જલદીથી ગોઠવાઈ જાય છે.

ગર્ભાધાનના પાંચમા-છઠ્ઠા માસે જીવાત્મા એટલે કે વ્યક્તિનું સૂક્ષ્મ શરીર બાળકના સ્થૂળ શરીર સાથે જોડાય છે. પહેલા ત્રણ ચાર માસના ગર્ભાધાન વખતે સૂક્ષ્મ શરીર ગર્ભની સાથે ક્યારેય જોડાતું હોતું નથી. કોઈ કારણસર સ્ત્રીને ગર્ભપાતમાં બાળક ગુમાવવાનું થાય તો બીજી વાર જ્યારે એને ગર્ભ રહે ત્યારે એ જ જીવાત્મા એના સ્થૂળ ગર્ભ સાથે જોડાશે, કારણ એ જીવાત્માને એ માતા સાથે ઉચ્ચ તત્વોએ જોડેલી છે. ને તેની પાછળ કર્મનો સિદ્ધાંત હોય છે. પણ જો માતા ફરીથી ગર્ભ ન ધારણ કરવાનો નિશ્ચય કરીને બેઠી હોય તો એ જીવાત્મા એ જ કુટુંબના બીજા કોઈ સભ્યના સંતાન તરીકે અવતરે છે. કારણ કર્મનો સિદ્ધાંત અફર હોય છે. ગર્ભ સાથે જોડાયેલા જીવાત્માને પોતે પૂરા માસે જન્મવાનો છે તે ગર્ભપાતથી

અથવા કસુવાવડથી બહાર નીકળી જવાનો છે તેની ખબર હોય છે. નાનાં બાળકો મૃત્યુ પામે ત્યારે તેઓનો જીવાત્મા એકલો જીવાત્મા લોકમાં જતો હોતો નથી. કાં તો એ બાળકનો ગાઈડ અથવા બાળકના ગ્રુપનો કોઈ સભ્ય બાળકના મૃત્યુ વખતે હાજર થાય છે અને તેને જીવાત્મા લોકમાં લઈ જાય છે. જો બાળક એની મા કે બાપની સાથે મૃત્યુ પામે (કાર અકસ્માત કે એવી બીજા કોઈ અકસ્માતમાં) તો બેઉના જીવાત્મા લોકમાં સાથે જાય છે.

જીવાત્મા જ્યારે પાંચમા કે છઠ્ઠા માસે માતાના ગર્ભ સાથે જોડાવા માતાના શરીરમાં પ્રવેશ કરે છે ત્યારે ગર્ભ એને પૂછે છે કે ભાઈ તમે કોણ છો અને અહીં શું કામ આવ્યો છો. જીવાત્મા જવાબ આપે છે કે હું તારો મિત્ર છું ને તારી સાથે રમવા અને તારો જ એક અંશ બનવા આવ્યો છું. ગર્ભને ઘણી વાર નવા આગંતુકથી ડર લાગે છે. પણ મોટે ભાગે તે એનો ઝાઝો વિરોધ કરતો હોતો નથી. જીવાત્મા વિના-સૂક્ષ્મ શરીર વિના ગર્ભ એક કાચા ફળ જેવો હોય છે. જીવાત્મા એને ઉઠાવ (Depth) આપે છે. એ એની સાથે વાતે વળગે છે. ને એની સાથે ઘનિષ્ઠ મૈત્રી વિકસાવે છે. કોઈ વાર નાભિનાળ એવા ગળા આસપાસ વીંટળાયેલી હોય છે. એ વખતે જીવાત્મા ગર્ભને સધિયારો આપે છે તે ગભરાવાની કોઈ જરૂર નથી, બધાં સારાં વાનાં થઈ રહેશે. ને આમ એ ગર્ભને જન્મ લેવા માટે તૈયાર કરે છે. કારણ જન્મ લેવો એ મોટો આંચકો આપનારી ઘટના હોય છે. માતાના ગર્ભાશય જેવી મજાની ગરમ અને આરામદાયક જગ્યામાંથી બહાર આવી આંખો આંજી દેતી ઝગારા મારતી હોસ્પિટલ રૂમમાં બહાર નીકળવાનું હોય છે. તમને કોઈ પકડીને બહાર ખેંચે ને બે પગે પકડી ઊંધા લટકાવી એક-બે થાપટ મારે એ ખૂબ ત્રાસદાયક હોવાથી તમે ચીસાચીસ કરી મૂકો છો. પણ આમ થવાનું છે તે વાત જીવાત્માઓને અગાઉથી કહેવાયેલી હોય છે. તેથી એ માનસિક રીતે તૈયાર થયેલો હોય છે, તેથી તરત જ શાંત થઈ જાય છે. ગર્ભ છ વર્ષનો થાય ત્યાં સુધી અમે બે જુદા જ છીએ એવી રીતે હું (જીવાત્મા) વર્તુ છું. ગર્ભાધાન વખતે અને છ વર્ષની ઉંમર થાય ત્યાં સુધી હું એનું સ્થૂળ શરીર છોડી ઘણી વાર બહાર લટાર મારવા નીકળી પડતો હોઉં છું, ખાસ કરીને એ જ્યારે ઊંઘતો હોય ત્યારે. બાળપણમાં હું એની સાથે અવારનવાર અલગ વ્યક્તિ તરીકે હોઉં એમ વર્તું છું. તેથી બાળકો ઘણી વાર પોતાની સાથે વાત કરતાં હોય છે. જાણે કે કોઈ એમની સાથે રમતમાં ભાગ લઈ રહ્યું હોય તેમ. એ બીજું કોઈ નહિ પણ હું પોતે જ હોઉં છું. જો કે ઘણી વાર બાળકનો ગાઈડ પણ એની સાથે રમતો હોય તેમ. છ વર્ષની ઉંમર પછી જીવાત્મા બાળકના શરીર સાથે સંપૂર્ણ ઐક્ય સાધે છે ને એક વ્યક્તિત્વ ઉત્પન્ન કરે છે, પરિણામે આપણા આખા જીવન દરમિયાન આપણે આપણા દેહને જ ''હું'' સમજીએ છીએ. શરીર તો વહેલું મોડું મરવાનું છે એ હકીકત છે, પણ આત્માએ જે શરીરનો આશરો લીધો (પોતાનો વિકાસ સાધવાના હેતુથી) તે શરીરને એ ક્યારેય ભૂલશે નહિ કારણ એ શરીરે એને પૃથ્વીના કાળ અને ક્ષેત્રમાં અનુભવો લેવાની સગવડ કરી આપી હતી. આ કારણથી જ આત્માઓ ભૂતકાળમાં તેઓએ કયા શરીરે શું કરેલું તે સંમોહન વખતે કહી શકતા હોય છે.



ગર્ભાવસ્થા દરમ્યાન જીવાત્મા ઘણી વાર માતાના શરીરની બહાર લટાર મારવા નીકળી પડે છે. એના સહપાઠીઓ જેઓ પૃથ્વી પરનાં જુદાં જુદાં સ્થળે પોતપોતાની માતાઓના ગર્ભમાં હોય છે તેઓ પણ બહાર આવી બધા ભેગા મળી ટોળટપ્પાં મારતા હોય છે. કારણ માતાના શરીરમાં પૂરાઈ રહેવું એમને બોરીંગ લાગતું હોય છે. આ ઉપરાંત અગાઉના અવતારોમાં એને જે વિસ્તારો ગમતા હતા ત્યાં પોતે લટાર પણ મારી આવે છે. એનો અર્થ એ ન કરશો કે જીવાત્માને બાળકના ગર્ભની કંઈ પડી હોતી નથી. એ બાળકથી બહુ દૂર જતો હોતો નથી. પૃથ્વીના વાતાવરણમાં જ રહે છે ને જરૂર પડે તો અતિ વેગથી તત્ક્ષણ પાછો આવી શકે તેમ હોય છે.

એક વાર જન્મ થયો પછી હાડમાંસના સ્થૂળ શરીર સાથે જીવાત્માનું પાકું જોડાણ વહેલું મોડું થઈ જ જાય છે. અજર અમર એવો આત્મા સૂક્ષ્મ શરીરમાં રહે છે. સાવ નિર્લેપ. પણ સૂક્ષ્મ શરીરની સાથે જોડાયેલો અહંકાર જગતના અનુભવો લેવાનું શરૂ કરે છે. આત્મા હવે શરીરનાં બંધનોમાં પડેલો ભલે દેખાય પણ એ ક્યારેય એનો કેદી બનતો નથી. કારણ એ એની સાથે બ્રહ્મની પ્રજ્ઞા લઈને આવેલો હોય છે. તેથી તેને એ વાતની સતત યાદ છે કે પોતે કોણ છે ને શું કરવા અહીં આવ્યો છે.

જીવાત્મા (સૂક્ષ્મ શરીર) મૃત્યુ ટાણે તો શરીરની બહાર જાય છે જ, પણ શરીર ઊંડી નિદ્રા-સુષુપ્તિમાં હોય ત્યારે અથવા ઊંડી ધ્યાનાવસ્થામાં હોય ત્યારે અથવા હોસ્પિટલમાં શીશી સુંઘાડી શરીરને બેભાન કર્યું હોય ત્યારે પણ એ શરીરની બહાર નીકળી એની ઈચ્છા હોય એ પ્રદેશોમાં લટાર મારી પાછો આવે છે. કોઈ વ્યક્તિના મગજને નુકશાન થયું છે અને એ બેભાન અવસ્થામાં સરી પડ્યો છે એવે વખતે જીવાત્મા વધુ લાંબા સમય માટે શરીરની બહાર રખડતો રહે છે. બાળક પાંચ-છ વર્ષનું થાય ત્યાં સુધી જીવાત્મા બાળકના દેહમાં આવતો જતો રહે છે. બાળક શાળાએ જતું થાય તે પછી જીવાત્મા દેહની બહાર જતો બંધ થાય છે.

આપણને સવાલ થાય કે ગર્ભની સાથે જોડાયેલા જીવાત્માને એ ડર રહેતો હશે કે એની માતા ગર્ભપાત કરાવી લેશે તો? એનો જવાબ એ છે કે ગર્ભમાં આવતા પહેલાં આત્મા સર્વજ્ઞ હોવાથી એને ખબર હોય છે કે પોતાનો ગર્ભપાત થવાનો છે કે પોતે પૂર્ણમાસે બાળક તરીકે અવતરવાનો છે. જો ગર્ભપાતનું પ્લાનિંગ અગાઉથી જીવાત્મા લોકમાં નહિ કરાયું હોય તો પૃથ્વી પર માતા અને એનાં સંબંધીઓ ગમે તેટલા પ્રયત્નો ગર્ભપાત માટે કરે તો ય તે નિષ્ફળ જવાના.

જીવાત્મા જ્યારે જન્મ લેવાનું નક્કી કરે છે ત્યારે પોતે કયા સ્થળે કેવી વ્યક્તિ તરીકે જન્મ લેવાનો છે ને એ જીવનમાં પોતે શું શું કરવાનો છે તે બધું નક્કી કરતો હોય છે. પણ એને પૃથ્વી પર જન્મ લેવા માટે વિદાય કરતા પહેલાં એ બધી બાબતો પર પડદો પાડી દેવાની

શરત-સ્મૃતિ ભ્રંશની શરત લાદવામાં આવે છે. આથી વ્યક્તિ આખું જીવન પૂર્વ જીવનોની સ્મૃતિ વગર અને આ જીવનમાં શું શું બનવાનું છે એની સ્મૃતિ વગર જીવતો હોય છે.

આમ છતાં પાછલા બધા જન્મોની સ્મૃતિ બાળકના સ્થૂળ શરીરના મગજના અમુક ભાગમાં કોડ રૂપે સંઘરાયેલી હોય છે. પણ એના પર તાળાં લાગેલાં હોય છે. સાધના દ્વારા એ તાળાં ખોલી શકાય છે ને એ સ્મૃતિઓને સાવ ભૂંસી શકાય છે. સંમોહન અવસ્થામાં પણ મનોચિકિત્સક એ સ્મૃતિઓમાંથી ખાસ પીડાકારક જે સ્મૃતિઓ હોય છે એમને ખોલી એમને ભૂંસી શકે છે. પણ તે બે-ચાર સ્મૃતિઓ, આપણા મગજમાં તો અનંત અવતારોની અનંત સ્મૃતિઓ ભરેલી પડી છે. એમને ભૂંસવા માટે તો સાધના એ જ એક માર્ગ છે. ને તેથી સાધના કરવા માટે આપણે અનંત જન્મો લેતા હોઈએ છીએ. દરેક જન્મે આપણે આપણા મૂળ સ્રોત તરફની યાત્રામાં એક ડગલું આગળ વધતા હોઈએ છીએ. પણ એ યાત્રા અનંત જન્મો સુધી ચાલતી રહે જો આપણે સંનિષ્ઠ અને ઘનિષ્ઠ પ્રયત્નો ન કરીએ તો. આપણો ગાઈડ આપણને પૃથ્વી પર યોગ્ય ગુરૂની સાથે આપણું યોગ્ય સમયે મિલન કરાવતો હોય છે. અહીંથી આપણી યાત્રા વધુ ઝડપી બને છે. જેમણે સ્વયં આત્મસાક્ષાત્કાર કર્યો છે એવા ગુરૂનો ભેટો થાય તો આપણી યાત્રામાં વેગ આવે છે. ગુરૂ તો માર્ગદર્શન જ આપે, યાત્રા આપણે ખુદને કરવાની હોય છે. આપણે પડીએ આખડીએ એ જીવનનો સ્વાભાવિક ક્રમ છે, પણ પડીને ઊભા થઈએ ને આપણો પ્રવાસ ચાલુ રાખીએ એ મહત્ત્વનું છે. આપણો ગાઈડ પણ જુદા જુદા ગુરુ સ્વરૂપે આપણને અનંત અવતારોમાં મળતો રહે છે. અને આત્મિક વિકાસના માર્ગે આગળ દોરતો રહે છે. આપણે જો સંનિષ્ઠ પ્રયત્નો કરતા રહીએ તો એવો એક જન્મ જરૂર આવે છે જેમાં આપણે આપણી બધી જૂની સ્મૃતિઓને સાધના થકી બાળીને ભસ્મ કરી દઈએ અને મુક્તિ પામીએ. એ ભાગ્યવંત દિવસ દરેક આત્માના કોઈ એક જીવનમાં જરૂર આવતો હોય છે. શક્ય છે કે તમારો આ જન્મ એવો એક ભાગ્યવંત જન્મ હોય. તો મિત્ર, કમર કસો અને થઈ જાઓ મુક્ત.

## ઉપસંહાર :

આપણે સૌ માનવો એક વિરાટ આત્મા જેને આપણાં શાસ્ત્રો બ્રહ્મ કહે છે, એમાંથી છૂટા પડેલા નાનકડા અંશ છીએ છતાં બ્રહ્મના બધા ગુણધર્મ ધરાવતા હોઈએ છીએ. સર્વજ્ઞતા-સર્વ શક્તિમાન-સર્વ વ્યાપ્ત-આનંદ સ્વરૂપ વગેરે. જગતના અનુભવો લઈ આનંદ સિવાયની સ્થિતિ કેવી હોય એ કૂતુહલથી એક રમત રમવા આ બ્રહ્માંડમાં આપણે જન્મ લીધો છે. રમત રમવા જે બ્રહ્માંડનું સર્જન કરવામાં આવ્યું છે એમાં સૂર્ય જેવા બે લાખ કરોડ તારાઓ છે ને દરેક તારાને પૃથ્વી જેવા ગ્રહો છે ને ગ્રહોને ઉપગ્રહો છે. આવાં બ્રહ્માંડ એટલે કે તારા વિશ્વ એટલે કે ગેલેક્ષીઓ એક લાખ કરોડ છે. એટલે પૃથ્વી જેવા અનંત ગ્રહો છે જેમાં માનવો જેવાં જીવન ધરાવતા જીવાત્માઓ વસે છે. તેઓ આપણાથી આગળ વધેલા પણ હોઈ શકે ને



આપણાથી પાછળ પણ હોઈ શકે. એક તારાથી બીજા તારા સુધીના અંતર એટલાં વિશાળ છે કે આપણે હજુ બીજા તારા સુધી જવા માટેનાં વાહન વિકસાવી શક્યાં નથી. પણ મજાની વાત એ છે કે આપણે એ ગ્રહો પર સૂક્ષ્મ દેહે જોઈ શકતા હોઈએ છીએ અને જતા પણ હોઈએ છીએ. જ્યાં સુધી આપણે પૂર્ણતા પ્રાપ્ત ન કરીએ ત્યાં સુધી એ પ્રવાસોની યાદ આપણને સ્વપ્ન રૂપે રહે છે. સાધના કરી આત્મસાક્ષાત્કાર કરનાર વ્યક્તિઓએ એ સ્થિતિ પ્રાપ્ત કરી લીધી હોય છે. ને તેથી જ તેઓ કહે છે કે હું સર્વજ્ઞ છું - સર્વ વ્યાપ્ત છું. તેઓ સર્વજ્ઞ હોવા છતાં કરૂણાવશ થઈ આપણી સાથે સામાન્ય માનવી તરીકે જીવન વિતાવે છે. જગતની રમત રમવા બ્રહ્મમાંથી છૂટા પડેલા આમ આપણે પણ બ્રહ્મના જ એક અંશ છીએ. ને સાધનાના કોઈ એક સ્તરે-લેવલે-કક્ષાએ પહોંચેલા છીએ. (તેથી તો આ લેખ આપ વાંચી રહ્યા છો) જ્યાં સુધી આપણે પૂર્ણતા પ્રાપ્ત ન કરીએ ત્યાં સુધી આપણે આ પૃથ્વી પર અને એવા જેવા બીજા ગ્રહો પર જન્મ લેતા રહી-અનુભવો લેતા રહી પોતાનામાં રહેલી ક્ષતિઓ સુધારતા જઈએ છીએ. આપણું ધ્યેય તો પરિશુદ્ધ થઈ બ્રહ્મની સાથે પુનર્મિલન સાધવાનું છે ને તે વાતની અંતઃસ્ફૂરણાથી આપણને દરેકને યાદ હોય છે. પાછલાં પાનાઓમાં મનોચિકિત્સક શ્રી માઈકલ ન્યુટને પોતાનાં અનેક માધ્યમો દ્વારા જે તારણો તારવ્યાં એને ટૂંકમાં જોઈ જઈએ. મૃત્યુથી શરૂઆત કરીએ :

૧. આપણા મૃત્યુનો દિવસ, ક્ષણ અને રીત આપણે પોતે અગાઉથી નક્કી કરીને પછી આ જન્મ લીધેલો હોય છે, એટલે કશું અકસ્માતે બનતું હોતું નથી.
૨. પૃથ્વી આપણું કાયમી નિવાસસ્થાન નથી, એ તો અનુભવો લઈ આત્મિક વિકાસ સાધવાનું સ્થાન છે, ને તેમાં આપણે ખૂબ ટૂંકા સમય માટે રહીને સ્વગૃહે પાછા જતા હોઈએ છીએ. પૃથ્વી પરનાં સો વર્ષો જીવાત્મા લોકમાં થોડીક મિનિટો જેવાં જ ગણાય.
૩. મૃત્યુ ટાણે આપણો આત્મા આપણું જે સૂક્ષ્મ શરીર છે તેને લઈ આગળ વધે છે. એ સૂક્ષ્મ શરીરને આપણે આ લેખ પૂરતો જીવાત્મા કહીશું.
૪. મૃત્યુ પછી એની વાસના મુજબ થોડાક દિવસ-મહિના-વર્ષો સુધી વાસનાનાં સ્થળો આસપાસ જીવાત્મા ઘુમરાતો રહે છે. ને તે પછી સ્વગૃહ તરફ પ્રયાણ કરે છે. સ્વગૃહને આપણે જીવાત્મા લોક કહીશું.
૫. જીવાત્માને લેવા યમદૂતો આવે છે ને એને ગળામાં દોરડું બાંધીને ઘસડીને લઈ જાય છે એ માન્યતા ખોટી છે. જીવાત્મા સ્વયં પ્રવાસ કરે છે કોઈની મદદ વગર.
૬. જીવાત્મા એક ટનલ જેવી જગામાંથી પસાર થાય છે, જેમાં ઝાંખો પ્રકાશ હોય છે, ને સામે છેડે પ્રકાશનું વર્તુળ દેખાય છે.
૭. ટનલમાંથી બહાર નીકળી થોડેક આગળ વધતાં તે એક મહાદ્વાર આગળ આવે છે, જે ખરેખર તો સ્થૂળ નથી હોતું, પણ જીવાત્માને ઝટ થાળે પાડવાના હેતુતી આભાસી ઊભું કરેલું હોય છે.

૮. એ ગેટ પર એને આવકારવા એનાં મા-બાપ, પતિ કે પત્ની, ભાઈ, બહેન અને અંગત મિત્રો હાજર હોય છે.
૯. ભલે કોઈ અંગત વ્યક્તિ આ ટાણે નવો જન્મ લઈ પૃથ્વી પર ગઈ હોય તો ય તે એને આવકારવા તે ત્યાં હાજર રહે છે, કારણ એની અમુક ઊર્જા એ જીવાત્મા લોકમાં છોડી ગયેલી હોય છે જે એનું પૂર્ણરૂપ ધારણ કરી શકે છે.
૧૦. આવકારવામાં જીવાત્માનો ગાઈડ પણ હોય છે.
૧૧. દરેક જીવાત્માને એના પહેલા જન્મ વખતે (એકાદ લાખ વર્ષ પહેલાંના) એક રૂપ-દેખાવ આપવામાં આવે છે ને એક નામ આપવામાં આવે છે જે અનંતકાળ સુધી કાયમ રહે છે. ગાઈડ પણ વિકાસ પામેલો જીવાત્મા જ હોય છે. જેનું પણ રૂપ અને નામ કાયમ રહે છે. દરેક જીવાત્માને એક ગાઈડ આપવામાં આવેલો હોય છે. જીવાત્મા પૃથ્વી પર પોતાનો દેહ છોડે કે તરત જ ગાઈડને ખબર પડી જાય છે. ને પરિસ્થિતિ અનુસાર એ પૃથ્વી પર અથવા જીવાત્મા લોકના ગેટ પર જીવાત્માનો હવાલો સંભાળી લે છે.
૧૨. ગેટ પર પ્રિયજનોનું મિલન પૂરું થયા પછી સૌ પોતપોતાનાં સ્થાનોએ પાછા જાય છે ને ગાઈડ જીવાત્માને લઈ અતિ વિશાળ એવા જીવાત્મા લોકમાં આગળ વધે છે.
૧૩. એ એને સૌ પહેલાં સ્નાનકક્ષમાં લઈ જાય છે જ્યાં એના પર ઉર્જાનો ધોધ વરસાવી પૃથ્વી પર એના આધાર પર પડેલા ઘાવને ધોઈ અને સ્ફૂર્તિવંત અને પૂર્ણ બનાવી દેવામાં આવે છે.
૧૪. આ પછી જીવાત્મા એક કક્ષમાં જાય છે જ્યાં એના ગાઈડ સાથે બેસી એ હાલમાં જે જીવન જીવીને આવ્યો છે એનો આખો વૃત્તાંત તપાસી જવામાં આવે છે. જીવાત્મા દ્વારા જે બધાં સારાં-માઠાં કૃત્યો થયાં એની નિખાલસપણે ચર્ચા કરાય છે ને એનાં લેખાં જોખાં લેવાય છે.
૧૫. કેટલાક જીવાત્માઓ પોતે મૃત્યુ પામ્યા છે એ વાત ઝટ સ્વીકારી શકતા હોતા નથી અને એમને સ્વતંત્ર ઈચ્છા હોવાથી તેઓ જીવાત્મા લોકમાં તરત જ જવા ઈચ્છતા હોતા નથી. તેથી તેઓ જે અવસ્થામાં પૃથ્વી પર રહે છે તેને આપણે ભૂત-પ્રેત અવસ્થા કહીએ છીએ. આવા જીવાત્માઓ કેટલીક વાર નિર્દોષ વ્યક્તિઓના શરીરનો કબજો લઈ એમને દુઃખ પહોંચાડતા હોય છે. પણ અંતે સમજાવી-બુઝાવીને એમને જીવાત્મા લોકમાં મોકલવામાં આવે છે.
૧૬. જે વ્યક્તિઓ પૃથ્વી પર ભયંકર ગુનાઈત પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા હોય છે એમને જુદા તારવી એક એકાંત સ્થળે લઈ જવામાં આવે છે, ત્યાં લાંબા સમય સુધી એમને એકલા રાખવામાં આવે છે જેથી એમને અન્યની સોબતની કિંમત સમજાય. ઘનિષ્ઠ શિક્ષણ પછી એમનાં બધાં પાપ ધોવાય ત્યારે તરત જ નવો જન્મ લેવાની એમને રજા અપાય છે.



૧૭. આપઘાત કરીને આવનાર વ્યક્તિઓ પોતાના કૃત્ય બદલ શરમ અને હીણપત અનુભવતી હોય છે. એમણે એમને આપવામાં આવેલો એક સારો જન્મ અધીરાઈથી ખોયો હોય છે. એમની સાથે જોડાઈને પોતાનું જીવન કાર્ય પૂરું કરવા ગયેલી વ્યક્તિઓને એમણે દગો દીધેલો હોય છે. આથી તેમને એવા ગ્રહ પર મોકલવામાં આવે છે જ્યાં બધું હોય છે પણ માનવો હોતા નથી. ઘણાં વર્ષો સુધી એકાંતમાં મનન કર્યા પછી તેઓ સ્વસ્થતા પ્રાપ્ત કરે પછી એમને એમના ગ્રુપમાં જવાની રજા આપવામાં આવે છે.
૧૮. પોતાના ગાઈડ સાથે પાછલા જીવનનો વૃત્તાંત ચર્ચી લીધા પછી જીવાત્મા પોતાના ગ્રુપમાં જવા તૈયાર થાય છે. એ માટે એને એક મોટા હોલમાં લઈ જવામાં આવે છે, જ્યાંથી એને એના ગ્રુપના માર્ગે ચડાવી દેવામાં આવે છે.
૧૯. આ માર્ગે પ્રવાસ કરતો કરતો જીવાત્મા રસ્તામાં અનેક ગ્રુપોનાં ઝુંડ પાસેથી પસાર થાય છે. એને કોઈ અદશ્ય શક્તિ આગળ ખેંચતી રહે છે ને અંતે પોતાનું ગંતવ્ય સ્થાન આવતાં એની ગતિ ધીમી પડે છે.
૨૦. જીવાત્માઓ વાદળના ગોટા જેવી ઉર્જાના બનેલા હોય છે જે અંદરથી પ્રકાશિત હોય છે. એમને આંખોની જગાએ બે કાળાં ટપકાં હોય છે. કોઈ પણ રૂપ ધારણ કરી શકવાની શક્તિ તેઓ ધરાવે છે. શરીરનાં કોઈ સ્થૂળ અંગો એમને હોતાં નથી પણ કોઈ પણ અંગ તેઓ ધારણ કરી શકે છે. એમનો દેહ પારદર્શક હોય છે. આમ છતાં એમના વિકાસના સ્તર મુજબ એમના દેહને રંગ હોય છે. બિન અનુભવી-નવા સવા જીવાત્માઓનો રંગ સફેદ હોય છે. પછી જેમ જેમ આત્મિક વિકાસ પામતા જાય તેમ તે પીળો, સોનેરી, લીલો, આછો બ્લ્યૂ, ઘેરો બ્લ્યૂ અને અંતે જાંબુડી (Purple) એમની આભાના આ રંગો પરથી તેઓ કઈ કક્ષાના છે તે દરેક જીવાત્મા જાણી શકે છે.
૨૧. ગંતવ્ય સ્થાને આવતાં એના ગ્રુપના સભ્યો એને હર્ષોલ્લાસથી આવકારે છે. એમાંના થોડાક તો એને ગેટ પર આવકારવા અગાઉ મળેલા હોય છે. તે અહીં ફરીથી મળે છે.
૨૨. એનું ગ્રુપ ૨૦-૨૫ જીવાત્માઓનું હોય છે. એમાં દરેક જીવાત્મા અહંનું સ્તર, ઈચ્છાઓનું સતર, અભિવ્યક્તિનું સ્તર અને જાગૃતિનું સ્તર લગભગ એક સરખું હોય છે.
૨૩. જીવાત્મા અહીં આવ્યા પછી તરત જ વડીલોની મંડળી સમક્ષ હાજર થાય છે. તેઓ એના હમણાં જ જીવીને આવેલો છે તે જન્મનાં મુખ્ય કૃત્યોની ચર્ચા કરે છે. એની ભૂલો અને દુષ્કૃત્યો તરફ એનું ધ્યાન દોરે છે, પણ ઠપકો આપતા નથી. એના ભવિષ્યના જીવનમાં એવી ભૂલો ન કરાય એની સૂચના આપે છે.
૨૪. વડીલોની મંડળીને મળીને આવ્યા પછી જીવાત્મા એના ગ્રુપના સહપાઠીઓ સાથે ચર્ચા વિચારણમાં જોડાય છે. આ ચર્ચા વિચારણા માટે બધા જીવાત્માઓ અવાર-નવાર એક સ્થળે અભ્યાસ માટે જતા હોય છે. ને એ સ્થળ તે લાયબ્રેરી.

૨૫. લાયબ્રેરીમાં દરેક જીવાત્માના અનંત અવતારોમાં થ્રી ડાયમેન્શનલ હાલતાં ચાલતાં ચિત્રો હોય છે. જીવાત્મા હાલમાં જે જીવીને આવેલા જીવનનું પુસ્તક પહેલું જુએ છે. એમાં એ જે જીવન જીવીને આવ્યો એનું ચિત્રાંકન તો હોય છે જ, પણ જીવનના દરેક ત્રિભેટા પર જે રસ્તે એ નહોતો ગયો એ રસ્તે ગયો હોત તો એનું જીવન કેવું કેવું હોત એનું ચિત્રાંકન પણ હોય છે. જીવાત્મા પોતે ક્યાં ક્યાં ભૂલો કરી તે અહીં સ્પષ્ટ જોઈ શકે છે ને ગ્રુપ સાથે ચર્ચામાં તે ચર્ચી પણ શકે છે. આ રીતે એ પોતાના પાછલા બધા અવતારોનાં પુસ્તકો પણ ઈચ્છા મુજબ જોઈ શકે છે. આ ઉપરાંત આ લાયબ્રેરીમાં તે પોતાના ગ્રુપના બીજા જીવાત્માઓનાં પુસ્તકો પણ જુએ છે ને બીજા જીવાત્માઓ એના જીવનનું પુસ્તક જુએ છે. આમ એકબીજાનાં જીવનથી બધા પરિચિત હોય છે. પરિણામે બધા ગ્રુપ ચર્ચા વખતે ખુલ્લા અને નિખાલસ હોય છે.

૨૬. જીવાત્મા પોતાનાં જીવન પુસ્તકો જોતાં એ જાણે છે કે પોતે કોઈ જન્મમાં પુરૂષ હતો તો કોઈ જન્મમાં સ્ત્રી હતો. કોઈ જન્મમાં એની પત્ની એની મા હતી કે બહેન હતી કે ભાઈ હતો. આમ સંબંધો બદલાતા રહે છે. પણ ગ્રુપના સભ્યો એના એ હોય છે. સામાન્ય રીતે બધા અવતારોની ગણતરી કરીએ તો અડધા જન્મોમાં તે સ્ત્રી હોય છે ને અડધા જન્મોમાં પુરુષ.

૨૭. કેટલાક જીવાત્માઓ સમલીંગી વ્યક્તિ તરીકે જન્મ લેતા હોય છે. સમાજ સમલીંગી સ્ત્રી પુરૂષોના સંબંધો સ્વીકારતો હોતો નથી. આથી એમના પ્રત્યે તે ઘૃણા દર્શાવે છે. આ કારણે જ જે જીવાત્માઓએ આત્મિક વિકાસ વધુ સાધ્યો હોય છે તેઓમાં નૈતિક હિંમત વધુ હોવાથી તેઓ સમલીંગીક વ્યક્તિ તરીકે જન્મ લઈ ઘૃણાઓ સહન કરી એમની ઉપર ઊઠી પોતાનો આત્મિક વિકાસ વધુ આગળ લઈ જાય છે. આમ સમલીંગી સ્ત્રી-પુરૂષો નિમ્ન કક્ષાની નહીં પણ ઉચ્ચ કક્ષાની વ્યક્તિઓ હોય છે.

૨૮. જીવાત્મા પોતાના ગ્રુપના સભ્યો સાથે એકબીજાએ પાછલી જિંદગીઓમાં કરેલી ભૂલોની ચર્ચા કરી એમાંથી શો બોધપાઠ લીધો એ અંગે ચર્ચાઓ કરતો રહે છે, પોતાની ભૂલોથી તે એ શીખે જ છે, પણ બીજાઓની ભૂલોથી પણ તે શીખતો હોય છે.

૨૯. આમ ખૂબ લાંબા કાળ સુધી સુખ ચેન ભરી આ જિંદગીમાં ઘણો લાંબો કાળ વીતાવ્યા પછી એને લાગે છે કે નવો જન્મ લઈ નવા અનુભવો કરી વધુ વિકાસ સાધવાનો કાળ હવે પાક્યો છે. ઘણી વાર એનો ગાઈડ એના કાનમાં એ જ વાત કહી જાય છે કે ભઈલા હવે તૈયારી કરો.

૩૦. પૃથ્વી પર ક્યાં અને કેવી વ્યક્તિ તરીકે જન્મ લેવો તે જાણવા એને જીવન પસંદગી હોલમાં જવાનું હોય છે.

૩૧. આ હોલમાં ચાર બાજુની ગોળાકાર દિવાલો જે હાલતા ચાલતા પડદા હોય છે. જીવાત્મા પોતે ડીવીડી પ્લેયરને ચલાવનાર બને છે ને દિવાલો પર ભવિષ્યમાં એ જે



વ્યક્તિ બનવાનો છે એનાં ચિત્રો પ્રોજેક્ટ કરવામાં આવે છે. જીવાત્મા ચિત્રોને આગળ પાછળ કરી શકે છે ને અટકાવી પણ શકે છે. જીવનમાં આવતા ત્રિભેટા પર મરજી મુજબ વળાંક લઈ શકે છે. એનું શરીર કયા રંગનું, કયા કદનું, કયા સંસ્કારોવાળું, કયા વારસાગત રોગોવાળું હશે તે અહીં નક્કી થાય છે. તમારો પતિ કે પત્ની, બાળકો, મિત્રો, સગાં-સંબંધી, મા-બાપ બધું અહીં નક્કી થાય છે ને તમે આ જે બધી પસંદગીઓ કરી એની એક સીડી ઉતારી તમને આપવામાં આવે છે એ હોય છે તમે પસંદ કરેલા તમારા આખા ભાવિ જીવનમાં બનનારા બધા બનાવોની સીડી.

૩૨. આમ તમે તમારા જીવનમાં જે બનાવો બનવાના છે ને તમે જેમના ગાઢ સંપર્કમાં આવવાના છો તે તમે સ્વયં પસંદ કરેલું હોય છે. શરત માત્ર એટલી જ હોય છે કે જન્મ વખતે તમારે એ સીડી અને એની અંદર રહેલી વિગતો આખી ભૂલી જવાની હોય છે.

૩૩. પુનર્જન્મનું નાટક જીવન પસંદગી હોલમાં જીવાત્માએ જે જોયું એ એના જીવનનું નાટક હોય છે ને તેમાં એ પોતે નાટકનો હીરો હોય છે ને એની સાથે જોડાનાર બીજી વ્યક્તિઓનો રોલ ગૌણ હોય છે. પણ એ બીજી વ્યક્તિઓ પોતે પોતાના જીવનના નાટકમાં મુખ્ય હીરો હોય છે ને તમે ગૌણ રોલ ભજવવાના હો છો. આથી એકબીજાના રોલમાં થોડા ઘણા ફેરફાર કરવા પડતા હોય છે.

૩૪. જીવન પસંદગી હોલમાંથી પોતાના ભાવિ જીવનની પસંદગી કરી આવ્યા પછી પોતાના ગ્રુપના સભ્યો સાથે જીવાત્મા ફરીથી વિગતવાર ચર્ચા કરે છે ને બીજાઓ પણ પોતાના ભાવિ જીવનની વાત કરે છે, તેમાં તમારો રોલ શું હશે તે કહે છે. આમ આઠ-દસ સહપાઠીઓના પોતપોતાના રોલની ચર્ચા કરી એકબીજાના રોલમાં થોડા ઘણા કરવાપાત્ર ફેરફાર કરવામાં આવે છે.

૩૫. પૃથ્વી પર આવતાં તમે અને તમારી સાથે જોડાનાર સહપાઠીઓ જુદાં-જુદાં શરીરોમાં જુદાં-જુદાં સ્થળે જન્મેલાં હોય છે ને કાળ પાકતાં બધા એકબીજાને આવી મળતા હોય છે. એમને ઓળખવાની નિશાનીઓ રાખેલી હોય છે પણ આપણે એ બાબતમાં સભાન હોતા નથી. કેટલીક વાર સ્વયંસ્ફૂરણાથી ઓળખ થઈ જતી હોય છે.

૩૬. એના એ વંશવેલામાં જન્મ લેવાનું જીવાત્માઓ પસંદ કરતા હોતા નથી, કારણ એની એ જ જીવન પદ્ધતિ, સંસ્કાર વગેરે આત્મિક વિકાસમાં મદદરૂપ ન થઈ શકે. આથી દાદા કે દાદી, પૌત્ર કે પૌત્રી તરીકે એ જ કુટુંબમાં જન્મ લે એવું મોટે ભાગે બનતું હોતું નથી.

૩૭. આમ છતાં કોઈ માનું બાળક ખૂબ નાની વયે અવસાન પામે ને એનો આઘાત-શોક ખૂબ ઊંડો હોય તો જીવાત્મા એ માતાના બીજા બાળક તરીકે જન્મ લેતો હોય છે ખરો, પણ એવા કિસ્સા ખૂબ જુજ હોય છે.

૩૮. પુનર્જન્મ લેવાની બધી તૈયારીઓ થઈ જતાં જીવાત્માએ વડીલોની મંડળી સમક્ષ જઈ એમની રજા લેવાની હોય છે. ત્યાં એને શુભેચ્છાઓ પાઠવવામાં આવે છે ને વિકાસની જે ભાવનાથી જીવાત્મા જન્મ લેવા જઈ રહ્યો છે તે યાદ રાખી એ પ્રમાણેનું જીવન જીવી લેવાની સૂચના એને આપવામાં આવે છે.

૩૯. આ પછી સમય જતાં જીવાત્મા એકલો પ્રસ્થાન કરી જીવાત્મા લોક છોડી પૃથ્વીના વાતાવરણમાં દાખલ થાય છે. એ એક અંધકારમય ટનલમાંથી પસાર થઈ પૃથ્વી પર એની માતાના શરીરમાં પ્રવેશ કરે છે. આ વખતે માતાના શરીરમાં રહેલો ગર્ભ ૪ થી ૬ માસનો થયેલો હોય છે.

૪૦. આમ નવા જન્મ લેનાર આત્માનું સૂક્ષ્મ શરીર ગર્ભ સાથે સંપર્ક સાધતું જઈ એની સાથે એકત્વ સાધવા મથે છે.

૪૧. ગર્ભાવસ્થા દરમિયાન સૂક્ષ્મ શરીર લટાર મારવા માતાના શરીરની બહાર નીકળી પોતાના સહપાઠીઓ જેઓ પણ બીજાં દૂર દૂરનાં સ્થળોએ પોતાની માતાઓના ગર્ભમાંથી બહાર નીકળેલા હોય છે એમની સાથે ગપસપ કરી લે છે. આમ છતાં ઈમરજન્સીમાં તે તરત જ પાછું આવી શકતું હોય છે. બહાર લટાર મારવાનો આશય બીજો એ પણ હોય છે કે તે અવકાશમાંથી ઉર્જા મેળવી પોતાનું નવસર્જન કરતું હોય છે.

૪૨. નાનાં બાળકોનાં સૂક્ષ્મ શરીર આ રીતે તેઓ છ વર્ષનાં થાય ત્યાં સુધી બહાર લટાર મારવા જતાં હોય છે.

૪૩. ઊંઘ દરમિયાન તથા બેભાન અવસ્થામાં પણ સૂક્ષ્મ શરીર સ્થૂળ શરીરની બહાર જતું હોય છે ને તે દૂર દૂર બીજા ગ્રહો સુધી જઈ ત્યાં શિક્ષણ મેળવતું હોય છે.

૪૪. યોગ્ય કાળ પાકતાં એક બાળક તરીકે જીવાત્મા જન્મ પામે છે. માતાના સુખરૂપ ગર્ભાશયનું સ્થળ છોડી તેને ઘોંઘાટ અને ઝગારા મારતા તેજવાળા જગતમાં આવતાં અને એને ઊંધે લટકાવી પીઠ પર થપાટ મારતાં તે ચીસાચીસ કરી મૂકે છે. ને આ જ વખતે એ પેલી પોતાના જીવનની સીડીની વિગતો ભૂલી જાય છે.

૪૫. તમે એ ભૂલી ગયા છો કે જેનાથી તમે અસંતુષ્ટ છો-દુઃખી છો એવો તમારો પતિ કે પત્ની, ભાઈ કે બહેન કે બીજી કોઈ અંતરંગ વ્યક્તિને તમે એ સ્વરૂપે જ પસંદ કરીને આવેલા છો જેથી તમારો આત્મિક વિકાસ થાય.

૪૬. તમારી એ ખૂબ નજીકની વ્યક્તિ તમારાથી વહેલી મૃત્યુ પામીને ચાલી જાય ને તેથી તમે જે એકલવાયું દુઃખી જીવન ગાળો છે એ પૂર્વથી નિર્ધારિત કરી તમે આવેલા હો છો.

૪૭. તમારી મુશ્કેલીઓ અને દુઃખો માટે બીજાઓને દોષ ન દો, કારણ એ બધું તમે તમારા પોતાના આત્મિક વિકાસ માટે અગાઉથી જાતે નક્કી કરીને આવેલા હો છો.



૪૮. સૂક્ષ્મ શરીરથી આપણે બ્રહ્માંડના બીજા ગ્રહો ઉપર ઊંઘ દરમિયાન અથવા યોગસાધનામાં હોઈએ ત્યારે જતા હોઈએ છીએ ને ત્યાંની પરિસ્થિતિનો અભ્યાસ કરી શીખતા હોઈએ છીએ. જ્યાં સુધી પૂર્ણતા પ્રાપ્ત ન કરીએ ત્યાં સુધી આ પ્રવાસોની યાદ આપણને રહેતી નથી, પણ આપણા મગજના સ્મૃતિ ભંડારમાં તે નોંધાયેલી તો રહે જ છે.

૪૯. સાધના કરતાં કરતાં આત્મ સાક્ષાત્કાર થતાં એ સ્મૃતિ ભંડારનાં તાળાં ખુલી જાય છે ને આપણે જાણીએ છીએ કે આપણે બ્રહ્મ જ છીએ - સર્વજ્ઞ-સર્વ વ્યાપ્ત-સર્વ શક્તિમાન ને તેથી જ કોઈ મુક્ત પુરૂષ બોલી ઉઠે છે કે હું સર્વત્ર વ્યાપ્ત છું.

૫૦. આપણા મગજમાં પૂર્વ જન્મની સ્મૃતિઓનો જે ભંડાર છે એનાં તાળાં આત્મા પાસે ખોલાવી મનોચિકિત્સક આપણા ભૂતકાળમાં બનેલા ગંભીર પ્રકારના બનાવો સુધી આપણને દોરી જાય છે. તે બનાવ બનતો આપણે જોઈએ છીએ ને એનાથી આપણી સ્મૃતિમાં એણે જ અમીટ છાપ પાડી છે તે પણ જોઈ શકીએ છીએ. મનોચિકિત્સક પ્રતિક્રમણની પદ્ધતિથી એ પ્રસંગ સાથે સંકળાયેલી વ્યક્તિઓની ક્ષમા મંગાવે છે ને પરિણામે એ ગંભીર બનાવની સ્મૃતિ સાવ ભૂંસાઈ જાય છે. પરિણામે એ સ્મૃતિને લીધે આપણામાં જે ભય, મનોવિકૃતિઓ, શારીરિક ખોડખાંપણ ઉભાં થયેલાં હોય છે તેની વિસ્મૃતિ થઈ જાય છે ને રોગ દૂર થઈ જાય છે.

૫૧. પણ મનોચિકિત્સક કાંઈ અનેક જન્મોની ભૂલો ન ધોઈ શકે. એ માટે તો આપણે જ પ્રયાસો કરવા પડે ને તે માટેના અનેક માર્ગ છે - કર્મ યોગ, ભક્તિ યોગ - અકર્મ માર્ગ વગેરે વગેરે. ને આ માર્ગોમાંથી કોઈ એક માત્ર વડે સાધના કરતા કરતા તમે જેમ જેમ આગળ વધતા જાઓ છો તેમ તેમ તમારી સ્મૃતિઓ નાશ પામતી જાય છે ને અંતે સાવ નાશ પામે છે - ભસ્મ થાય છે. એ છે તમારી મુક્તિ, એ છે આત્મ સાક્ષાત્કાર, એ છે બ્રહ્મ સાથેનું તમારું પુનર્મિલન.

# લેખકનો પરિચય



**માઈકલ ન્યુટન :**

૧૯૫૧માં જન્મેલા ડૉ. માઈકલ ન્યૂટન કાઉન્સેલિંગ સાયકોલોજીમાં ડૉક્ટરેટ થયેલા છે. તે માન્ય થયેલા માસ્ટર હિપ્નોથેરાપિસ્ટ છે અને અમેરિકન કાઉન્સેલિંગ એસોસીએશનના સભ્ય છે. તેઓ શૈક્ષણિક સંસ્થાઓમાં અધ્યાપક છે અને લોસ એન્જલસમાં ખાનગી સેવા આપવામાં પણ સક્રિય છે. ડૉ. ન્યુટને પોતાની ઈન્ટેન્સિવ એઈજ રિગ્રેસન ટેકનિક વિકસાવી છે જે હિપ્નોસિસના વિષયોને પૂર્વ જન્મોની સ્મૃતિની પાર લઈ જઈને બે જન્મો વચ્ચેના ગાળામાં આત્માના અનુભવને સમજવામાં અસરકારક સાબિત થઈ છે. તેમણે સ્પિરિચ્યુઅલ હિપ્નોટિક રિગ્રેસનના ઉપયોગ દ્વારા મૃત્યુ પછીના જીવનનો ભેદ ઉકેલવામાં પાયાનું કામ કર્યું છે.

તેમણે The Newton Institute for Life Between Lives Hypnotherapy (TNI) નામની સંસ્થાની સ્થાપના કરી છે અને ૨૦૦૨ થી ૨૦૦૫ સુધી તેના પ્રથમ પ્રમુખ રહેલા. તેઓ ૫૦ વર્ષથી હિપ્નોથેરાપિસ્ટ તરીકે અને ૪૦ વર્ષથી Life Between Lifeના થેરાપિસ્ટ તરીકે સેવાઓ આપી રહ્યા છે.

તેમના કેટલાક પ્રસિદ્ધ પુસ્તકો નીચે મુજબના છે. જેમના ૨૫થી વધુ ભાષાઓમાં ભાષાંતર થયેલા છે.

1. Memories of the Afterlife : Life Between Lives, Stories of Personal Transformation.
2. Journey of Souls : Case Studies of Life Between Lives (1994)
3. Destiny of Souls : New Case Studies of Life Between Lives (2000) and Life Between Lives Hypnotherapy (2004) published by Liewellyn
4. Memories of the Afterlife (2009)
5. Life Between Life Hypnotherapy for Spiritual Regression.



# અનુવાદકનો પરિચય



| | | |
|---|---|---|
| **અનુવાદકનું નામ** | : | કરશનભાઈ માધવભાઈ પટેલ |
| **જન્મ તારીખ** | : | ૨૪-૧૨-૧૯૩૨ |
| **અભ્યાસ** | : | ડિપ્લોમા ઈલેક્ટ્રીકલ એન્જિનિયરિંગ, બી.ઈ. મિકેનિકલ,<br>બી.એસ. ઈન્ડસ્ટ્રિયલ એન્જિનિયરિંગ (અમેરિકા) |
| **સંપર્ક** | : | એ-૬૧, ચંદ્રમણિ સોસાયટી, યુનિવર્સિટી રોડ,<br>ધરતી નમકિન સામે, ભટાર, સુરત-૩૯૫૦૦૭.<br>મો. ૯૮૨૫૧૪૯૫૯૮.<br>email : karsan patel12003@yahoo.co.in |
| **વ્યવસાય** | : | **ખેતીવાડી** |
| **અનુભવ** | : | વિદ્યાર્થી અને શિક્ષક તરીકે : ૩૦ વર્ષ<br>એન્જિનિયર તરીકે : ૧૦ વર્ષ<br>વ્યવસાયિક તરીકે : ૨૩ વર્ષ<br>ખેડૂત તરીકે : ૧૬ વર્ષ |
| **પુસ્તકો પ્રસિદ્ધ** | : | સાતેક પુસ્તકોના અનુવાદો |
| **રસના વિષયો** | : | ઈતિહાસ, અધ્યાત્મ, ગૂઢ વિદ્યા, બાયો ટેકનોલોજી |

કિંમત : રૂા. ૨૫.૦૦*

- વર્ષ દરમિયાન કુલ ૧૨ અંકો (છ અંક અને છ પુસ્તિકાઓ.)
- લવાજમ વર્ષ માટે વિકલ્પ : જુલાઈથી જુન કે જાન્યુઆરીથી ડિસેમ્બર.
- લવાજમ : વાર્ષિક રૂા. ૨૫૦/- ૩ વર્ષ : રૂા. ૭૦૦/-
  ૫ વર્ષ : રૂા. ૧૨૦૦/- આજીવન : રૂા. ૭૦૦૦/-
  વિદેશ લવાજમ : વાર્ષિક રૂા. ૧૨૫૦/- ૫ વર્ષ માટે રૂા. ૬,૦૦૦/-

''વિચારવલોણું પરિવાર'' નું વાર્ષિક લવાજમ આપના વિસ્તારમાં આવેલી દેના બેંકમાં ડાયરેક્ટ જમા કરાવી શકો છો. (ચેક **''વિચારવલોણું પરિવાર''** ના નામનો લખવો, શાખાઃ **લો-કોલેજ રોડ, અમદાવાદ**, સેવિંગ્ઝ ખાતા નં. **૦૫૪૯૧૦૦૦૨૫૨૨**માં જમા કરાવવો) રકમ જમા કરાવ્યા બાદ તેની બેંકની અસલ રિસીપ્ટ વિચારવલોણું પરિવાર, અમદાવાદની ઓફિસમાં નીચે જણાવેલ સરનામે મોકલી આપવી. ઈન્ટરનેટ બેંકિંગ માટે અમારો IFSC No. BKDN0110549 છે.

મનીઓર્ડર તથા બેંક ડ્રાફ્ટ દ્વારા પણ લવાજમ અમદાવાદની ઓફિસે મોકલી શકાય છે.

ઓફિસ સમય : **૧૧.૦૦ થી ૬.૦૦**

**સ્થાપક :** **સુરેશ પરીખ**
આલાપ બંગ્લોઝ, સંજય સોસાયટી, ફોન : ૯૭૨૬૩૬૬૭૦૪
ઉમરા જકાત નાકા પાસે, સુરત-૩૯૫ ૦૦૭

**પ્રકાશક :** મુનિ દવે ફોન : ૦૭૯-૨૬૭૫૧૩૫૭
**વ્યવસ્થાપક :** વિજય બરફીવાલા ફોન : ૦૭૯-૩૦૧૨૨૭૩૬
૪૦૬, વિમૂર્તિ કોમ્પલેક્ષ, ઓક્ષફર્ડ ટાવર સામે, ગુરુકુળ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૫૨.
E-mail : vicharvalonun@yahoo.co.in Web: www.vicharvalonu.com

**કોમ્પ્યુટર ટાઈપ સેટિંગ :** અનુરાજ ગ્રાફિક્સ ફોન : ૯૮૯૮૦ ૩૮૪૫૨
**મુદ્રણ :** શ્રી ગણેશ ઓફસેટ શુભલાભ એસ્ટેટ, તાવડીપુરા, શાહીબાગ, અમદાવાદ
**આવરણ ડિઝાઈન :** નિર્મલ સરતેજા

**સંપાદક ગણ**

**તરુણ શાહ** બી-૧/૯, અગ્રવાલ ટાવર્સ, સોલા રોડ, અમદાવાદ-૩૮૦ ૦૬૧ ફોન : ૯૪૨૬૩ ૮૩૦૦૮
**પ્રજ્ઞા પટેલ** આત્મન્, ૧૬૮૭/૧, સેક્ટર-૨ ડી, ગાંધીનગર-૩૮૨૦૦૨. ફોન : (૦૭૯) ૨૩૨૨૮૮૩૩
**નિરંજન શાહ** 'સ્મૃતિ', કલ્યાણ સોસાયટી, મીઠાખળી, અમદાવાદ-૩૮૦ ૦૦૬ ફોન : (૦૭૯) ૨૬૪૪૧૬૫૯
**મુનિ દવે** ૮૦૪, સગુન પેલેસ, શિવરંજની ચાર રસ્તા, અમદાવાદ-૩૮૦ ૦૧૫ ફોન : (૦૭૯) ૨૬૭૫૧૩૫૭

Mrutyu Pachhi Aatmani Sthiti by Dr. Michael Newton, Sanklan Karta - Karsan Patel

* આ પુસ્તિકાની છૂટક કિંમત રૂા. ૩૫/- રહેશે.



# વિચારવલોણું પરિવાર

વીસમી સદીમાં વિજ્ઞાન અને ટૅકનોલોજીનો ખૂબ વિકાસ થયો. તેમાંયે છેલ્લાં પચ્ચીસેક વર્ષમાં ટૅકનોલોજી આપણા જીવનનાં દરેક ક્ષેત્રોમાં પ્રસરી ગઈ છે, એણે જીવનની ગતિને આપણી જાણ બહાર વધારી દીધી છે. આપણી પાસે હજારેક વર્ષની જીવંત સાંસ્કૃતિક પરંપરા છે, જેની અસર આપણા વિચારોમાં, વર્તનમાં અનાયાસ ડોકાયા કરે છે. ઉપરાંત વિકસિત દેશોની અસરથી પણ આપણે મુક્ત નથી.

આપણી આજની મથામણ છે આ પરંપરા, વિજ્ઞાન અને ટૅકનોલોજી અને વિદેશી અસર, આ બધા વચ્ચે મેળ બેસાડી સ્વસ્થ રીતે જીવવું. 'વિચારવલોણું પરિવાર' એવા લોકોનો પરિવાર છે, જેના પ્રયાસો છે કે -

- વૈજ્ઞાનિક અભિગમ સાથે જીવનની જરૂરિયાતો અને પ્રશ્નોને ઓળખીએ, સમજીએ અને 'આજ'ના સત્યની શોધનો પ્રયાસ કરીએ.
- નવા વિચારોને, નવાં અર્થઘટનોને સાંભળવાની, સમજવાની, સ્વીકારવાની ક્ષમતા કેળવીએ.
- કોઈ વ્યક્તિ-વિચારધારાના ચોકઠામાં બંધાઈ ન જવાની સજાગતા રાખીએ.
- વિરોધી વિચારને ઉગ્રતા વગર સાંભળવાની, સમજવાની ધીરજ રાખીએ.
- આપણને ગમતા વિચારોના પ્રચારક ન બનતાં પ્રસારક બનીએ.
- સર્વગ્રાહી, માનવકેન્દ્રી વિચારોને આચરણમાં મૂકી એની કસોટી કરતા રહીએ.
- પોતાની વાત રજૂ કરતી વખતે વિચારશુદ્ધિની, ભાષાના યોગ્ય ઉપયોગની, અનાગ્રહની અને બિનજરૂરી વિસ્તારના જોખમની કાળજી રાખીએ.
- વિશ્વસમસ્તમાં ઊઠતાં વિચારવમળોથી અવગત રહીને એને સમજવા પ્રયત્નશીલ રહીએ.
- અવિરત ચાલતી આ વિચારવલોણાની પ્રક્રિયામાં વધુ ને વધુ લોકોને સહજ સામેલ કરીએ.
- સૌંદર્યદૃષ્ટિ કેળવીએ.
- વ્યક્તિગત આગ્રહો છોડીને સમૂહમાં સ્વસ્થપણે જીવવા પ્રયત્ન કરીએ.
- પ્રકૃતિને પ્રેમ કરતા એને માણતા શીખીએ અને આપણા પર્યાવરણનું જતન, સંવર્ધન કરીએ.

**આપ સર્વેને આ પરિવારમાં જોડાવાનું આમંત્રણ છે.**